
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 28 જુલાઈ 2026 મંગળવાર
વિક્રમ સંવત 2082, અષાઢ સુદ -14
વર્ષ : 18
અંક : 29
તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. 2.00
પાના : 8
» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ટ્રમ્પે કહ્યું- અમેરિકા પાસે હથિયારોની ખોટ નથી: ઈરાનને ફરી ધમકી આપી, ખાર્ગ આઈલેન્ડ પર હુમલાની AI....

4

સંસદના સત્રો ખોરવાતા એક દાયકામાં પ્રજાના 3300 કરોડ વેડફાયા

6

ક્રોશેથી સાટિન : બોલિવૂડ હીરાઈનો દ્વારા ક્લાસિક બંડાનાને નવો સ્ટાઈલિશ અવતાર

7

વિરાટ-અનુષ્કાએ મુંબઈમાં ખરીદ્યું વધુ એક આલીશાન ઘર: ₹18.29 કરોડમાં પોશ એરિયામાં કપલે એપાર્ટમેન્ટ લીધો

# ખુલશે રોજગારીની નવી તકો: ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને બૂસ્ટર ડોઝ, 9 શહેરમાં 2,999 કરોડના 32 મોટા પ્રોજેક્ટ્સ મંજૂર

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં 32 મોટા પ્રોજેક્ટ્સ, ટેક્સટાઈલ એકમો અને ચાર ઈન્ડસ્ટ્રિયલ પાર્કને લીલી ઝંડી અપાઈ

**ગાંધીનગર, તા.27**

મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને રોજગારી નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરતા ગુજરાત સરકારે આજે સોમવારે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ હેઠળ રૂ.૨,૯૯૯ કરોડથી વધુના રોકાણ ધરાવતા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય કમિટીઓની શ્રેણીબદ્ધ બેઠકો દરમિયાન આ પ્રોજેક્ટ્સને લીલી ઝંડી આપવામાં આવી હતી.

ગુજરાતને સામાજિક-આર્થિક વિકાસની દિવાદાંડી અને વિશ્વના સૌથી આકર્ષક રોકાણ સ્થાનોમાંથી એક બનાવવાના વિઝન સાથે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રિઝ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના રાજ્યમાં સ્થાપિત થતા પાત્રતા ધરાવતા ઉદ્યોગોને નેટ એસ.જી.એસ.ટી. રિફંડ/સહાય આપે છે.

આ નીતિએ અત્યાર સુધીમાં ગુજરાતભરમાં રૂ.૧૪૮,૩૩૬.૩૫ કરોડના રોકાણને આકર્ષિત કર્યું છે અને ૧,૬૫,૦૫૩ સીધી રોજગારીનું સર્જન કર્યું છે. આ રોકાણોએ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)ના વિકાસને પણ ઝડપી બનાવ્યો છે, જેનાથી રાજ્યમાં ઉદ્યોગ-અનુકૂળ ઈકોસિસ્ટમ તૈયાર થઈ છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મોટા પાયે રોકાણ આકર્ષીને અને નવા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને પ્રોત્સાહિત કરીને ગુજરાતને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજી અને ઈનોવેશન ક્ષેત્રે અગ્રેસર બનાવવાનો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને આજે ૨૭ જુલાઈ ૨૦૨૬ના રોજ મોટા ઉદ્યોગોને ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવા માટેની સમિતિની બેઠક મળી હતી. આ કમિટીએ રૂ ૧,૯૭૭.૦૪ કરોડના કુલ મૂડીરોકાણ ધરાવતી ૩૨ અરજીઓને મંજૂરી આપી હતી, જેનાથી અંદાજે ૪,૭૩૯ સીધી રોજગારી ઊભી થવાની ધારણા છે.

### જિલ્લાવાર મંજૂર થયેલું રોકાણ

અમદાવાદ: ઓટોમોબાઈલ, મેટલ, સિમેન્ટ અને કોંક્રીટ ક્ષેત્રે રૂ. ૫૨૮.૪૯ કરોડ
કચ્છ: મેટલ સેક્ટરમાં રૂ. ૩૩૨.૭૧ કરોડ
ગાંધીનગર: મેટલ સેક્ટરમાં રૂ. ૩૫.૪૧ કરોડ
ભરૂચ: મેટલ સેક્ટરમાં રૂ. ૧૨.૨૬ કરોડ
મહેસાણા: પ્લાસ્ટિક અને મેટલ સેક્ટરમાં રૂ. ૩૦૧.૧૬ કરોડ
મોરબી: સિરામિક, કેમિકલ, પેપર અને પ્લાસ્ટિક સેક્ટરમાં રૂ. ૪૮૦.૧૬ કરોડ
વડોદરા: કેમિકલ સેક્ટરમાં રૂ. ૧૦૨.૯૪ કરોડ
સાબરકાંઠા: સિરામિક સેક્ટરમાં રૂ. ૧૧૦.૪૨ કરોડ
સુરત: ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ અને મેટલ સેક્ટરમાં રૂ. ૭૪.૪૯ કરોડ

મોટા ઉદ્યોગો અને થ્રસ્ટ સેક્ટર યોજના માટેની કેપિટલ સબસિડી હેઠળ અરજીઓ પર વિચારણા કરવા માટે પણ કમિટીની બેઠક યોજાઈ હતી. સમિતિએ રૂ. ૬૪૯.૨૩ કરોડના રોકાણ ધરાવતા ૧ પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેનાથી અંદાજે ૮૭૧ સીધી રોજગારીનું સર્જન થશે. આ પ્રોજેક્ટ ગુજરાતની ઔદ્યોગિક ઈકોસિસ્ટમને વધુ મજબૂત કરશે અને સીધી તથા આડકતરી રોજગારીમાં વધારો કરશે.

ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત કરવા માટેની સહાય યોજના-૨૦૧૯ હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાની એમ્પાવર્ડ કમિટીની ૭મી બેઠક યોજાઈ હતી.

કમિટીએ ૩ ટેક્સટાઈલ એકમો માટે સહાય મંજૂર કરી હતી, જે કુલ મળીને રૂ. ૧૬૫ કરોડનું રોકાણ લાવશે અને અંદાજે ૫૦૦ પ્રત્યક્ષ રોજગારીનું સર્જન કરશે. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા એકમોને વ્યાજ સહાય અને પાવર ટેરિફ સહાય મળે છે. સરકારે જણાવ્યું હતું કે, આ ત્રણ એકમોને આગામી પાંચ વર્ષમાં રૂ. ૫૦ કરોડથી વધુની સહાય મળશે.

આ ઉપરાંત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ રાજ્ય સરકારે ઔદ્યોગિક પાર્ક સહાય યોજના અંતર્ગત ૪ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. ઈન્ડસ્ટ્રિયલ પાર્કના વિકાસ માટે આ પ્રોજેક્ટ્સમાં કુલ રૂ.૩૭૧.૭૦ કરોડથી વધુનું રોકાણ થશે, જે ગુજરાતના ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત કરશે.

આ બેઠકમાં ઉદ્યોગ રાજ્યમંત્રી ડો. જયરામભાઈ ગામીત, અધિક મુખ્ય સચિવો જયંતી રવી, ટી. નટરાજન, મમતા વર્મા સહિતના ઉચ્ચ આઈ.એ.એસ. અધિકારીઓ અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સંદિપ એન્જિનીયર ઉપસ્થિત રહ્યા હતા.

## પરીક્ષા સુધારણા બિલ પર ચર્ચા ન થઈ, વિપક્ષનો હોબાળો: વિદ્યાર્થીઓ સાથે મારપીટના મુદ્દે વિપક્ષ ચર્ચા પર અડગ

**નવી દિલ્હી, તા.27**



વિપક્ષના હોબાળાને કારણે લોકસભામાં પરીક્ષા સુધારણા બિલ પર બપોરે 2 વાગ્યે ચર્ચા શરૂ થઈ શકી નહીં. કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદો વેલમાં પહોંચી ગયા. વિદ્યાર્થીઓની મારપીટના મામલે ચર્ચાની માગ કરવા લાગ્યા. સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષી સાંસદોને કહ્યું કે તમે ચર્ચા નથી ઈચ્છતા. ત્યારબાદ 5 મિનિટ સુધી હોબાળો ચાલુ રહ્યો. સ્પીકરે કહ્યું કે હું સાંજે 5 વાગ્યા સુધીનો સમય આપું છું. સરકાર અને વિપક્ષી સાંસદો સહમતિ બનાવીને આવે. આ પહેલાં લોકસભા 12 વાગ્યે, 2 વાગ્યે અને પછી સાંજે 5 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યસભાની પણ આવી જ સ્થિતિ રહી. સદનને 2 વાર સ્થગિત કરવામાં આવ્યું. સવારે 11 વાગ્યે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે સદનમાં પેપર લીક સંબંધિત લોક પરીક્ષા સુધારણા બિલ રજૂ કર્યું હતું.

બીજી તરફ, પૂર્વ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામા બાદ સોમવારે પહેલીવાર સંસદ પહોંચ્યા. NDA સાંસદોએ તેમને શાલ અને મિથિલા પાઘ પહેરાવી સન્માનિત કર્યા અને સંસદ ભવનની અંદર સુધી લઈ ગયા. સાંસદોએ 'ધર્મેન્દ્ર પ્રધાન ઝિંદાબાદ'ના નારા પણ લગાવ્યા. પ્રધાને NEET પેપર લીક વિવાદ વચ્ચે 25 જુલાઈએ રાજીનામું આપ્યું હતું. કેન્દ્ર સરકાર 2024 માં બનેલા કાયદામાં ફેરફાર કરવા માટે સુધારા બિલ લાવી છે. તેમાં પેપર લીકના આરોપીઓ માટે વધુ કડક સજા અને દંડની જોગવાઈ છે. રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વિશેષ ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાનો અધિકાર મળશે, જ્યાં કેસોની રોજ સુનાવણી થશે. આ કાયદો કેન્દ્ર સરકાર અને તેની એજન્સીઓ દ્વારા આયોજિત જાહેર પરીક્ષાઓ પર લાગુ પડશે. તેમાં UPSC, SSC, રેલવે ભરતી, બેંકિંગ ભરતી પરીક્ષાઓ, NTA અને અન્ય કેન્દ્રીય ભરતી અને પ્રવેશ પરીક્ષાઓ સામેલ છે.




લોકસભામાં LoP રાહુલ ગાંધી, કોંગ્રેસના સાંસદો કેસી વેણુગોપાલ, પ્રિયંકા ગાંધી વાડ્રા, ઈમરાન પ્રતાપગઢી, સંજના જાટવ, સમાજવાદી પાર્ટીના સાંસદો અખિલેશ યાદવ, ધર્મેન્દ્ર યાદવ, TMC સાંસદ મહુઆ મોઈત્રા અને અન્યોએ નવી દિલ્હીમાં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિરોધ પ્રદર્શન કર્યું.

## NEET કેસ- ફાસ્ટ ટ્રેક કોર્ટમાં પહેલાં દિવસે સુનાવણી ટળી: CBI તરફથી કોઈ વકીલ પહોંચ્યા નહીં, આરોપીઓના જામીન પર 3 ઓગસ્ટે સુનાવણી

**નવી દિલ્હી, તા.27**

નીટ પેપર લીક કેસમાં રાઉઝ એવન્યુની સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સોમવારે પહેલાં જ દિવસે સુનાવણી ટળી ગઈ. સુનાવણી દરમિયાન CBI તરફથી કોઈ સરકારી વકીલ હાજર નહોતા. ત્યારબાદ કોર્ટે ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનને CBIનો પક્ષ રજૂ કરવા માટે સરકારી વકીલ નિયુક્ત કરવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે આરોપી દિનેશ બિવાલ અને વિકાસ બિવાલની જામીન અરજી પર સુનાવણી 3 ઓગસ્ટ સુધી મુલતવી રાખી. આરોપીઓ તરફથી વકીલ એપી સિંહ હાજર રહ્યા હતા.



આ પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, 2024 હેઠળ બનેલી સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં આ કેસની પ્રથમ સુનાવણી હતી. હવે NEET પેપર લીક સંબંધિત તમામ કેસોની સુનાવણી આ જ કોર્ટમાં થશે. પીએમ મોદીએ 23 જુલાઈએ પેપર લીક કેસને લઈને પોતાની પ્રથમ સોશિયલ મીડિયા પોસ્ટમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ્સ બનાવવાની જાહેરાત કરી હતી. 23 જુલાઈ અને 26 જુલાઈએ પીએમએ સોશિયલ મીડિયા પર બે વીડિયો મેસેજ જાહેર કર્યા હતા. બંનેમાં તેમણે કહ્યું હતું કે દોષિતો પર કાર્યવાહી માટે અમે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવી છે. NEET પેપર લીક કેસમાં CBI એ અત્યાર સુધીમાં 13 આરોપીઓની ધરપકડ કરી છે. તમામ આરોપીઓ 6 ઓગસ્ટ સુધી ન્યાયિક કસ્ટડીમાં છે. આ કેસમાં 12 મેના રોજ એક સરકારી અધિકારીની ફરિયાદ પર BNS, પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ અને પરીક્ષામાં અયોગ્ય સાધનોના ઉપયોગ સંબંધિત કલમો હેઠળ FIR નોંધવામાં આવી હતી. એજન્સીના જણાવ્યા અનુસાર, પેપર લીકનું નેટવર્ક શુભમ ખૈરનાર, યશ યાદવ, માંગીલાલ બિન્વાલ, વિકાસ બિન્વાલ અને દિનેશ બિન્વાલ સુધી ફેલાયેલું હતું. તપાસમાં માંગીલાલના મોબાઈલ ફોનમાંથી લીક થયેલું પેપર મળી આવ્યાનો દાવો કરવામાં આવ્યો છે.

## પ્રદર્શન પર પોલીસની બર્બરતા અયોગ્ય: સુપ્રીમ કોર્ટે કહ્યું- આંદોલન એક બંધારણીય અધિકાર, પ્રોટોકોલ નક્કી થાય, પોલીસ સાથે મારઝૂડ પણ ચિંતાજનક

**નવી દિલ્હી, તા.27**

સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે શાંતિપૂર્ણ પ્રદર્શન કરવું એ એક બંધારણીય અધિકાર છે, જેને છીનવી શકાય નહીં. ફક્ત પ્રદર્શન કે આંદોલન થવાના આધારે પોલીસની ક્રૂરતા કે વધુ પડતી કડકાઈને યોગ્ય ઠેરવી શકાય નહીં.20 જુલાઈએ જંતર-મંતર પર પોલીસ લાઠીચાર્જ સંબંધિત અરજીઓ પર સુનાવણી કરતા CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી મોહનાની બેન્ચે કહ્યું કે પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓ પર હુમલા થવા એ ચિંતાની વાત છે અને સરકાર પાસેથી આ અંગે જવાબ માંગી શકાય છે. હવે કોર્ટ મંગળવારે આ તમામ અરજીઓ પર એકસાથે સુનાવણી કરશે. આ અરજીઓમાં આરોપ છે કે NEET પેપર લીક અને શિક્ષણ મંત્રીના રાજીનામાને લઈને પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે અત્યાચાર કર્યો. આ અરજીઓ 20 જુલાઈએ કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સંસદ માર્ચ સાથે સંબંધિત છે.

કોકરોચ જનતા પાર્ટીએ 20 જુલાઈએ જંતર-મંતરથી સંસદ સુધી કૂચ કરી હતી. સવારે 8 થી સાંજે 5 વાગ્યા સુધી ચાલેલા પ્રદર્શનમાં પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘણી વખત અથડામણ થઈ હતી.

કેટલાક પ્રદર્શનકારીઓએ બેરિકેડ તોડ્યા, સંસદ તરફ કૂચ કરી. આ લોકો જંતર-મંતરથી સંસદ માર્ગ, જનપથ ચોક, વોર મેમોરિયલ, કર્તવ્ય પથ, વિજય ચોક થઈને સંસદની નજીક પહોંચી ગયા હતા. આ લોકોએ સંસદમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ પોલીસે ટીયર ગેસના ગોળા છોડ્યા હતા. મોડી સાંજે પથ્થરમારાની તસવીરો પણ સામે આવી. આમાં 100થી વધુ લોકો ઘાયલ થયા. જોકે, પોલીસે સાંજે 5 વાગ્યા સુધીમાં જંતર-મંતર ખાલી કરાવી લીધું હતું. પરંતુ, રાત્રે લગભગ 11 વાગ્યે CJP સમર્થકો જંતર-મંતર પહોંચ્યા અને ફરીથી પ્રદર્શન શરૂ કરી દીધું હતું.

## સોનમ વાંગચુક હોસ્પિટલથી ડિસ્ચાર્જ થઈને રાજઘાટ પહોંચ્યા: બાપુને શ્રદ્ધાંજલિ આપી, તેમણે કહ્યું- હિંસાથી મામલો બગડે છે

**ગુરુગ્રામ, તા.27**

ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ સામાજિક અને પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુક સોમવારે ડિસ્ચાર્જ થયા. બપોરે 1:45 વાગ્યે હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ તેઓ તેમની પત્ની ડો. ગીતાંજલિ સાથે દિલ્હીના રાજઘાટ પહોંચ્યા અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી.

મીડિયા સાથે વાતચીતમાં સોનમ વાંગચુકે કહ્યું, 'હું દેશને જણાવવા માંગુ છું કે બાપુએ બતાવેલો માર્ગ આજે પણ એટલો જ સાચો અને સુસંગત છે, જેટલો 100 વર્ષ પહેલાં હતો. શાંતિપૂર્ણ આંદોલનને કારણે અમારી જીત થઈ છે. હિંસા થઈ હોત તો મામલો બગડી શકતો હતો. તેથી મેં સમય પહેલા ઉપવાસ સમાપ્ત કર્યા.'

વાંગચુક લદાખ સંબંધિત મુદ્દાઓ અને NEET પેપર લીકના વિરોધમાં દિલ્હીના જંતર-મંતર પર 26 દિવસ સુધી ઉપવાસ પર બેઠા હતા. દિલ્હી હાઈકોર્ટના આદેશ પર પોલીસે તેમને દિલ્હીની સફદરજંગ હોસ્પિટલ બાદ ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.



# સિંગણપોરમાં ખાનગી નક્ષત્ર સેફ વોલ્ટમાંથી લાખોની ચોરીની આશંકા

## લોકરધારકોનો સેફ વોલ્ટ પર લાઈનો લાગી, કેટલાંક લોકર ખાલી તો કેટલાંક સુરક્ષિત મળ્યા, માલિક સહિત 3ની પૂછપરછ

સુરત, તા.27

સુરતના સિંગણપોર ચાર રસ્તા પાસે આવેલા જાણીતા નક્ષત્ર સેફ વોલ્ટમાંથી ગ્રાહકોના કિંમતી સામાન, સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થઈ હોવાની વાત વાયુવેગે પ્રસરતાં સમગ્ર વિસ્તારમાં ભારે હોબાળો મચી ગયો છે. કેટલાક લોકરમાંથી માલસામાન ગાયબ હોવાની ચર્ચા ઊઠતાં જ સોના-ચાંદી અને રોકડ મૂકનારા લોકરધારકોના જીવ તાળવે ચોંટી ગયા હતા અને સેંકડો લોકો તાબડતોબ સેફ વોલ્ટ ખાતે પહોંચી ગયા હતા. આ ઘટનાની ગંભીરતાને જોઈને સિંગણપોર પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી બંદોબસ્ત ગોઠવી દીધો છે. પોલીસે નક્ષત્ર સેફ વોલ્ટના માલિક સહિત ત્રણની સામે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ચોરીના સમાચાર મળતાં જ લોકરધારકો પોતપોતાની ચાવીઓ લઈને પોતાના દાગીના અને રોકડ ચકાસવા સેફ વોલ્ટ પર દોડી આવ્યા હતા. જેને કારણે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અહીં આવીને તપાસ કરતા કેટલાક ગ્રાહકોના લોકર સુરક્ષિત મળી આવ્યા હતા, જ્યારે કેટલાક



ગ્રાહકોએ તેમના લોકરમાંથી કિંમતી સામાન અને રોકડ રકમ ગાયબ થઈ હોવાની ગંભીર ફરિયાદો કરી હતી. લોકરમાંથી રોકડા રૂપિયા, સોના-ચાંદીના દાગીના અને ડાયમંડ સહિત લાખો-કરોડો રૂપિયાની મત્તા ગાયબ થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે.

આ ઘટનાને પગલે સેફ વોલ્ટની બહાર ભારે ભીડ એકઠી થઈ જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે સિંગણપોર પોલીસનો કાફલો ઘટનાસ્થળે ગોઠવાઈ ગયો હતો. પોલીસે સ્થિતિ થાળે પાડવાની સાથે જ નક્ષત્ર સેફ વોલ્ટના માલિક સહિત ત્રણ લોકોની અટકાયત કરીને સિંગણપોર પોલીસ સ્ટેશન ખાતે તીવ્ર પૂછપરછ હાથ ધરી છે. આ મામલે પોલીસે સેફ વોલ્ટના સીસીટીવી ફુટેજ અને રજિસ્ટર કબજે કરીને ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી દીધી છે.

મોરડીયા રેખાબેન સંજયભાઈ (લોકર ધારક) એ જણાવ્યું હતું કે, મને ન્યૂઝ દ્વારા માહિતી મળી હતી કે સેફ લોકરમાં ખાતા ખોલ્યા છે અને ઘણું બધું સોનું ગાયબ થવાના સમાચાર છે. આ સાંભળીને અમે ગભરાઈ ગયા હતા, કારણ કે અમારું પણ સેફ લોકરમાં ખાતું હતું. એટલે અમે અહીં તરત જ ચાવી લઈને આવી પહોંચ્યા હતા. પરંતુ અહીં આવીને તપાસ કરતાં અમારું લોકર સંપૂર્ણ રીતે સુરક્ષિત મળી આવ્યું છે.

અન્ય એક લોકર ધારક સવાણી અજય વાલજીભાઈએ જણાવ્યું હતું કે, હું સુરતમાં ડભોલી ચાર રસ્તા પાસે રહું છું. સિંગણપોર ચાર રસ્તા ખાતે આવેલા નક્ષત્ર સેફ હાઉસમાં હાલમાં ગેરરીતિઓ અને લોચા-લબાચાવાળું બે નંબરનું કામકાજ ચાલી રહ્યું છે. મને બે દિવસ પહેલાં ખબર પડી જ્યારે હું મારું લોકર ખોલવા માટે આવ્યો હતો. ત્યારે મારું લોકર ખુલ્યું નહીં અને મને અહીંથી એવો રિસ્પોન્સ મળ્યો કે તમે બીજા દિવસે આવો, તમારું લોકર જામ થઈ ગયું છે અને તેને તોડવું પડશે.

વધુમાં જણાવ્યું હતું કે, આજે જ્યારે હું અહીં હાજર થયો ત્યારે ચોરીનો માહોલ છે અને ન્યૂઝ ફેલાયેલા છે. સંચાલક કે માલિકને ફોન કરવા છતાં કોઈ પ્રતિસાદ મળતો નથી. અહીં માત્ર એક સુરક્ષા ગાર્ડ બેઠેલા છે, જે બધાના લોકર ખોલી આપે છે અને લોકો પોતાના સેફ તપાસી રહ્યા છે. પરંતુ મારું લોકર ખુલતું નથી અને મને અહીંથી કોઈ યોગ્ય પ્રતિસાદ કે સહકાર મળ્યો નથી. આથી, હું અત્યારે પોલીસ સ્ટેશને મારી એફ.આઈ.આર. નોંધાવવા અને મારું નિવેદન રજૂ કરવા જઈ રહ્યો છું.

અન્ય એક લોકર ધારક નંદાબા રાજપૂતે જણાવ્યું હતું કે, આ સેફ ડિપોઝિટ લોકરમાં મારું અને મારા પતિનું લોકર આવેલું છે. અમે એમની બાજુની ગલીમાં જ રહીએ છીએ અને વિશ્વાસ રાખીને અહીં લોકર લીધું હતું, પણ એમણે અમારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. અમારું ઘણું બધું સામાન-પૈસા ગાયબ થઈ ગયા છે. આ લોકરમાં મારું અને મારા જમાઈનું સંયુક્ત નામ છે. અમને એવો મેસેજ મળ્યો હતો કે, લોકરમાં જે પણ સામાન હોય તે કાઢી જાઓ પરંતુ, મારે અને મારા દીકરા વચ્ચે મગજમારી થતાં મેં લોકરની ચાવી એને આપી દીધી હતી. હાલ મારો દીકરો વડોદરા છે. જ્યારે લોકર તપાસ્યું ત્યારે તેમાંથી રોકડ રકમ ગાયબ મળ્યા છે. અમે હજી સુધી આ અંગે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાવી નથી. જ્યારે અહીં પોલીસ આવશે ત્યારે જ અમે અમારી ફરિયાદ લખાવીશું.

# સો.મીડિયા ઈન્ફ્લુએન્સર કીર્તિ પટેલના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ભારતમાં પ્રતિબંધ

## 1.3 મિલિયનથી વધુ ફોલોઅર્સ હતા, ખંડણી, હત્યાના પ્રયાસ સહિત 10થી વધુ ગુના

સુરત, તા.27

સોશિયલ મીડિયાના માધ્યમથી હંમેશામાં વિવાદમાં રહેતી કીર્તિ પટેલ સામે સરકાર તરફથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. 1.3 મિલિયન ફોલોઅર્સ ધરાવતા કીર્તિ પટેલના ઈન્સ્ટાગ્રામ પરના મુખ્ય ID સિવાયના અન્ય એકાઉન્ટ્સ પર ભારતમાં પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. કીર્તિ પટેલ સામે હત્યાના પ્રયાસ, ખંડણી, ધાકધમકી સહિતના 10થી વધુ ગુના નોંધાઈ ચૂક્યા છે અને જેલની હવા પણ ખાઈ ચૂકી છે.

કીર્તિ પટેલ સામે અત્યાર સુધીમાં 10થી વધુ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, જેમાં સોશિયલ મીડિયા પર લોકોને ધમકી આપવી અને બદનામ કરવા જેવા ગંભીર કેસોનો સમાવેશ થાય છે. તાજેતરમાં સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં એક મહિલા સરપંચ અને તેમના પતિને સોશિયલ મીડિયા પર બદનામ કરવાનો ગુનો દાખલ થયો હતો. આ કેસ બાદ કીર્તિ પટેલે પુણા પોલીસ સ્ટેશનની બહાર ભારે બૂમબરાડા પાડીને હંગામો મચાવ્યો હતો અને તેનો પણ વિડીયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો.

પોલીસ અને વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, કીર્તિ પટેલ દ્વારા સતત સોશિયલ મીડિયાના માધ્યમથી અન્યોને બદનામ કરવાના કેસો સામે આવી રહ્યા



હતા. અલગ-અલગ ગુનાઓ અને ફરિયાદોને આધારે પ્લેટફોર્મ ઓનર 'મેટા'ને સત્તાવાર રિપોર્ટ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટ બાદ મેટા દ્વારા કડક કાર્યવાહી કરીને કીર્તિ પટેલના IDને ભારત દેશ પૂરતું બેન કરી દેવામાં આવ્યું હોવાની શક્યતા છે.

કીર્તિ પટેલના ઈન્સ્ટાગ્રામ પરના બે ID પર ભારતમાં પ્રતિબંધ મૂકી દેવામાં આવતા કીર્તિએ નવી ID બનાવી કટાક્ષ કરતા કહ્યું હતું કે, હું યુ.કે., લંડન, કેનેડા, યુએસએ, દુબઈ... આઈ એમ ફોરેનર ભૂરી, યુ નો!' તેણે પોતાના લોકેશન અંગે સ્પષ્ટતા કરતાં ઉમેર્યું કે, હું એક ભારતીય નાગરિક છું, પરંતુ અત્યારે ભારતમાં હોવા છતાં પણ ઈન્ડિયાના લોકેશન પર નથી. હું અત્યારે એક રીતે ફોરેનર જેવી લાઈફ જીવી રહી છું. તમે મને ભારતમાંથી એક પ્રકારે વિદેશ મોકલી દીધી હોય તેવું લાગે છે, તે બદલ તમારો આભાર!

પોતાના વિરોધીઓ સામે આક્રમક વલણ અપનાવતા કીર્તિ પટેલે ખુલ્લી ચીમકી આપતા કહ્યું કે, હવે હું રાત-દિવસ એક કરી દઈશ અને 24 કલાક સોશિયલ મીડિયા પર સક્રિય રહીશ. 24એ 24 કલાક હું લાઈવ આવીને ધમાકો\ બોલાવીશ, કેમ કે તમે મને શાંત રહેવા ન દીધી અને હવે મારે ચૂપ રહેવું નથી.

### ગેરેજની આડમાં દારૂનું કટિંગ ઝડપાયું

# ઓફિસના ભોંયતળિયામાં ચોરખાનું બનાવી સંતાડેલો જથ્થો પકડાયો, 16.42 લાખના મુદ્દામાલ સાથે 3 દબોચાયા, બે ફરાર

સુરત, તા.27

સુરતના લસકાણા વિસ્તારમાં આઉટર રિંગરોડ પર આવેલા એક ગેરેજમાંથી પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. સરદાર ચોક પાસે, ખાખી ભજીયાની બાજુમાં આવેલા અલ્પેશભાઈના ગેરેજના પતરાના શેડમાં દારૂની હેરાફેરી અને કટિંગ ચાલતું હતું. આરોપીઓએ દારૂનો જથ્થો છુપાવવા માટે ઓફિસના ભોંયતળિયામાં ખાસ ચોરખાનું પણ બનાવી રાખ્યું હતું. લસકાણા પોલીસની સર્વેલન્સ ટીમે દરોડો પાડીને સ્થળ પરથી રૂ. 3.42 લાખથી વધુની કિંમતનો દારૂ-બીયરનો જથ્થો, બે કાર અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. 16.42 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. લસકાણા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.બી. ઝાલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ એન.આર. પટેલ અને તેમની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ હિંમતસિંહ દિનેશભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે



અલ્પેશભાઈના ગેરેજમાં દારૂનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે અને તેની હેરાફેરી થઈ રહી છે. બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખી તુરંત જ દરોડો પાડ્યો હતો.

પોલીસે જ્યારે પતરાના શેડમાં દરોડો પાડ્યો ત્યારે ગેરેજની ઓફિસના ભોંયતળિયામાં શાતિર મગજ દોડાવીને બનાવેલું ચોરખાનું મળી આવ્યું હતું, જેમાં દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો. પોલીસ કાફલાને જોઈને ગેરેજ માલિક અલ્પેશ રતિભાઈ પડસાળા અને પ્રફુલ ભીખાભાઈ આસોદરીયા શેડની પાછળની દીવાલ કૂદીને અંધારામાં ભાગી છૂટ્યા હતા. પોલીસે સ્થળ પરથી 3 શખ્સોને દબોચી લીધા હતા, જ્યારે ભાગી ગયેલા બંને શખ્સોના મોબાઈલ ફોન બ્રેઝા ગાડીના બોનેટ પરથી મળી આવ્યા હતા.

આ ત્રણેયની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે, દારૂનો આ જથ્થો સેલવાસના રામભાઈ કાળુભાઈ બિશ્નોઈએ મોકલ્યો હતો. પોલીસે સેલવાસના રામભાઈ બિશ્નોઈ તેમજ ભાગી છૂટેલા ગેરેજ માલિક અલ્પેશ અને પ્રફુલને વોન્ટેડ જાહેર કર્યા છે. સમગ્ર મામલે લસકાણા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી પીએસઆઈ એન.આર. પટેલ અને પીએસઆઈ નિખિલકુમાર પટેલ દ્વારા આગળની કાયદેસરની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# મુસાફરો ચઢતા હતા અને ડ્રાઈવરે BRTS બસ ભગાવી

## સુરતમાં વૃદ્ધનો હાથ દરવાજામાં ફસાતા 2થી 3 ફૂટ રસ્તા પર ઢસડાયા, બે યુવક માથે પડ્યા

સુરત, તા.27

સુરત શહેરના પર્વત પાટીયા BRTS જંક્શન પર દરરોજ મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. લાંબા સમય સુધી BRTS બસ ન આવવાના કારણે મુસાફરો કલાકો સુધી હાલાકી ભોગવવા મજબૂર બન્યા છે. સમયસર બસ સેવા ઉપલબ્ધ ન થતાં સ્ટેશન પર અવ્યવસ્થા અને અરાજકતાનો માહોલ સર્જાય છે. ત્યારે પર્વત પાટીયા જંક્શન પરનો એક ભયાનક વીડિયો સામે આવ્યો છે. બસમાં મુસાફરો ચઢતા હતા એ સમયે ડ્રાઈવરે બસને ભગાવી દીધી હતી. ત્યારે દરવાજો બંધ થતા વૃદ્ધનો હાથ ફસાઈ ગયો હતો અને રસ્તા પર ઢસડાયા હતા. એ સાથે જ બસમાં ચઢતા અન્ય બે યુવક વૃદ્ધની માથે પડ્યા હતા.

પર્વત પાટીયા જંક્શન પર મુસાફરોથી ખચોખચ ભરેલી BRTS બસમાં એક અત્યંત ભયાનક ઘટના બની હતી. લાંબા સમય સુધી BRTS બસ ન આવવાના કારણે મુસાફરોની ભીડ વધુ હતી. આ સમયે એક બસ આવતા જ મુસાફરો ઝડપથી બસમાં ચઢી રહ્યા હતા. જો કે આ સમયે બસના ડ્રાઈવરે અચાનક બસ ભગાવી દીધી હતી. દરવાજો પણ



બંધ થતા બસમાં ચઢતા વૃદ્ધ મુસાફરનો હાથ ફસાયો હતો.

ત્યારે બસના દરવાજામાં ફસાયેલા હાથ સાથે વૃદ્ધ મુસાફર બેથી ત્રણ ફૂટ સુધી ઢસડાયા હતા. એટલું જ નહીં બસમાં ચઢતા અન્ય બે યુવક પણ વૃદ્ધની માથે પડ્યા હતા. જો કે બસ તાત્કાલિક રોકાવી દેવાતા કોઈ જાનહાનિ થઈ નથી. આ સમગ્ર ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં જબરજસ્ત વાયરલ થઈ રહ્યો છે. જેમાં પણ જોઈ શકાય છે કે BRTS બસમાં મુસાફરો ખીચોખીચ ભરેલા છે. મુસાફરોનો આક્રોશ છે કે, મહાનગરપાલિકાનું BRTS તંત્ર બસોની સંખ્યા વધારવામાં નિષ્ફળ નીવડ્યું છે, જેના પરિણામે દરરોજ નોકરીયાતો અને સામાન્ય જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારે વરસાદના કારણે BRTS બસની બેટરીઓ બગડી જવાની સમસ્યા સામે આવી હતી, જે અંતર્ગત ONGCથી સરથાણા જતા રૂટ નંબર 12ની કુલ 37 બસમાંથી હાલ 25 બસ કાર્યરત છે. આ દરમિયાન બસના દરવાજા બંધ થયા બાદ તે સ્પીડ પકડે છે. તેવામાં આ ઘટનાને લઈ ડ્રાઈવરનો ભૂલથી એક્સીલીટર પર પગ મુકાઈ ગયો હતો. આ ઘટનાને ગંભીરતાથી લઈ BRTS બસ ડ્રાઈવર સલમાન કુરેશીને તત્કાલ અસરથી સસ્પેન્ડ કરી બ્લેકલિસ્ટ પણ કરવામાં આવ્યો છે. આ મામલે ચેરમેને સ્પષ્ટતા કરી હતી કે, ભવિષ્યમાં આ રીતની ઘટના ફરી ક્યારેય ન બને તેની ખાસ તકેદારી રાખવામાં આવશે.

સ્થાનિક મુસાફરોએ ગંભીર આક્ષેપ કર્યા છે કે, BRTS ડ્રાઈવરો અત્યંત બેફામ અને વધુ ઝડપે બસ હંકારી રહ્યા છે. ગતિ મર્યાદા બહાર બસ ચલાવવામાં આવતી હોવાથી અંદર ઊભેલા મુસાફરો સંતુલન ગુમાવીને એકબીજા પર પડી જવાના બનાવો રોજિંદા બન્યા છે. આ સિવાય, ચાલુ બસ દરમિયાન પણ દરવાજા ખુલ્લા રાખવામાં આવતા હોવાથી મુસાફરો પર જીવનું જોખમ રહે છે. મુસાફરોની સુરક્ષા પ્રત્યે તંત્ર અને ડ્રાઈવરો દ્વારા દાખવવામાં આવતી આ ઘોર બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાલમાં જ સુરત મહાનગરપાલિકાના પૂર્વ કમિશનર એમ.થેન્નારસન સુરતની મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેમણે અધિકારીઓને શહેરની હાલની બસ સેવા વિશે પૂછપરછ કરી હતી. અધિકારીઓએ માત્ર 600 બસ કાર્યરત હોવાનું જણાવતાં પૂર્વ કમિશનરે ભારે ટીકા કરી હતી અને યાદ અપાવ્યું હતું કે, તેમના કાર્યકાળમાં 900 બસ રોડ પર દોડતી હતી. સુવિધાઓ વધારવાને બદલે ઘટાડવા બદલ તેમણે તંત્રને આડે હાથ લીધું હતું. હાલમાં વાયરલ થયેલા વીડિયો બાદ મુસાફરોએ જવાબદાર કર્મચારીઓ અને ડ્રાઈવર સામે તુરંત કાર્યવાહી કરવાની અને સુરક્ષિત બસ સંચાલનની ઉગ્ર માંગ કરી છે.

# ગટર સફાઈમાં અનેક દર્દનાક મોત મુદ્દે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ, ગુજરાત સહિત 5 રાજ્યોના ચીફ સેક્રેટરીને શો-કોઝ નોટિસ

અમદાવાદ, તા.27

દેશભરમાં ગટર અને સેપ્ટિક ટેન્કની સફાઈ કરતી વખતે સફાઈ કામદારોના સતત થઈ રહેલા કરુણ મોત અંગે સર્વોચ્ચ અદાલતે ભારે નારાજગી અને આક્રોશ વ્યક્ત કર્યો છે. અદાલતના આકરા આદેશો છતાં આવી ગંભીર માનવ અધિકાર ભંગની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી, જેને લઈને સુપ્રીમ કોર્ટે હવે સરકારી તંત્ર સામે અત્યંત કડક વલણ અપનાવ્યું છે.



જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેંચે આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેતા ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ જેવા પાંચ મોટા રાજ્યોના મુખ્ય સચિવોને કારણ દર્શાવો નોટિસ (Show-Cause Notice) ફટકારી છે. અદાલતે સચિવો પાસે સીધો જવાબ માંગ્યો છે કે સુપ્રીમ કોર્ટના અગાઉના સ્પષ્ટ નિર્દેશોનું અનાદર કરવા અને પાલન ન કરવા બદલ તેમની સામે સુઓ મોટો અદાલતી અવમાનના (Contempt of Court)ની કાર્યવાહી શા માટે હાથ ધરવામાં ન આવે. આ મહત્વપૂર્ણ સુનાવણી ડો. બલરામ સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL) પર થઈ રહી હતી. અગાઉના નિર્ણયોનો ઉલ્લેખ કરતા કોર્ટે યાદ અપાવ્યું હતું કે ઓક્ટોબર 2023માં સુપ્રીમ કોર્ટે ગટર સફાઈ દરમિયાન જીવ ગુમાવનારા કામદારોના પરિવારો માટે વળતરની રકમ વધારીને 30 લાખ કરવાનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત, જાન્યુઆરી 2025માં દેશના છ મોટા મેટ્રોપોલિટન શહેરોમાં હાથથી મેલું ઉપાડવાની અને માનવ દ્વારા ગટર સફાઈ કરવાની પ્રથા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. આમ છતાં, જમીની હકીકતમાં કોઈ ખાસ સુધાર આવ્યો નથી અને નિર્દોષ સફાઈ કામદારો હજુ પણ કાળના મુખમાં ધકેલાઈ રહ્યા છે.

સુનાવણી દરમિયાન વરિષ્ઠ એડવોકેટ કે. પરમેશ્વરે અદાલત સમક્ષ સંસદમાં રજૂ કરવામાં આવેલા સત્તાવાર આંકડા ટાંકતા દર્શાવ્યું હતું કે કડક કાયદાકીય આદેશો હોવા છતાં મૃત્યુઆંક સતત ચિંતાજનક રહ્યો છે. સંસદીય આંકડાઓ અનુસાર વર્ષ 2024માં ગટર સફાઈ દરમિયાન 54 કામદારોના મોત થયા હતા, જ્યારે વર્ષ 2025માં પણ 46 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. વર્ષ 2024ની રાજ્યવાર વિગતો આપતા તેમણે જણાવ્યું કે મહારાષ્ટ્રમાં સૌથી વધુ 17, રાજસ્થાનમાં 13 અને તામિલનાડુમાં 12 સફાઈ કામદારોના કરુણ મોત નોંધાયા હતા.

આ આંકડા સાંભળીને જસ્ટિસ કુમારે અત્યંત આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતના સ્પષ્ટ આદેશો પછી પણ જો આ પ્રકારે મોત થતા હોય તો તેને કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવાય નહીં. તેમણે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે સરકારી તંત્ર હવે કન્ટ્રાક્ટરો પર દોષનો ટોપલો ઢોળવાનું બંધ કરે. અદાલત હવે જવાબદાર અધિકારીઓની સીધી જવાબદારી નક્કી કરશે કારણ કે આ અમાનવીય પ્રથા અને મોતનો સિલસિલો ક્યાંક ને ક્યાંક તો અટકવો જ જોઈએ. સર્વોચ્ચ અદાલતે આ આકરા વલણ સાથે પાંચેય રાજ્યોના મુખ્ય સચિવોને આવનારા 4 અઠવાડિયાની અંદર એફિડેવિટ (સોગંદનામું) દાખલ કરીને પોતાનો સ્પષ્ટ જવાબ રજૂ કરવા માટે આદેશ આપ્યો છે.

### સોસાયટીમાં એક્ટિવા પાર્ક કરવા બાબતે

# તકરાર: શાહપુરમાં પિતા-પુત્રએ સોસાયટીની મહિલા સહિત 5 વ્યક્તિને છરા માર્યા

અમદાવાદ, તા.27

અમદાવાદના શાહપુર વિસ્તારમાં આવેલી સરદારકુંજ સોસાયટીમાં એક્ટિવા પાર્ક કરવા બાબતે થયેલી તકરારમાં ભાડૂઆત પિતા-પુત્રએ ઉશ્કેરાઈને મહિલા સહિત સોસાયટીના પાંચ સભ્યો પર છરા વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પાંચેય લોકોને તાત્કાલિક સારવાર અર્થે વી.એસ. (SVP) હોસ્પિટલ ખસેડાયા છે. શાહપુર પોલીસે પિતા-પુત્ર સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સરદારકુંજ સોસાયટીમાં આરસીસી રોડનું કામ ચાલુ હોવાથી તમામ રહીશો વાહનો સોસાયટી બહાર પાર્ક કરતા હતા. રાત્રે સોસાયટીના સભ્ય સની પટેલ, તેમના પિતા અશોકભાઈ તેમજ નિલેશભાઈ અને સંદીપભાઈ કોમન પ્લોટમાં ઉભા હતા ત્યારે સોસાયટીમાં ભાડૂઆત તરીકે રહેતા રસિકભાઈ એક્ટિવા લઈને અંદર આવ્યા હતા. સભ્યોએ કામ ચાલુ હોવાથી એક્ટિવા બહાર મૂકવા




કહ્યું, પરંતુ રસિકભાઈ ગાળો બોલી અંદર જ પાર્ક કરવાની જિદ્દ કરવા લાગ્યા હતા.

સભ્યો રસિકભાઈને સમજાવીને તેમના ઘરે મૂકવા ગયા ત્યારે તેમનો પુત્ર મયુર ઘર બહાર આવીને ગાળાગાળી કરી સની અને તેના પિતાને મારવા લાગ્યો હતો. ઝઘડો વધતાં રસિકભાઈ ઘરમાંથી છરો લઈ આવ્યા હતા અને સનીને છાતીના ભાગે તેમજ તેના પિતા અશોકભાઈને પેટમાં છરો મારી દીધો હતો. વચ્ચે પડેલા સોસાયટીના અન્ય સભ્યો નિલયભાઈ, સંદીપભાઈ અને પ્રોમિતાબેન પર પણ છરા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

સોસાયટીમાં લોહિયાળ ખેલ ખેલાતાં રહીશોએ તાત્કાલિક પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પાંચેય ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હતા. શાહપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી આસપાસના લોકોના નિવેદનો નોંધી આરોપી પિતા-પુત્ર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



જમ્મુ અને કાશ્મીરના ડોડામાં ભારે વરસાદ અને અચાનક પૂર પછી તિરાડો પડવાના અહેવાલો બાદ સાવચેતીના ભાગ રૂપે પુલ ડોડા બ્રિજ વાહનોની અવરજવર માટે બંધ હોવાથી સુરક્ષા કર્મચારીઓ ત્યાં ચોકી કરી રહ્યા છે.

# અમેરિકામાં ફૂડ ફેસ્ટિવલમાં ધડાધડ ફાયરિંગ, 2નાં મોત: 2 વર્ષનાં બાળક સહિત 5 ઘાયલ

**સિયેટલ, તા.27**

અમેરિકાના સિએટલમાં રવિવારે સાંજે એક ફૂડ ફેસ્ટિવલ દરમિયાન ફાયરિંગમાં 2 લોકોના મોત થયા છે. બાળક સહિત 5 લોકો ઘાયલ થયા છે. આ ઘટના સિએટલના સ્પેસ નીડલ પાસે આયોજિત 'બાઈટ ઓફ સિએટલ' ફેસ્ટિવલના છેલ્લા કલાકોમાં બની હતી. સિએટલ ફાયર ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ગ્રેસ નુનેઝે આ માહિતી આપી હતી. ફાયરિંગ રવિવારે સાંજે લગભગ 6 વાગ્યે થયું હતું. પોલીસે વિસ્તારની તપાસ શરૂ કરી દીધી છે અને લોકોને શહેરના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલા ઘટનાસ્થળની નજીક ન જવા અપીલ કરી છે. આ મામલે કોઈની અટકાયત કરવામાં આવી છે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી. સીએટલ ફાયર ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ગ્રેસ નુનેઝના જણાવ્યા અનુસાર, ફાયરિંગમાં માર્યા ગયેલા બંને લોકોનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. 5 ઘાયલોને હાર્બરવ્યુ મેડિકલ સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા. ઘાયલોમાં 56 વર્ષીય મહિલાની હાલત ગંભીર છે. 2 વર્ષનું બાળક,



23 વર્ષનો યુવક અને 39 વર્ષીય મહિલાની હાલત સ્થિર હોવાનું જણાવાયું છે. જ્યારે 40 વર્ષીય એક મહિલાને સામાન્ય ઈજાઓ થઈ છે. ફાયરિંગ બાદ મોટી સંખ્યામાં પોલીસ અને ઈમરજન્સી ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. તેમણે સિયેટલ સેન્ટર ઈવેન્ટ્સ કેમ્પસની આસપાસનો વિસ્તાર ખાલી કરાવવાનું શરૂ કર્યું. અધિકારીઓએ હજુ સુધી જણાવ્યું નથી કે ફેસ્ટિવલના કયા ભાગમાં ફાયરિંગ થયું હતું. આ આયોજનમાં ખુલ્લા અને ઈન્ડોર, બંને પ્રકારના વિસ્તારોનો સમાવેશ થતો હતો.

વોશિંગ્ટનના ગવર્નર બોબ ફર્ગ્યુસને જણાવ્યું કે તેમને ઘટના અંગે સતત માહિતી આપવામાં આવી રહી છે. સ્થાનિક પોલીસની મદદ માટે સ્ટેટ પેટ્રોલ SWAT અધિકારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા છે. ફર્ગ્યુસને એક નિવેદનમાં જણાવ્યું, 'મારી સંવેદનાઓ પીડિતોના પરિવારો અને તે તમામ લોકો સાથે છે, જેઓ લોકોને સુરક્ષિત રાખવા માટે કામ કરી રહ્યા છે.' હન્ટરે કહ્યું, 'જ્યારે આ શરૂ થયું, ત્યારે અમે તેની બરાબર નજીક હતા. તેથી અમે ભાગ્યા અને ભીડ સાથે ઈમારતની અંદર ચાલ્યા ગયા.' તેમણે જણાવ્યું કે તે અને કેટલાક અન્ય લોકો નજીકના સિએટલ ચિલ્ડ્રન્સ મ્યુઝિયમમાં જઈને છુપાઈ ગયા. ફાયરિંગ બાદ મચેલી અફરાતફરીમાં ઘણા ફૂડ વેન્ડરો પોતાના સ્ટોલ છોડીને બહારની તરફ ભાગી ગયા. ઘણા કલાકો પછી પણ કેટલાક વેન્ડરો પોલીસની ઘેરાબંધીની બહાર ઊભા રહ્યા અને રાહ જોતા રહ્યા કે તેમને પોતાના તંબુ, ભોજન અને ભોજન બનાવવાનો સામાન લેવા માટે પાછા જવાની પરવાનગી ક્યારે મળશે. ફેસ્ટિવલમાં વેન્ડર રોબર્ટો રામિરેઝે જણાવ્યું કે તેમને પહેલા ફટાકડા જેવો અવાજ સંભળાયો. ત્યારબાદ લોકોએ બૂમો પાડવાનું શરૂ કરી દીધું કે ગોળી ચલાવનાર હાજર છે.

# ટ્રમ્પે કહ્યું- અમેરિકા પાસે હથિયારોની ખોટ નથી: ઈરાનને ફરી ધમકી આપી, ખાર્ગ આઈલેન્ડ પર હુમલાની AI તસવીર શેર કરી

**વોશિંગ્ટન, તા.27**


અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથેના તણાવ વચ્ચે અમેરિકાના હથિયારો ખતમ થઈ રહ્યા નથી. તેમણે કહ્યું, "આપણી પાસે દુનિયામાં સૌથી વધુ હથિયારો છે, જરૂરિયાત કરતાં પણ વધુ." ટ્રમ્પનું આ નિવેદન તે મીડિયા રિપોટ્ર્સ પછી આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઈરાન સાથે સતત સંઘર્ષને કારણે અમેરિકાના પેટ્રિયટ ઈન્ટરસેપ્ટર મિસાઈલોનો ભંડાર ઘટી રહ્યો છે.

નિવેદન પછી તરત જ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર ઘણી AI તસવીરો શેર કરી. એક તસવીરમાં ઈરાનના સૌથી મોટા તેલ નિકાસ કેન્દ્ર ખાર્ગ આઈલેન્ડ પર હવાઈ હુમલો દર્શાવવામાં આવ્યો હતો. આ સાથે તેમણે લખ્યું- 'સ્ટ્રાઈક ઓન ખાર્ગ".

આ પછી તેમણે કેટલીક વધુ AI તસવીરો પોસ્ટ કરી, જેમાં એક ઈરાની તેલ ટેન્કર પર અમેરિકી ધ્વજ દેખાઈ રહ્યો છે. એક બીજી તસવીરમાં જહાજને ઉડતું બતાવવામાં આવ્યું હતું, જેની સાથે લખ્યું હતું- "નો મોર ઈન્જન્સ".

ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે હાલ અમેરિકા સાથે તેની કોઈ વાતચીત ચાલી રહી નથી. જોકે, બંને દેશો વચ્ચે તાજેતરના દિવસોમાં સંઘર્ષ અટકી ગયો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'મધ્યસ્થી અમેરિકા તરફથી અમને વર્તમાન પરિસ્થિતિ સંબંધિત સંદેશા પહોંચાડી શકે છે, પરંતુ આ સમયે અમેરિકા સાથે અમારી કોઈ વાતચીત થઈ રહી નથી.'



તેમણે એમ પણ કહ્યું કે ઈરાને વાતચીતની પહેલ કરી છે, આવા દાવા સંપૂર્ણપણે ખોટા છે. બઘાઈના મતે, બીજી તરફ સમયાંતરે આવી વાતો ફેલાવવામાં આવે છે.

યમનના ઈરાન સાથે જોડાયેલા હુતી વિદ્રોહીઓ અને સાઉદી અરબ વચ્ચેના તાજેતરના તણાવ બાદ હોર્મુઝની જેમ જ બાબ અલ-મંદેબ બંધ થવાનો ખતરો વધી ગયો છે.

બાબ-અલ-મંદેબ લાલ સાગરને અદનની ખાડી સાથે જોડે છે. તે હિંદ મહાસાગર, મધ્ય પૂર્વ અને સુએઝ નહેર વચ્ચે જહાજોની અવરજવરનો મુખ્ય માર્ગ છે.

જ્યારે, હોર્મુઝ સ્ટ્રેટ ફારસની ખાડીને ઓમાનની ખાડી સાથે જોડે છે. આ જ માર્ગે સાઉદી અરબ, ઈરાક, યુએઈ, કુવૈત અને ઈરાન જેવા મોટા ઓઈલ ઉત્પાદક દેશોનું ઓઈલ દુનિયા સુધી પહોંચે છે.

ઈરાનમાં વધતા સારવાર ખર્ચને કારણે મોટી સંખ્યામાં લોકો હવે લોન લઈને પોતાની સારવાર કરાવવા મજબૂર છે. ઈરાની મીડિયાના એક રિપોર્ટ અનુસાર, સારવારનો ખર્ચ લોકોની કમાણીની સરખામણીમાં વધુ ઝડપથી વધી રહ્યો છે.

રિપોર્ટ અનુસાર, હવે ઘણા ઈરાનીઓને સારવાર માટે પૈસા ઉધાર લેવા, સારવાર ટાળવી અથવા હોસ્પિટલો અને ક્લિનિક્સમાં બિલ ઘટાડવાનો પ્રયાસ કરવો પડી રહ્યો છે. પરિસ્થિતિ એવી બની ગઈ છે કે સારવાર શરૂ થાય તે પહેલાં દર્દીઓને ડોક્ટરની સલાહ નહીં, પરંતુ લોન, હપ્તામાં ચુકવણી અથવા ડિસ્કાઉન્ટની ઓફર કરવામાં આવી રહી છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દેશમાં દવાઓની અછત, અમેરિકી પ્રતિબંધોને કારણે દવાઓ અને તેના કાચા માલની આયાત પ્રભાવિત થવાને કારણે આવી સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ, ઈરાની અધિકારીઓનું કહેવું છે કે અરબાઈન યાત્રા માટે દવાઓ અને તબીબી ઉપકરણોની કોઈ અછત નથી અને તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

અમેરિકા અને ઈરાન વચ્ચેનાં યુદ્ધમાં હાલ પૂરતો વિરામ લાગ્યા બાદ સોમવારે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. જોકે, વેપારીઓને હજુ પણ આશંકા છે કે સ્થિતિ ફરી બગડી શકે છે.

બ્રેન્ટ ક્રૂડ 6.7% ઘટીને 90 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું, જ્યારે અમેરિકી બેન્ચમાર્ક WTI 6.1% ઘટીને 84 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું. આ બંને દુનિયામાં ક્રૂડ ઓઈલના બે મુખ્ય માપદંડ છે. તેના આધારે દુનિયાભરમાં ઓઈલના ભાવ નક્કી થાય છે.

બ્રેન્ટ ક્રૂડ ઉત્તર સમુદ્રમાંથી કાઢવામાં આવતા ઓઈલનો માપદંડ છે. યુરોપ, એશિયા, આફ્રિકા અને મધ્ય પૂર્વમાં વેચાતા મોટાભાગના ક્રૂડ ઓઈલની કિંમત તેના આધારે નક્કી થાય છે. તેથી તેને ગ્લોબલ બેન્ચમાર્ક કહેવાય છે. જ્યારે WTI અમેરિકાના ક્રૂડ ઓઈલનો માપદંડ છે. તેથી તેને અમેરિકી બેન્ચમાર્ક કહેવાય છે.

# PoKમાં આજે વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કો: 45માંથી 13 બેઠકો પર મતદાન, વિરોધ પ્રદર્શનોને કારણે ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે

**ઈસ્લામાબાદ, તા.27**

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK) માં સોમવારે વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કો છે. પાકિસ્તાની ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, વર્તમાન સુરક્ષા પરિસ્થિતિઓ અને વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને આ ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાશે. પ્રથમ 27 જુલાઈ, બીજો 2 ઓગસ્ટ અને ત્રીજો 10 ઓગસ્ટના રોજ મતદાન થશે.

ચૂંટણી કાર્યક્રમ મુજબ 27 જુલાઈએ મીરપુર ડિવિઝનની 13 બેઠકો પર મતદાન થશે. બે ઓગસ્ટે મુઝફ્ફરાબાદ ડિવિઝનની 9 બેઠકો અને પાકિસ્તાનમાં રહેતા શરણાર્થીઓ માટે અનામત 12 બેઠકો પર મત નાખવામાં આવશે. અંતિમ તબક્કામાં 10 ઓગસ્ટે પૂંછ ડિવિઝનની 11 બેઠકો પર મતદાન થશે.

PoKમાં છેલ્લા ઘણા મહિનાઓથી મોંઘવારી, વીજળીના વધેલા બિલ, સરકારી નીતિઓ અને રાજકીય દખલગીરી વિરુદ્ધ મોટા પાયે પ્રદર્શનો થઈ રહ્યા છે. આ પ્રદર્શનોનું નેતૃત્વ જમ્મુ કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટી (JKJAAC) કરી રહી છે.

પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલી અથડામણોમાં ઘણા લોકોના મોત થયા છે. મોંઘવારીના વિરોધથી શરૂ થયેલું આ આંદોલન, હવે પાકિસ્તાન સરકાર વિરુદ્ધ મોટા રાજકીય આંદોલનમાં બદલાઈ ગયું છે.

પ્રદર્શનકારીઓનો આરોપ છે કે સુરક્ષા દળોએ ઘણી જગ્યાએ



બળપ્રયોગ કર્યો, રસ્તાઓ બંધ કર્યા અને સંચાર સેવાઓ રોકી દીધી. તેમનું કહેવું છે કે તેનાથી ખાવા-પીવાની વસ્તુઓ અને દવાઓની પણ અછત થઈ ગઈ. ઘણા પ્રદર્શનકારીઓ પાકિસ્તાનની સૈન્ય હાજરી હટાવવા અને ક્ષેત્રની વર્તમાન બંધારણીય વ્યવસ્થા પર પણ સવાલ ઉઠાવી રહ્યા છે.

વિરોધ પ્રદર્શનોનું એક મોટું કારણ વિધાનસભાની 12 શરણાર્થી બેઠકો પણ છે. આ બેઠકો પાકિસ્તાનમાં રહેતા એવા લોકો માટે આરક્ષિત છે જેઓ દાયકાઓ પહેલા કાશ્મીરથી ત્યાં ગયા હતા.

JKJAAC અને ઘણા સ્થાનિક સંગઠનોનો આરોપ છે કે આ બેઠકો દ્વારા ઈસ્લામાબાદની સરકાર ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરે છે. આનાથી સ્થાનિક લોકોનો મત નબળો પડી જાય છે અને કેન્દ્રની સત્તામાં બેઠેલી પાર્ટીને ફાયદો મળે છે.

ન્યૂઝ એજન્સી PTI અનુસાર, આ વખતે ચૂંટણી એવા સમયે થઈ રહી છે જ્યારે લોકોનો મોટો વર્ગ પાકિસ્તાન સરકારની નીતિઓથી નારાજ છે. આ જ કારણોસર ચૂંટણીની નિષ્પક્ષતા અને તેના પરિણામો પર પણ સવાલો ઉઠી રહ્યા છે.

આ ઉપરાંત, PoK ના ચૂંટણી કમિશનર ગુલામ મુસ્તફા મુઘલે જણાવ્યું કે મતદાન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે મોટી સંખ્યામાં સુરક્ષા દળો અને સેના તૈનાત રહેશે.

નિષ્ણાતોનું માનવું છે કે મતદાન તો થઈ જશે અને વોટિંગ પણ થઈ શકે છે, પરંતુ તેનાથી લોકોની મૂળભૂત સમસ્યાઓનું સમાધાન નહીં થાય.

મોંઘવારી, વીજળી, રાજકીય અધિકારો, સુરક્ષા દળોની કાર્યવાહી અને પાકિસ્તાનની ભૂમિકા જેવા મુદ્દાઓ હજુ પણ યથાવત છે. આવા સંજોગોમાં, ચૂંટણી પછી પણ PoK માં રાજકીય તણાવ ચાલુ રહેવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ભારત સતત કહેતું રહ્યું છે કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશો, જેમાં PoK અને ગિલગિટ-બાલ્ટિસ્તાન પણ સામેલ છે, ભારતના અભિન્ન અંગો છે. ભારતે PoK અને ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં યોજાનારી ચૂંટણીઓ પર અગાઉ પણ ઘણી વખત પાકિસ્તાન સમક્ષ સખત વિરોધ નોંધાવ્યો છે અને આ પ્રદેશોની કહેવાતી વિધાનસભાઓને માન્યતા આપી નથી.

માનવાધિકાર સંગઠનો જેવા કે એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી છે. સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર કાર્યાલયે પણ હિંસામાં થયેલા મૃત્યુની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. ભારતે આંતરરાષ્ટ્રીય સમુદાયને PoK માં માનવાધિકાર ઉલ્લંઘનો માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવવા અપીલ કરી છે.

ચૂંટણીના માહોલ વચ્ચે પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N)ના પ્રમુખ નવાઝ શરીફે મુઝફ્ફરાબાદની ચૂંટણી રેલીમાં કહ્યું કે જો તેમની પાર્ટી ચૂંટણી જીતશે તો તેઓ વડાપ્રધાન શાહબાઝ શરીફને તેમને PoKના વડાપ્રધાન બનાવવા માટે કહેશે જેથી તેઓ પોતે વિસ્તારના વિકાસ પર નજર રાખી શકે.

નવાઝ શરીફે કહ્યું કે PoK તેમના માટે પંજાબ જેટલું જ પ્રિય છે અને તેમના પૂર્વજો કાશ્મીરથી આવ્યા હતા. તેમણે કહ્યું કે આ તેમનું બીજું ઘર છે.

આ ચૂંટણીમાં PML-Nનો મુકાબલો પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) સાથે છે. ખાસ વાત એ છે કે PPP હાલમાં કેન્દ્ર સરકારમાં PML-Nની સહયોગી પણ છે.

PoK માં વિધાનસભાનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. આ પહેલાં 2021 માં PoK વિધાનસભા ચૂંટણીમાં ઈમરાન ખાનની પાર્ટી (PTI) એ 45 માંથી 25 બેઠકો જીતીને સરકાર બનાવી હતી. આ પછી સરદાર અબ્દુલ કય્યુમ નિયાઝી વડાપ્રધાન બન્યા. જોકે એપ્રિલ 2022 માં ઈમરાન ખાનની સરકાર પડી ગઈ.

મે 2022 માં સરદાર અબ્દુલ કય્યુમ નિયાઝીએ રાજીનામું આપી દીધું. આ પછી PTI એ જ સરદાર તનવીર ઈલિયાસને નવા વડાપ્રધાન બનાવ્યા. પરંતુ એપ્રિલ 2023 માં PoK ની ઉચ્ચ અદાલતે તેમને અદાલતની અવમાનનાના કેસમાં અયોગ્ય જાહેર કર્યા. આ પછી તેમનું પદ જતું રહ્યું અને ફરી એકવાર નવા વડાપ્રધાનની પસંદગી કરવી પડી.

આ પછી PTI ના જ ચૌધરી અનવરુલ હક વડાપ્રધાન બન્યા. પરંતુ થોડા જ સમય પછી તેમણે ઈમરાન ખાન અને PTI થી અંતર બનાવી લીધું અને પોતાને સ્વતંત્ર નેતા તરીકે સ્થાપિત કર્યા. ચૌધરી અનવરુલ હકને પણ નવેમ્બર 2025 માં અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા હટાવી દેવામાં આવ્યા હતા, અને હવે ત્યાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) ના ફૈસલ મુમતાઝ રાઠોડ નવા વડાપ્રધાન છે.

# પત્નીએ છૂટાછેડા માટે અધધધ... ₹8,200 કરોડ માગ્યા: સદીના સૌથી મોંઘા ડિવોર્સ...

**દક્ષિણ કોરિયા, તા.27**

ઘરના ચાર ભીંત વચ્ચે સમાઈ જતી ગૃહિણીના ત્યાગ અને સમર્પણની કિંમત કેટલી? આ પ્રશ્નનો એક એવો જવાબ દક્ષિણ કોરિયાની કોર્ટે આપ્યો છે, જેણે આખા એશિયાના કોર્પોરેટ જગતમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.



દક્ષિણ કોરિયાના બીજા સૌથી મોટા બિઝનેસ સામ્રાજ્ય SK Groupના ચેરમેન અને અબજોપતિ ચે તાઈ-વોનને પોતાની પૂર્વ પત્ની રો સો-યોંગને આશરે 8,200 કરોડ ચુકવવાનો આદેશ મળ્યો છે. 36 વર્ષ જૂના આ લગ્નસંબંધ કોર્પોરેટ ઈતિહાસની સૌથી મોંઘી અને ચર્ચિત કાનૂની જંગ બની ગયો છે.

આ કેસ એશિયાના ઈતિહાસમાં સૌથી મોંઘા ડિવોર્સ સેટલમેન્ટ્સમાંથી એક માનવામાં આવે છે. બંનેના લગ્ન 1988માં થયા હતા અને તેમને ત્રણ બાળકો છે. પૂર્વ પત્ની રો સો-યોંગ દક્ષિણ કોરિયાના પૂર્વ રાષ્ટ્રપતિ રો તે-વૂના પુત્રી છે. 2017થી કોર્ટમાં આ વિવાદ ચાલી રહ્યો હતો. વર્ષ 2015માં ચે તાઈ-વોન અચાનક જાહેરમાં સ્વીકાર્યું કે તેમનું અન્ય મહિલા સાથે અફેર છે અને તેમને એક સંતાન પણ છે. આ ખુલાસાથી આખા દેશમાં આંચકો લાગ્યો. વર્ષ 2017થી શરૂ થયેલી ડિવોર્સની કાનૂની જંગ આખરે સીઓલ હાઈકોર્ટના ચુકાદા સુધી પહોંચી, જેને હવે 'સેન્ચ્યુરી ઓફ ડિવોર્સ' કહેવામાં આવે છે.

કોર્ટે ચુકાદો આપતા ખૂબ જ મહત્વની ટિપ્પણી કરી: 'બિઝનેસમેન પતિ આજે જે અબજોની સંપત્તિ પર બેઠા છે, તેના મૂળમાં પત્નીનો ત્યાગ, બાળકોનો ઉછેર અને સામાજિક જવાબદારીઓ છે. બિઝનેસની સફળતામાં પત્નીના આ પરોક્ષ યોગદાનને નકારી શકાય નહીં.'

દુનિયામાં એમેઝોનના જેફ બેઝોસ અને માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સના ડિવોર્સ સેટલમેન્ટ્સ બાદ, એશિયાના કોર્પોરેટ ઈતિહાસમાં આ સૌથી મોંઘું સેટલમેન્ટ માનવામાં આવે છે.

સાઉથ કોરિયામાં સેમસંગ પછી જો કોઈ કંપનીનો ડંકો વાગતો હોય તો તે SK Group છે. સેમિકન્ડક્ટર, ટેલિકોમ અને એનર્જી ક્ષેત્રે આ ગ્રૂપ ગ્લોબલ લીડર છે. AI ટેક્નોલોજીમાં વપરાતી મેમરી ચિપ્સ બનાવવામાં તેમની કંપની 'SK Hynix' વિશ્વભરમાં પ્રખ્યાત છે. કોર્ટે તમામ રકમ રોકડમાં ચૂકવવાનો આદેશ આપ્યો હોવાથી, બિઝનેસમેન ચે તાઈ-વોન પોતાની કંપનીના શેર વેચ્યા વગર પત્નીને આ જંગી રકમ આપવી પડશે, જેથી તેમની કંપની પરની પકડ જળવાઈ રહે.



નવી દિલ્હીમાં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન ભૂતપૂર્વ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું સ્વાગત કરવામાં આવ્યો હતો.

## તંત્રી લેખ

# સરકાર સામે સીજેપીની લડત સહેલી નહોતી

કોકરોચ જનતા પાર્ટીએ પેપર લીક મુદ્દે ૨૦મી જુનથી જંતર મંતર ખાતે આંદોલન શરૂ કર્યું હતું. શરૂઆતમાં એમને પૂરતું સમર્થન મળ્યું નહોતું. ૨૦મી જૂને સીજેપીએ જંતર મંતર પર પ્રદર્શનની પરવાનગી દિલ્હી પોલીસ પાસે માંગી હતી. પરવાનગી મળી જતા ધીમે ધીમે યુવાનો ભેગા થવા માંડયા હતા. શરૂઆતમાં અભિજીત દિપકેએ આક્ષેપ કર્યો હતો કે, પ્રદર્શન સ્થળે વીજળી અને પાણીનો પુરવઠો રોકી દેવામાં આવ્યો હતો. આંદોલનના ૯મા દિવસે સામાજીક કાર્યકર સોનમ વાંગચૂક જંતર મંતર પર પહોંચ્યા હતા અને ભૂખ હડતાળ શરૂ કરી હતી. સોનમ વાંગચૂકને જ્યારે પોલીસ ઉપાડી ગઈ અને હોસ્પિટલમાં દાખલ કર્યા ત્યાર પછી વાંગચૂક પર દબાણ વધી ગયું હતું. એમ મનાય છે કે સતત દબાણને કારણે અને વજન ઘટવાને કારણે વાંગચૂક માનસીક રીતે પણ નબળા પડી ગયા હતા. વાંગચૂકના એનજીઓને મળતું ફંડ અટકાવી દેવામાં આવે એવી વાતો પણ આડકતરી રીતે કરવામાં આવી હતી. ૨૦મી જૂને દિલ્હીમાં જંતર મંતર પર પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર સીઆરપીએફ તેમજ રેપીડ એક્શન ફોર્સ (આરએએફ)એ લાઠીચાર્જ કર્યો હતો. પોલીસની વર્તણૂકની ઘણી ટીકા થઈ હતી. હવે આરએએફએ કબૂલ કર્યું છે કે, વિદ્યાર્થીઓ સામે અનઆવશ્યક બળપ્રયોગ કરવામાં આવ્યો હતો. આરએએફના આઈજીએ એમના અધિકારીઓ તેમજ સુરક્ષા કર્મચારીઓને ચેતવણી આપી છે કે, ભવિષ્યમાં યાદ રાખવું કે આરએએફનો મૂળ સિદ્ધાંત 'સંવેદનશીલ પોલીસીંગ' છે. કોઈપણ પરિસ્થિતિમાં બળનો પ્રયોગ જરૂરી હોય તો જ કરવો જોઈએ. અહીં અગત્યની વાત એ છે કે, આરએએફ હોમ ડીપાર્ટમેન્ટ હેઠળ આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રી તરીકે અમિત શાહ છે. દિલ્હીમાં ચર્ચા ચાલી રહી છે કે, વડાપ્રધાન કાર્યાલય, ગૃહ મંત્રાલય વચ્ચે પરિસ્થિતિને કાબુમાં લેવા કોઈ મતભેદ તો નથી ને! તૃણમુલ કોંગ્રેસના ફાયર બ્રાન્ડ સાંસદ મોહુઆ મોઈત્રાએ ફરી એક વખત કેન્દ્ર સરકારને શાબ્દીક ચાબખા માર્યા છે. કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શન સ્થળે તેઓ જતા હતા. એમણે સીજેપીના યુવાનોને સંબોધન પણ કર્યું હતું. એમણે કહ્યું હતું કે અમે જે ૧૨ વર્ષમાં નથી કરી શક્યા એ તમે કરી બતાવ્યું છે. નરેન્દ્ર મોદીના રાત્રે ૧૨ વાગ્યાના ઈન્સ્ટાગ્રામના વીડિયોનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું હતુ કે તમે મોદીજીને જગાડયા છે. અમે આ કામ કરી શક્યા નહોતા. મોહુઆ મોઈત્રા શરૂઆતથી જ સીજેપીને સપોર્ટ કરે છે. એ વખતે એમની સાથે ટીએમસીના સાંસદ કલ્યાણ બેનર્જી પણ હતા. મોહુઆએ સીજેપીના આંદોલનકારીઓને વારંવાર થેંક્યુ કહ્યું હતું. દિલ્હીમાં જે રીતે મેટ્રો સ્ટેશન બંધ કરાવવામાં આવ્યા છે એ બાબતે પણ મોહુઆ મોઈત્રાએ આકરી ટીકા કરી હતી. જંતર મંતર પર દેખાવો કરી રહેલા યુવાનો પર પેલેટ ગનનો ઉપયોગ થવાથી રાહુલ ગાંધી ભારે ગુસ્સામાં છે. પેલેટ ગનના ઉપયોગથી ઘણા વિદ્યાર્થીઓને ઈજા થઈ હતી. પોલીસ જોકે પેલેટ ગનનો ઉપયોગ કર્યો હોવાનો ઈન્કાર કરે છે. આંતરરાષ્ટ્રીય સમજૂતી પ્રમાણે આ હથિયાર પર પ્રતિબંધ છે. ૧૯૯૨માં આરએએફની સ્થાપના પછી ઈઝરાયલ અને બેલ્જીયમથી પેલેટ ગન ખરીદવામાં આવી હતી. જો ૨૩ યાર્ડ દુરથી પેલેટ ગનમાંથી ફાયરીંગ કરવામાં આવે તો એ જોખમી નિવડી શકે છે. છાતી કે ચેહરા પર છરા લાગે તો જીવ પણ જઈ શકે છે. આંખોની રોશની જઈ શકે છે. પેલેટ ગન શરૂઆતમાં વિદેશથી આયાત કરવામાં આવતી હતી. ત્યાર પછી ડીઆરડીઓની મદદથી ભારતમાં જ બનાવવામાં આવે છે. જ્યારે ઈઝરાયલ અને બેલ્જીયમથી પેલેટ ગન ખરીદવામાં આવતી હતી ત્યારે એની કિંમત ત્રણ લાખ રૂપિયા હતી. પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસની હાર પછી સાંસદ અભિષેક બેનર્જીની કાયદાકીય મુશ્કેલીઓ વધી રહી છે. મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જી ઈડી અને સીઆઈડી તેમજ પોલીસ તપાસનો સામનો કરી રહ્યા છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીનું પરીણામ ૪થી મેએ આવ્યા પછી બેનર્જી સામે અત્યાર સુધીમાં ચાર એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

**સંસદ એવું સ્થાન છે જ્યાં 140 કરોડ નાગરિકોના ભવિષ્ય, તેમના અધિકારો, ટેક્સના નાણાંના સદુપયોગ અને દેશ માટે નવા કાયદાઓ બનાવવા વિષયક ચર્ચાઓ અને નિર્ણય થાય છે. પરંતુ, છેલ્લાં દાયકાથી દેશની સંસદ ન્યાય અને નીતિઓના ઘડતર કરતાં વિરોધ, શોરબકોર, બેનરો દર્શાવવા, હોબાળા કરવા અને ગૃહના મોકૂફની રાજકારણનો અખાડો બની ગઈ છે : સંસદના ઈતિહાસમાં સૌથી ઓછું ઉત્પાદક બજેટ સત્ર ૨૦૧૮ માં નોંધાયું હતું. તે સમયે ૨૯ બેઠકોમાંથી લોકસભા માત્ર 34 કલાક ચાલી હતી અને ૧૨૭ કલાકથી વધુનો સમય હોબાળામાં વેડફાયો હતો**

# સંસદના સત્રો ખોરવાતા એક દાયકામાં પ્રજાના 3300 કરોડ વેડફાયા

## સતત વધતા વિરોધ, વિપક્ષોની ધાંધલ અને નારેબાજીના કારણે ચોમાસુ સત્રમાં કામ થયું નથી

સંસદ એવું સ્થાન છે જ્યાં 140 કરોડ નાગરિકોના ભવિષ્ય, તેમના અધિકારો, ટેક્સના નાણાંના સદુપયોગ અને દેશ માટે નવા કાયદાઓ બનાવવા વિષયક ચર્ચાઓ અને નિર્ણય થાય છે. પરંતુ, છેલ્લાં દાયકાથી દેશની સંસદ ન્યાય અને નીતિઓના ઘડતર કરતાં વિરોધ, શોરબકોર, બેનરો દર્શાવવા, હોબાળા કરવા અને ગૃહના મોકૂફની રાજકારણનો અખાડો બની ગઈ છે : સંસદના ઈતિહાસમાં સૌથી ઓછું ઉત્પાદક બજેટ સત્ર ૨૦૧૮ માં નોંધાયું હતું. તે સમયે ૨૯ બેઠકોમાંથી લોકસભા માત્ર ૩૪ કલાક ચાલી હતી અને ૧૨૭ કલાકથી વધુનો સમય હોબાળામાં વેડફાયો હતો. જેના લીધે પ્રજાના અંદાજે રૂ. ૧૯૮ કરોડ પાણીમાં ગયા હતા. ૨૦૨૩માં અદાણી-હિન્ડનબર્ગ મુદ્દે હોબાળો થતાં સમગ્ર સત્રમાં ૫ ટકા કામ થયું અને પ્રજાના ૨૦૦ કરોડનો વ્યય થયો હતો : લોકોની એવી માગણી છે કે, સામાન્ય માણસો અને કર્મચારીઓની જેમ સાંસદો માટે પણ કડક નિયમો હોવા જોઈએ. જો સાંસદોના વિરોધને પગલે સંસદ ન ચાલે તો તે સમયગાળા માટે સાંસદોના દૈનિક ભથ્થા કાપી લેવા જોઈએ. તેમનો પગાર પણ કાપી લેવો જોઈએ. નો વર્ક નો પેની સિસ્ટમ તેમને લાગુ કરવી જોઈએ

સંસદનું ચોમાસું સત્ર શરૂ થયું તેને પાંચ દિવસ થઈ ગયા છતાં એકપણ દિવસ સંસદમાં કામ થયું નથી. સતત વધતા વિરોધ, વિપક્ષોની ધાંધલ અને નારેબાજીના કારણે ચોમાસુ સત્રમાં કામ થયું નથી. શુક્રવારે સવારે કામ શરૂ કરવા પ્રયાસ કરાયો પણ સ્થિતિ થાળે પડી નહીં અને સોમવાર સુધી ગૃહની કામગીરીઓ મોકુફ કરવી પડી. ભારત જેવા દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ માટે કેટલી શરમજનક બાબત છે કે, સાંસદો જ સંસદની કામગીરી ચાલવા દેતા નથી. ૧.૪૦ અબજ વસતી જે વિશ્વાસ અને આશા સાથે આ નેતાઓને પસંદ કરીને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલે છે પણ સાંસદો સાંઠગાઠ, ખરીદફરોત અને રાજકીય નાટકબીજામાંથી જ નવરા પડતા નથી અને પ્રજાના પૈસાનો વેડફાટ થાય છે અને તેમના વિશ્વાસ ઉપર ફરી એક વખત નિરાશાનું પાણી ફરી વળે છે.

લોકશાહીનો સૌથી પવિત્ર સ્તંભ એટલે દેશની સંસદ. સંસદ એવું સ્થાન છે જ્યાં ૧૪૦ કરોડ નાગરિકોના ભવિષ્ય, તેમના અધિકારો, ટેક્સના નાણાંના સદુપયોગ અને દેશ માટે નવા કાયદાઓ બનાવવા વિષયક ચર્ચાઓ અને નિર્ણય થાય છે. પરંતુ, છેલ્લાં દાયકાથી દેશની સંસદ ન્યાય અને નીતિઓના ઘડતર કરતાં વિરોધ, શોરબકોર, બેનરો દર્શાવવા, હોબાળા કરવા અને ગૃહના મોકૂફની રાજકારણનો અખાડો બની ગઈ છે. પ્રજા પોતાના પરસેવાની કમાણીમાંથી ટેક્સ ભરે છે જેથી દેશનું તંત્ર સરસ રીતે ચાલી શકે. પરંતુ જ્યારે લોકસભા અને રાજ્યસભામાં એકપણ કલાક કામ કર્યા વગર માત્ર સૂત્રોચ્ચાર અને હોબાળાને કારણે ગૃહ સ્થગિત કરી દેવામાં આવે છે, ત્યારે દર મિનિટે પ્રજાના લાખો રૂપિયા વેડફાઈ જાય છે. એક અહેવાલ પ્રમાણે છેલ્લાં એક દાયકામાં સાંસદોના વિરોધ, તોફાનો, ધતિંગો અને રાજકીય નાટકોના પગલે સંસદ સ્થગિત થતા પ્રજાના પરસેવાની કમાણીના ૩૩૦૦ કરોડ રૂપિયાનો ધુમાડો થઈ ગયો છે.

ચિંતાની વાત એ છે કે, આ સાંસદો હવે નીતિમત્તા ભુલી ગયા છે. સત્તામાં રહેવા કે સત્તામાં આવવા ઘણા હવે પોતાની કિંમત લગાવવા માંડયા છે. ગમે ત્યારે અને ગમે તે રીતે સાંસદોને ખરીદી શકાય છે, પોતાની તરફ કરી લેવાય છે. સત્તાની સાઠમારીમાં બધું જ ચાલે છે પણ પ્રજાનું કલ્યાણ ક્યાંય કોરાણે મુકી દેવાયું છે. તેમાંય સંસદની કામગીરી દરમિયાન વિરોધ કરવાનો અને પ્રજાના પ્રશ્નોને પડતા મુકી દેવાના. દર વર્ષે કરોડો રૂપિયા સાંસદો પાછળ ખર્ચવામાં આવે છે છતાં તેનું કોઈ પરિણામ મળતું નથી.

ઉલ્લેખનીય છે કે, સંસદ ભવનનું સંચાલન એ માત્ર



સાંસદોના વેતન પૂરતું મર્યાદિત નથી. આ સંકુલને ચલાવવા માટે વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાઈટેક ટેકનોલોજી, સુરક્ષા વ્યવસ્થા, કર્મચારીઓના પગાર, સાંસદોના ભથ્થાં, પ્રિન્ટિંગ, વીજળી અને લોજિસ્ટિક્સ પાછળ મોટો ખર્ચ કરવામાં આવે છે. એક અહેવાલ અનુસાર સંસદના બંને ગૃહો (લોકસભા અને રાજ્યસભા) ચલાવવાનો દર મિનિટનો અંદાજિત ખર્ચ રૂપિયા ૨.૫૦ લાખ થાય છે. દર કલાકે સંસદ ચલાવવાનો ખર્ચ લગભગ રૂપિયા ૧.૫ કરોડ સુધી પહોંચે છે. તેવી જ રીતે સંસદનો સામાન્ય રીતે રોજનો સમય ૬ કલાકનો હોય છે. જો બંને ગૃહો સરખી રીતે ચાલે તો પ્રતિ દિવસનો કામગીરી ખર્ચ રૂપિયા ૮ થી ૯ કરોડ નો થાય છે.

ચિંતાજનક બાબત એ છે કે, સેકન્ડ, કલાક કે દિવસ નહીં પણ આખા વર્ષમાં જેટલી સંસદ ચાલે છે તેના કલાકો ગણીઓ તો આંકડો સતત મોટો થતો જાય છે. ભારતમાં વર્ષમાં સામાન્ય રીતે ત્રણ સત્રો યોજાય છે - બજેટ સત્ર, ચોમાસુ સત્ર અને શિયાળુ સત્ર. સામાન્ય રીતે એક વર્ષમાં સંસદ આશરે ૭૦ થી ૮૦ દિવસ જ કામ કરે છે. સમગ્ર સંસદ સચિવાલય, સાંસદોના પગાર, પેન્શન, ભથ્થાં, મુસાફરી ખર્ચ અને વાર્ષિક રક્ષણ-ઈન્ફ્રાસ્ટ્રક્ચર બજેટ ઉમેરીએ તો સંસદ પાછળ દેશ વાર્ષિક કરોડોથી વધુ રકમ ખર્ચે છે.

ઉલ્લેખનીય છે કે, બજેટ સત્ર એ વર્ષનું સૌથી મહત્વપૂર્ણ સત્ર હોય છે પરંતુ તાજેતરના બજેટ સત્ર દરમિયાન લોકસભામાં વિરોધ પ્રદર્શનો અને સ્થગિતતાને કારણે ૨૦ થી ૨૫ કલાક નો સમય વેડફાયો હતો. જ્યારે રાજ્યસભામાં પણ ૧૨ થી ૧૫ કલાક ની કામગીરી અટકી પડી હતી. આના પરિણામે કેવળ આ એક જ સત્રના વિરોધ પ્રદર્શનોથી દેશને રૂપિયા ૫૭ કરોડથી વધુનું નુકસાન થયું હતું. સંસદના ઈતિહાસમાં સૌથી ઓછું ઉત્પાદક બજેટ સત્ર ૨૦૧૮માં નોંધાયું હતું. તે સમયે ૨૯ બેઠકોમાંથી લોકસભા માત્ર ૩૪ કલાક ચાલી હતી અને ૧૨૭ કલાકથી વધુનો સમય હોબાળામાં વેડફાયો હતો. જેના લીધે અંદાજે રૂ. ૧૯૮ કરોડ પ્રેજાના પાણીમાં ગયા હતા.

ઈતિહાસ ઉપર નજર કરીએ તો કેટલાક સત્રો એવા રહ્યા હતા જેમાં વેડફાટ સિવાય કશું જ થયું નહોતું. ૨૦૨૧માં પેગાસસ જાસૂસી કાંડ અને ખેડૂત આંદોલને સંસદ સત્રનો ભોગ લીધો હતો. આ મુદ્દાના લીધે સતત વિરોધ અને હોબાળો થતા લોકસભાની ઉત્પાદકતા માત્ર ૨૧% અને રાજ્યસભાની માત્ર ૨૮% રહી હતી. બાકીનો તમામ સમય વેડફાઈ ગયો હતો. જાણકારોના મતે બંને ગૃહોના મળીને આશરે ૧૫૦થી વધુ કલાક વેડફાયા હતા. આ એક જ સત્રમાં ટેક્સપેયર્સના આશરે રૂ. ૧૩૩ કરોડ નું આર્થિક નુકસાન થયું હતું.

તેવી જ રીતે ૨૦૨૩માં જ્યારે અદાણી-હિન્ડનબર્ગ અહેવાલનો વિવાદ થયો ત્યારે પણ બજેટ સત્રના બીજા તબક્કાનો ભોગ લેવાયો હતો. વિપક્ષ દ્વારા હિન્ડનબર્ગ રિપોર્ટ પર વૅંભની માંગણી અને સત્તાપક્ષ દ્વારા રાહુલ ગાંધીના વિદેશી નિવેદન પર માફીની માંગ થતાં મામલો ગુંચવાયો હતો. તેના કારણે લોકસભામાં માત્ર ૫% અને રાજ્યસભામાં માત્ર૬% જ કામ થઈ શક્યું હતું. આ વિવાદના પગલે માત્ર થોડીક જ મિનિટો સુધી ચાલેલા ગૃહોને કારણે પ્રજાના અંદાજે રૂ. ૧૮૦ થી ૨૦૦ કરોડનો વ્યય થયો હતો.

ઉલ્લેખનીય છે કે, સંસદમાં સુરક્ષામાં છિંડા અને અન્ય મુદ્દે ૨૦૨૩માં શિયાળુ સત્રમાં મોટો વિવાદ થયો હતો. સંસદ ભવનની અંદર સ્મોક બોમ્બ સાથે ઘુસણખોરી અને ગૃહમંત્રીના નિવેદનની માગણી થતા વ્યાપક વિરોધ નોંધાયો હતો. તેના પરિણામે લોકસભા અને રાજ્યસભામાંથી ૧૪૬ સાંસદોને સસ્પેન્ડ કરાયા હતા. ભારતની સંસદીય કામગીરીમાં આ મોટો નિર્ણય હતો. તે સમયે પણ ગૃહની મોટાભાગની કામગીરી વેડફાઈ હતી અને અંદાજે ૧૫૦ કરોડનો વ્યય થયો હતો.

૨૦૨૪માં પણ નીટ પેપર લીક અને મણિપુર હિંસાનો મુદ્દો સંસદમાં ગાજ્યો હતો અને વિપક્ષોએ બંને ગૃહની કામગીરી માથે લીધી હતી. તે સમયે પણ મોટાભાગનો સમય વેડફાતા પ્રજાના અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાનો ધુમાડો થયો હતો.

ગત વર્ષે પણ ચોમાસુ સત્રમાં લોકસભામાં જે સાંસદોએ દેશના હિતમાં ૧૨૦ કલાક ચર્ચા કરવાની હતી તેમાંથી તેમણે ફક્ત ૩૭ કલાક જ કામ કર્યું. ૮૩ કલાક વેડફાયા. તેનો અર્થ એ છે કે, ૩૧% કામ થયું. રાજકારણના નામે હોબાળો કરીને ૬૯% સમય વેડફ્યો અને રાજ્યસભામાં પણ એવું જ થયું. જ્યાં ૧૨૦ કલાક કામના કલાકો સામે માત્ર ૪૭ કલાક કામ કર્યું પછી સાંસદોએ ૭૩ કલાક વેડફી કાઢયા. આમ અહીંયા પણ ૩૮% કામ થયું. ૬૨% સમય જનતા માટે બિલકુલ વાપર્યો નહીં. તેની પાછળ પ્રજાના ૨૦૪ કરોડ રૂપિયા વેડફાઈ ગયા.

જાણકારોના મતે સંસદ ચાલે કે ન ચાલે પણ સાંસદોના ખિસ્સા ભરાયેલા રહે છે. તેમના પગારમાંથી કાણો પૈસો પણ કપાતો નથી. તેમના ભથ્થા, તેમની સવલતો કે તેમના ભંડોળમાંથી કશું જ ઘટતું નથી. સાંસદોનો દર મહિને ૨.૮૬ લાખનો તો પગાર ચુકવવામાં આવે છે. આ ઉપરાંત તેમને ૩૪ જેટલી ડોમેસ્ટિક ફ્લાઈટનું ટ્રાવેલિંગ ફ્રીમાં આપવામાં આવે છે. તે ઉપરાંત દેશની કોઈપણ ટ્રનેમાં જવા માટે ફર્સ્ટ ક્લાસની ટિકિટ ફ્રીમાં મળે છે. આ સુવિધા તેમના પરિવારને પણ આપવામાં આવે છે. આ સિવાય દર વર્ષે ૫૦,૦૦૦ ફ્રી યુનિટ વીજળી અને ૪,૦૦૦ કિલોલિટર પાણી મફત અપાય છે. સાંસદો અને તેમના પરિવારને સારામાં સારી સરકારી મેડિકલ સેવાઓ મળે છે. કાર્યકાળ ચાલુ હોય ત્યારે રેન્ટ ફ્રી મકાન મળે છે. તે સિવાય સત્ર ચાલુ હોય ત્યારે રોજનું ૨૫૦૦ રૂપિયા ઘરેથી સરકારી ગાડીમાં સંસદ જવા માટેનું ભથ્થું ચુકવાય છે. આ સિવાય તેમને અંદાજે વર્ષે ૫ કરોડનું તો પોતાના મતવિસ્તારના ડેલપમેન્ટ માટેનું ભંડોળ મળે છે તેમાં પણ ઘણા વહેવાર થઈ જતા હોવાની ફરિયાદો છે. લોકોની એવી માગણી છે કે, સામાન્ય માણસો અને કર્મચારીઓની જેમ સાંસદો માટે પણ કડક નિયમો હોવા જોઈએ. જો સાંસદોના વિરોધને પગલે સંસદ ન ચાલે તો તે સમયગાળા માટે સાંસદોના દૈનિક ભથ્થા કાપી લેવા જોઈએ. તેમનો પગાર પણ કાપી લેવો જોઈએ. આ ઉપરાંત યુકેની સંસદની જેમ 'ઓપોઝિશન ડેઝ' નક્કી કરવા જોઈએ, જેમાં વિપક્ષ જે મુદ્દો નક્કી કરે તેના પર જ ફરજિયાત ચર્ચા થાય. લોકો માને છે કે, સંસદ એ પ્રજાનો અવાજ છે અને પ્રજાના પરસેવાના નાણાંથી ચાલે છે. વિરોધ કરવો એ લોકશાહીનો અધિકાર છે, પરંતુ વિરોધ ગૃહની અંદર ચર્ચા કરીને થવો જોઈએ, ગૃહને સ્થગિત કરાવીને નહી. જો સંસદનો સમય આ રીતે જ વેડફાતો રહેશે, તો સામાન્ય નાગરિકોનો લોકશાહી પ્રક્રિયા પરથી વિશ્વાસ ઉઠી જશે.

# અષાઢી માહોલ જામ્યો છે ત્યારે જિંદગીના પડાવ સાથે બદલાતા અર્થવાળા સદાબહાર ગીતોને યાદ કરીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

કાળઝાળ ગરમી બફરા ઉકળાટથી કંટાળ્યા ત્યાં અચાનક અષાઢી માહોલ સર્જાયો છે ત્યારે જિંદગી અને ગીતોનો નાતો બહુ જૂનો છે. બાળપણમાં આપણે રેડિયો ટેપરેકોર્ડ પર જે ગીત સાંભળીને તાળી પાડતા હતા, એ જ ગીત વર્ષો પછી કોઈ અલગ જ પરિસ્થિતિમાં સાંભળીએ ત્યારે આંખ ભીની થઈ જાય છે. હકીકતમાં ગીતો ક્યારેય બદલાતા નથી, આપણે બદલાઈએ છીએ. આપણી ઉંમર, આપણા અનુભવો, આપણા ઘા અને આપણી ખુશીઓ એ બધું મળીને એક જ ગીતને દરેક પડાવે નવો અર્થ આપી દે છે.

શાળામાં 'રૂક જાના નહીં તૂ કહીં હાર કે' આપણને માર્ક્સ માટે પ્રેરણા આપતું. ઓફિસના ટેન્શનમાં એ જ ગીત આપણને જીવન ના હારવા માટે હિંમત આપે છે. કોલેજમાં 'કભી કભી મેરે દિલ મેં' પ્રેમપત્ર જેવું લાગતું. આજે એ જ ગીત અધૂરા સપનાઓ અને વીતેલા સમયની યાદ બની જાય છે.એટલે જ કેટલાક ગીતો સદાબહાર બની જાય છે.કારણ કે એ માત્ર મનોરંજન માટે નથી બન્યા. એ જિંદગીની ડાયરીના એવા પાના છે, જેને આપણે જુદી જુદી ઉંમરે ખોલીએ ત્યારે દરેક વખતે નવી વાત કહે છે.આવા જ કેટલાક ગીતોની વાત અહીં છે. જે યુવાનીમાં માત્ર 'ધૂન' માટે ગમતા હતા, અને આજે એના એક 'શબ્દ' માટે દિલને અડી જાય છે.ચાલો,એ જૂની કેસેટ ફરી વગાડીએ અને જોઈએ કે સમય સાથે એના અર્થ કેવી રીતે બદલાયા

*ક્યારેય વિચાર્યું છે કે એક જ ગીત આપણને 3 વખત 3 અલગ કારણસર રડાવી શકે?

બાળપણમાં સૂર,જુવાનીમાં અર્થ, અને આજે એના એક શબ્દમાં આપણી આખી જિંદગી ઉતરી આવે છે. ગીતો બદલાતા નથી.આપણે બદલાઈએ છીએ. અને એટલે જ કેટલાક ગીતો સદાબહાર બની જાય છે. *સબ કુછ સીખા હમને, ન સીખી હોંશિયારી -(અનાડી) જિંદગી આપણને બધું શીખવે છે. કેવી રીતે કમાવું, કેવી રીતે બોલવું, કેવી રીતે જીતવું. પણ સૌથી અઘરું શું છે? હોંશિયાર બનવું. દુનિયાની ચાલાકી ઓ વચ્ચે પોતાનું દિલ સાચું રાખવું. ઉંમર વધે એટલે સમજાય કે આપણે ડિગ્રી તો ઘણી લીધી, પણ 'સરળ રહેવું' એ કળા ક્યાંક ખોવાઈ ગઈ.આ ગીતએ ખોવાયેલી માસૂમિયત માટેનું આંસુ છે.

*હે માલિક તેરે બંદે હમ-(દો આંખેં બારહ હાથ)નાનપણમાં આ પ્રાર્થના હતી. આજે આ સમર્પણ બની ગયું છે. 'બુરાઈ હમસે હો જાયે તો બચાના' એટલે સ્વીકાર કે હું પણ ભૂલ કરી શકું. 'સબકો સન્મતિ દે' એટલે સમજ કે દુનિયા સુધારવા કરતા પહેલા પોતાનું મન સુધારવું જરૂરી છે. આપણે બધા એક જ માલિકના બંદે છીએ, અને એ યાદ રહે એ જ સૌથી મોટી શાંતિ છે. *રૂક જાના નહીં તૂ કહીં હાર કે - (ઈમ્તિહાન)શાળામાં આ ગીત પાસ થવા માટે હતું. આજે આ ગીત જીવવા માટે છે. જિંદગી રોજ એક નવી પરીક્ષા લે છે.ક્યારેક નોકરીમાં, ક્યારેક સંબંધમાં, ક્યારેક મન સાથે. આ ગીત કાનમાં કહે છે કે પડી જા તો વાંધો નહીં, પણ પડ્યા પછી ઉઠવાની હિંમત ના હારીશ. કારણ કે હારવું એ વિકલ્પ જ નથી. *જિંદગી એક સફર હૈ સુહાના - (અંદાઝ) યુવાનીમાં આ ગીત રોડ ટ્રીપ હતું.આજે આ જિંદગીનો સાર છે. 'કલ ક્યા હો કિસને જાના' એટલે ભવિષ્યની ચિંતા છોડી દો. 'યે હસીન મૌસમ' એટલે જે આજ છે એને માણી લો. જિંદગી કોઈ મંઝિલ નથી, સફર છે. અને સફરમાં મજા રસ્તાની હોય છે, ગંતવ્યની નહીં. *તુમ રૂઠી રહો હમ મનાતે રહે - (રઝિયા સુલ્તાન) પહેલા આ પ્રેમીનું ગીત હતું. આજે આ જિંદગી સાથેનું ગીત છે. ક્યારેક પરિસ્થિતિ રૂઠે, ક્યારેક સપના રૂઠે, ક્યારેક પોતાનું મન જ રૂઠી જાય. પણ સાચા લોકો શું કરે? રૂઠીને બેસી નથી રહેતા. 'મનાતે રહે' છે. કારણ કે છોડી દેવું સહેલું છે, નિભાવવું અઘરું છે. અને જિંદગી નિભાવવાનું જ નામ છે.

*દો લફ્ઝોં કી હૈ દિલ કી કહાની - (ધ ગ્રેટ ગેમ્બલર) 'યા હૈ મોહબ્બત, યા હૈ ઈબાદત'. આ બે લાઈનમાં આખી જિંદગીનો નિચોડ છે. પ્રેમ અને ભક્તિ વચ્ચે ફરક શું? બંનેમાં સમર્પણ છે, બંનેમાં સ્વાર્થ નથી. જ્યારે કોઈ સંબંધ ઈબાદત જેવો પવિત્ર બની જાય, ત્યારે જ એ કાયમ રહે છે. નહીંતર બધું સોદો બની જાય છે.

*કભી કભી મેરે દિલ મેં ખ્યાલ આતા હૈ-(કભી કભી)જુવાનીમાં આ કોઈની યાદ હતી. આજે આ જિંદગીની યાદ છે. 'કે જૈસે તુઝકો બનાયા ગયા હૈ મેરે લિયે' સાંભળીને મન પૂછે છે કે જે તકો, જે લોકો, જે સપના હાથમાંથી નીકળી ગયા... એ શું મારા માટે જ બન્યા હતા? આ ગીત આપણને અધૂરપ સાથે શાંતિથી જીવતા શીખવે છે.

*તુઝસે નારાજ નહીં જિંદગી, હૈરાન હૂં મૈં-(માસૂમ) આ ફરિયાદ નથી, આ સ્વીકાર છે. જિંદગીથી નારાજ નથી, પણ હેરાન છીએ. કેમ કોઈને બધું મળે અને કોઈને કંઈ નહીં? કેમ મહેનત છતાં પરિણામ ના મળે? આ ગીત આપણને શીખવે છે કે દરેક સવાલનો જવાબ નથી હોતો. ક્યારેક ફક્ત પૂછીને જ આગળ વધવું પડે છે.

*દુનિયા બનાને વાલે, ક્યા તેરે મન મેં સમાઈ-(તીસરી કસમ) યુવાનીમાં આ ભગવાનને પ્રશ્ન હતો. આજે આ એકલા માણસનો સંવાદ છે. જ્યારે દુનિયા સમજતી નથી, ત્યારે આપણે આકાશ સામે જોઈને પૂછીએ છીએ:'તેં આ દુનિયા કેમ બનાવી? આટલો દુઃખ, આટલી ખુશી?' અને જવાબમાં ફક્ત શાંતિ મળે છે. એ જ શાંતિમાંથી શક્તિ મળે છે.

*મેરે નૈના સાવન ભાદો, ફિર ભી મેરા મન પ્યાસા-(મહેબૂબા) બહારથી બધું છે. નામ, પૈસો, પરિવાર. પણ અંદર એક ખાલીપો છે જે ક્યારેય ભરાતો નથી. એ ખાલીપાનું નામ છે 'અધૂરપ'. મનુષ્ય સ્વભાવ જ એવો છે કે મળે એનાથી વધુ જોઈએ. આ ગીત એ કાયમી તરસને અવાજ આપે છે.

*વો શામ કુછ અજીબ થી, યે શામ ભી અજીબ હૈ -(ખામોશી) એક સમયે જે સાંજ ખાસ હતી, જે લોકો સાથે હતા... આજે એ જ સમયે એકલા બેઠા છીએ. સમય એક જ છે, પણ અનુભવ બદલાઈ ગયો છે. ગુલઝારના આ શબ્દો એ ખાલીપાને પકડે છે જેને શબ્દોમાં કહી નથી શકાતો.

*આને વાલા પલ જાને વાલા હૈ - (ગોલમાલ)સમય સૌથી મોટો શિક્ષક છે અને સૌથી ક્રૂર પણ. જે પળ હાથમાં છે એ જ અસલી છે. આવતીકાલનું વચન કોઈ આપી શકે નહીં. એટલે હસી લો, માફ કરી દો, ભેટી લો. કારણ કે આ પળ જશે તો પાછી નહીં આવે.

*રૂક જા ઓ જાને વાલી રુક જા - (કન્હૈયા)૪૦ પછી દરેકને એવું લાગે છે. સમય થોડો ધીમો ચાલ. બાળકોને મોટા થતા જોવા છે, મા-બાપ સાથે વધુ સમય ગાળવો છે, પોતાના માટે જીવવું છે. પણ સમય કોઈની રાહ નથી જોતો. એટલે આ ગીત એક પ્રાર્થના બની જાય છે.

*જિંદગી દો દીનો કી -(આનંદ) આ ગીત મૃત્યુને સામે રાખીને જીવનની વાત કરે છે. 'જિંદગી કૈસી હૈ પહેલી' એટલે કે આટલી ટૂંકી છે કે ઝગડા કરવા માટે સમય જ નથી. જે છે તેને પ્રેમ કરો. કારણ કે જવાનું તો બધાએ જ છે. *કહીં દૂર જબ દિન ઢલ જાયે- (આનંદ) સાંજ પડે અને એકલતા આવે ત્યારે આ ગીત સાથી બને છે. તે સમજાવે છે કે જે લોકો ગયા એ ગયા, પણ જે યાદો આપી ગયા એ જ આપણી મૂડી છે. ભૂતકાળમાં જીવવાનું નહીં, પણ ભૂતકાળને સાચવવાનું છે.

# ન ગુરોરધિકં તત્ત્વં, ન ગુરોરધિકં તપઃ, સદગુરુથી અધિક જગતમાં ન કોઇ તત્વ છે, ન કોઇ તપ છે!

આવતી કાલે અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરુ પૂર્ણિમા છે, અને આ લેખિકા માટે સદગુરુથી ઉપર કોઈ નથી, એ અનૂભૂતિ શબ્દોથી પરે છે, અને છતાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી એમ રોજ લેખ રુપે પીરસાય પણ છે! સદગુરુ શિષ્યનાં અનૂભૂતિનાં આકાશમાં મૂલાધાર થી સહસ્ત્રાર સુધીનાં રંગોની રંગોળી રચી ક્ષણોને આલ્હાદક બનાવે છે, અને પછી કહે છે હવે આ જ રંગોનું કે ભાવનું સર્જન તું સંસારમાં કરી દેખાડ! અલૌકિક ને લૌકિક કરવું, બહુ કઠિન છે! સંબંધો કે જ્યાં રાગ જ કેન્દ્રમાં હોય, ત્યાં રંગ કે ભાવનું રોપણ? પહેલાં એક એક રાગનાં તંતુઓ છોડાવી વૈરાગી બનાવી દે, અને પછી એ જ તંતુઓ સાથે અનુરાગ જોડી પરમ પ્રેમનાં પંથે દોરી જગતમાં જગદીશનું દર્શન કરાવે. અષાઢ સુદ પૂનમ એટલે વેદ વ્યાસની જન્મ જયંતી! ભગવાન વેદ વ્યાસે સાંપ્રત મન્વતંરમાં વેદને વિભાજીત કર્યાં અને અઢાર પુરાણ લખ્યાં. વેદ વ્યાસ સનાતન ધર્મનાં પ્રથમ આચાર્ય છે, માટે આજનાં દિવસને વ્યાસ પૂર્ણિમા અથવા ગુરુ પૂર્ણિમા કહેવામાં આવે છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ગુરુ માટે આપણે ત્યાં અનેક વ્યાખ્યાઓ થઈ છે. આપણાં સનાતન ધર્મમાં અધ્યાત્મ પંથે દોરનારને ગુરુ કહેવામાં આવે છે! વિશ્વમાં એક સનાતન ધર્મમાં જ આત્મા પરમાત્માનાં સાક્ષાત્કારની વાત છે, અને સંસારમાં રહીને પણ પરમ તત્વની પ્રાપ્તિ થઈ શકે, એવું જ્ઞાન ગુરુ આપે છે. ગુરુ એટલે શિષ્યને અજ્ઞાન રુપી અંધકારથી જ્ઞાન રુપી પ્રકાશ તરફ દોરતી અલૌકિક શક્તિ. ગુરુ એટલે શિષ્યની જીવાદોરી, ગુરુ એટલે હરક્ષણ જાગૃત રાખતું પ્રેરક બળ, ગુરુ એટલે દિવ્ય રોશની, ગુરુ એટલે અનુભવની એરણે ચડાવીને નિત્ય નૂતન જ્ઞાન આપતું અસ્તિત્વ, સિદ્ધિ નહીં પણ શુદ્ધિ જરૂરી છે, એ સમજાવી સ્પર્ધા મુક્ત કરી સંસાર સુખદ બનાવે. આમ તો ગુરુપૂર્ણિમા નામમાં જ ગુરુનો વિશિષ્ઠ અર્થ સમાયો છે! ગુરુ + પૂર્ણિમા એટલે કે જે ગુરુ, શિષ્યને પૂનમના ચાંદ જેમ સોળ સિદ્ધિની કે સોળ શુદ્ધી અપાવે છે, અથવા તો પૂર્ણ આનંદ સુધીની સફર કરાવી એને જન્મ મૃત્યુનાં શાશ્વત બંધનમાંથી મુક્ત કરી, આનંદ સ્વરૂપ બનાવે છે, અને એટલે એનાં પૂજનનો મહિમા ગવાયો છે.બાળકનાં જન્મથી જ એને સાચાં સંસ્કાર આપનાર માતા પિતાને પ્રથમ ગુરુ તરીકે મનાવવામાં આવે છે. પણ ગુરુ એટલે ગુરુ એનું સ્થાન સૌથી ઉપર છે, અને આપણાં વૈદિક શાસ્ત્રમાં ગુરુની મહત્તા બતાવતાં ઘણાં મંત્રો છે.

૧)ગુરુબ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગરુર્દેવો મહેશ્વરઃ,
ગુરુઃ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ.

ગુરુ જ બ્રહ્મા છે, ગુરુ જ વિષ્ણુ છે, ગુરુ જ મહાદેવ છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ છે; એવા શ્રી ગુરુને નમસ્કાર.

૨) અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાજ્જનશલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગરુવે નમઃ.

જે ગુરુએ અજ્ઞાનરૂપ અંધકારમાં રહેલા મારા જ્ઞાનચક્ષુ ખોલ્યા, એવા શ્રી ગુરુને નમસ્કાર.

૩) ધ્યાનં મૂલમ ગુરુ મૂર્તિ,પૂજા મૂલમ ગુરુ પદમ,
મંત્રં મૂલમ ગુરુ વાક્યમ,મોક્ષ મૂલમ ગુરુ કૃપા.

સાચાં શિષ્યને ધ્યાન કરવા માટે, સદગુરુનું મંગલ સ્વરૂપ પર્યાપ્ત છે, પૂજા કરવા માટે તેનાં ચરણ, અને ગુરુનાં વચનો જીવન મંત્ર બની તેને કાયમ દોરે છે, અને ગુરુકૃપા તેને મોક્ષ તરફ લઈ જાય છે.

૪)યસ્ય દેવે પરા ભકતિઃ યથા દેવે તથા ગુરૌ,
તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ.

જે શિષ્યને ભગવાન પ્રત્યે પરમ ભક્તિ હોય અને તેવી જ ભક્તિ ગુરુ પ્રત્યે હોય, તેના માટે શાસ્ત્રોના તમામ રહસ્યો પ્રગટ થાય છે.

૫)ગુરૌ મનુષ્યબુદ્ધિં ચ મન્ત્રે ચાક્ષરભાવનામ્,
પ્રતિમાસુ શિલાબુદ્ધિં કુર્વાણો નરકં વર્જેત.

જે ગુરુને માત્ર સામાન્ય મનુષ્ય સમજે, મંત્રને માત્ર અક્ષરો સમજે અને મૂર્તિને માત્ર પથ્થર સમજે, તે આધ્યાત્મિક કલ્યાણથી વંચિત રહે છે.

૬)ન ગુરોરધિકં તત્ત્વં, ન ગુરોરધિકં તપઃ,
તત્તવજ્ઞાનત્પરં નાસ્તિ તસ્મૈ શ્રીગુરવે નમઃ
.

ગુરુથી મહાન કોઈ તત્ત્વ નથી, ગુરુથી મહાન કોઈ તપ નથી. તત્ત્વજ્ઞાનથી શ્રેષ્ઠ કંઈ નથી; એવા શ્રી ગુરુને નમસ્કાર.

અને એટલે જ ગુરુને સાક્ષાત પરબ્રહ્મનું સ્થાન આપ્યું છે. બંદઉ ગુરુ પદ પદમુ પરાગા.. જેવાં શ્લોકથી શિષ્ય ગુરુ પૂજન કરે છે, અને ગુરુ શિષ્યને પરમ પથ પર દોરે છે. ગુરુ બિન જ્ઞાન કહાં સે પાઉં.ગુરુ ગોવિંદ દોનું ખડે કાકે લાગૂ પાય! જેવી ગુરુ તત્વ ને બિરદાવતી કબીરની અનેક સાખી છે.

આજે આપણી પાસે વૈજ્ઞાનિક વિકાસને કારણે આનંદ સિવાય લગભગ બધું જ છે, એમ કહી શકાય! માનવી અવકાશ યાત્રા પણ કરી શકે છે! અન્ય ગ્રહ પરનું અવલોકન પણ કરી શકે છે. પણ ગુરુ એક એવો ગ્રહ છે, જો એને ચરણે બેસી જઈએ તો બાકી બધાં આગ્રહો છોડાવીને અનુરાગમાં ફેરવી નાખે. હકીકતમાં સુખને આનંદ સમજવાની ભૂલને કારણે જ આપણે આનંદ સુધી પહોંચી શકતા નથી. માનવી છીએ એટલે સુખની ચાહ એમ સમાપ્ત થતી નથી! કે શ્રેષ્ઠ સુખ માટેની જીદ પણ જતી નથી! કારણકે સમજ એટલે કે તત્વતઃ જ્ઞાનનો અભાવ છે. માનવીની બીજી ભૂલ એ છે કે શિક્ષણથી સમજ કે જ્ઞાન આવે! પણ શિક્ષણથી માત્ર માહિતી કે જાણકારી વધી છે, ઉલટું અહીંથી એક દિવસ બધું મૂકીને જવાનું છે, તો શું કામ મારું! મારું! ? આવી સાવ સામાન્ય સમજથી પણ આપણે દૂર થતાં જઈએ છીએ! સદગુરુ પોતાનો શિષ્ય પૂર્ણતાનાં આરે પહોંચી શકે એ માટે, પ્રથમ જીવન માંથી ત્રણેય કાળના કાટને કાઢી, સત્યનિષ્ઠ કરે છે, ત્યારબાદ સમય, સંજોગ, અને સંબંધની સમજને સમ બનાવી સહજ બનાવે છે.

સમય ** એટલે કે સાલ, તારીખ, તિથિ, વાર મુજબ જે વર્તમાન કાળ હોય, એની સામે આપણો લાખ વિરોધ હોય, પણ એમાં આપણે કંઈ જ કરી શકીએ નહીં! નથી ભૂતકાળમાં જવાતું કે નથી ભવિષ્યમાં! દાખલા તરીકે આજે ગુરુવાર છે તો છે! આપણાં ઈચ્છવાથી એ રવિવાર થઈ જતો નથી! ઉપરાંત હમારે જમાને મેં તો..અને એ આપણે સૌ જાણીએ જ છીએ! છતાં સમ રહી શકતાં નથી. વ્યક્તિગત રીતે સમયનું પરિબળ હંમેશા પરિપેક્ષ હોય છે, એટલે કે કોઈનો ભૂતકાળ પીડિત હોય, કોઈનો પ્રસન્ન હોય, પણ જે થયું તે થયું અને જે ગયું તે ગયું! એવી જાણકારીને સહજ સમજમાં પરિવર્તિત કરવાનો અનુભવ કરાવીને શિષ્યને સમ બનાવે છે. સંજોગ** એટલે કે સમય સાથે જોડાયેલી એવી પરિસ્થિતિ કે જેમાં આપણે નિઃસહાય થઈ જઈએ છીએ.



# ગુજરાતમાં મેઘમહેર: 207 જળાશયોમાં 54 ટકાથી વધુ જળસંગ્રહ, 13 ડેમ છલકાયા અને 21 હાઈ એલર્ટ

**ગાંધીનગર, તા.27**

ગુજરાતમાં ચાલુ ચોમાસાની ઋતુ દરમિયાન સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક અને ભારે વરસાદ વરસી રહ્યો છે, જેના પરિણામે રાજ્યના તમામ મુખ્ય જળાશયોમાં નવા નીરની વિપુલ પ્રમાણમાં આવક નોંધાઈ રહી છે. જળસંપત્તિ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા 27મી જુલાઈના તાજેતરના અહેવાલ અનુસાર, રાજ્યના કુલ 207 નાના-મોટા જળાશયોમાં હાલમાં સરેરાશ 54 ટકાથી વધુ જળસંગ્રહ થઈ ચૂક્યો છે. સતત થઈ રહેલી પાણીની આવકના કારણે અત્યાર સુધીમાં 13 જેટલા ડેમ સંપૂર્ણપણે એટલે કે 100 ટકા ભરાઈને છલકાઈ ગયા છે, જેના કારણે સંબંધિત વિસ્તારોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. બીજી તરફ પાણીના જથ્થાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા 21 ડેમ માટે 'હાઈ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે 5 જળાશયો માટે 'એલર્ટ' અને 13 જળાશયો માટે 'વોર્નિંગ' આપવામાં આવી છે.

રાજ્યની જીવાદોરી ગણાતા સરદાર સરોવર નર્મદા ડેમની સ્થિતિ ખૂબ જ આશાસ્પદ છે. હાલમાં નર્મદા ડેમમાં 2,31,342 એમસીએફટી જેટલો વિશાળ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે તેની કુલ સંગ્રહ ક્ષમતાના 69.25 ટકા જેટલો થાય છે અને તેમાં હજુ પણ પ્રતિ સેકન્ડ 3,232 ક્યુસેક પાણીની સતત આવક થઈ રહી છે. જો નર્મદા સિવાયના બાકીના 206 મુખ્ય જળાશયોની વાત કરીએ તો તેમાં કુલ 2,53,336 એમસીએફટી જળસંગ્રહ થયો છે, જે તેમની કુલ ક્ષમતાના 45.41 ટકા છે. જોકે, ગત વર્ષના આંકડા સાથે સરખામણી કરવામાં આવે તો ગયા વર્ષે આજના દિવસે રાજ્યના જળાશયોમાં 61 ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહિત થયેલો હતો.

રાજ્યભરના ડેમોની ભરાવાની ટકાવારી આધારિત સ્થિતિ જોઈએ તો, 13 ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે, 26 ડેમ એવા છે જે 90 ટકાથી 100 ટકા સુધી ભરાઈ ચૂક્યા છે અને ટૂંક સમયમાં છલકાઈ શકે છે. આ ઉપરાંત 28 ડેમમાં 50 ટકાથી 70 ટકા સુધી, 55 ડેમમાં 25 ટકાથી 50 ટકા સુધી અને 84 ડેમમાં હજુ 25 ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે. દક્ષિણ ગુજરાતના મુખ્ય ડેમોમાં પાણીની આવક સૌથી વધુ નોંધાઈ રહી છે. જેમાં દમણગંગા ડેમમાં 27,412 ક્યુસેક પાણીની ભારે આવક સામે સુરક્ષાના ભાગરૂપે 37,000 ક્યુસેકથી વધુ પાણી છોડવામાં આવી રહ્યું છે, જ્યારે તાપી નદી પર આવેલા પ્રખ્યાત ઉકાઈ ડેમમાં પણ 11,689 ક્યુસેક પાણીની આવક સતત ચાલુ છે.

પ્રદેશ અથવા મંડળ મુજબ જળાશયોની સ્થિતિ પર નજર કરીએ તો મધ્ય ગુજરાતના 17 ડેમોમાં સરેરાશ 50 ટકાથી વધુ પાણીનો સંગ્રહ થઈ ચૂક્યો છે, જે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ છે. સૌરાષ્ટ્રના વિશાળ વિસ્તારમાં આવેલા 141 ડેમોમાં 47 ટકાથી વધુ પાણી ભરાઈ ગયું છે, જેનાથી ખેડૂતોમાં ભારે ઉત્સાહ છે. દક્ષિણ ગુજરાતના 13 ડેમોમાં 45 ટકા જળસંગ્રહ થયો છે, તો ઉત્તર ગુજરાતના 15 ડેમોમાં 39 ટકાથી વધુ પાણી આવ્યું છે. કચ્છ પ્રદેશમાં આવેલા 20 જળાશયોમાં હાલ 25 ટકા જેટલું પાણી સંગ્રહિત થયું છે. સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ જળવાઈ રહેતા આવનારા દિવસોમાં જળાશયોમાં પાણીની આવક હજુ પણ વધવાની સંપૂર્ણ શકયતા છે.

ત્રણ જોડી ટ્રેનોના ટર્મિનલ સ્ટેશનમાંફેરફાર

# સાબરમતીને બદલે ગાંધીગ્રામથી થશે સંચાલન, ચાંદખેડા રોડ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ.....



**અમદાવાદ, તા.27**

યાત્રીઓની સુવિધા તથા અમદાવાદ શહેરમાં ઉત્તમ રેલવે સંપર્ક ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી રેલવે મંત્રાલયે સાબરમતી-જોધપુર એક્સપ્રેસ, સાબરમતી-આગરા કેન્ટ એક્સપ્રેસ અને સાબરમતી-ગ્વાલિયર એક્સપ્રેસનું ટર્મિનલ સ્ટેશન સાબરમતીથી બદલીને ગાંધીગ્રામ કરવા માટે મંજૂરી આપી છે. સાથે જ આ તમામ ટ્રેનોને ચાંદખેડા રોડ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

1. ટ્રેન નંબર 14822/14821 ગાંધીગ્રામ-જોધપુર-ગાંધીગ્રામ એક્સપ્રેસ

ટ્રેન નંબર 14822 ગાંધીગ્રામ-જોધપુર એક્સપ્રેસ તારીખ 27 ઓગસ્ટ 2026 થી દરરોજ ગાંધીગ્રામ સ્ટેશનથી સવારે 07.00 કલાકે પ્રસ્થાન કરશે. આ ટ્રેન ચાંદખેડા રોડ સ્ટેશન પર 07.09 કલાકે આગમન તથા 07.11 કલાકે પ્રસ્થાન કરશે અને 18.10 કલાકે જોધપુર પહોંચશે.

એ જ રીતે, ટ્રેન નંબર 14821 જોધપુર-ગાંધીગ્રામ એક્સપ્રેસ તારીખ 26 ઓગસ્ટ 2026 થી દરરોજ જોધપુરથી પોતાના નિર્ધારિત સમય 10.00 કલાકે પ્રસ્થાન કરશે. આ ટ્રેન ચાંદખેડા રોડ સ્ટેશન પર 20.15 કલાકે આગમન તથા 20.17 કલાકે પ્રસ્થાન કરશે અને 21.00 કલાકે ગાંધીગ્રામ પહોંચશે.

2. ટ્રેન નંબર 12548/12547 ગાંધીગ્રામ-આગરા કેન્ટ-ગાંધીગ્રામ એક્સપ્રેસ (અઠવાડિયામાં 4 દિવસ)

ટ્રેન નંબર 12548 ગાંધીગ્રામ-આગરા કેન્ટ એક્સપ્રેસ તારીખ 26 ઓગસ્ટ 2026 થી ગાંધીગ્રામ સ્ટેશનથી સાંજે 16.40 કલાકે પ્રસ્થાન કરશે. આ ટ્રેન ચાંદખેડા રોડ સ્ટેશન પર 17.02 કલાકે પહોંચશે તથા 17.04 કલાકે પ્રસ્થાન કરી બીજા દિવસે 07.05 કલાકે આગરા કેન્ટ પહોંચશે.

એ જ રીતે, ટ્રેન નંબર 12547 આગરા કેન્ટ-ગાંધીગ્રામ એક્સપ્રેસ તારીખ 25 ઓગસ્ટ 2026 થી આગરા કેન્ટથી પોતાના નિર્ધારિત સમય 22.00 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે આ ટ્રેન ચાંદખેડા રોડ સ્ટેશન પર 11.02 કલાકે આગમન તથા 11.04 કલાકે પ્રસ્થાન કરશે અને 12.00 કલાકે ગાંધીગ્રામ પહોંચશે.

3. ટ્રેન નંબર 22548/22547 ગાંધીગ્રામ-ગ્વાલિયર-ગાંધીગ્રામ એક્સપ્રેસ (અઠવાડિયામાં 3 દિવસ)

ટ્રેન નંબર 22548 ગાંધીગ્રામ-ગ્વાલિયર એક્સપ્રેસ તારીખ 27 ઓગસ્ટ 2026 થી ગાંધીગ્રામ સ્ટેશનથી સાંજે 16.40 કલાકે પ્રસ્થાન કરશે. આ ટ્રેન ચાંદખેડા રોડ સ્ટેશન પર 17.02 કલાકે આગમન તથા 17.04 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 09.25 કલાકે ગ્વાલિયર પહોંચશે.

એ જ રીતે, ટ્રેન નંબર 22547 ગ્વાલિયર-ગાંધીગ્રામ સુપરફાસ્ટ એક્સપ્રેસ તારીખ 26 ઓગસ્ટ 2026 થી ગ્વાલિયરથી પોતાના નિર્ધારિત સમય 20.10 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે આ ટ્રેન ચાંદખેડા રોડ સ્ટેશન પર 11.02 કલાકે આગમન તથા 11.04 કલાકે પ્રસ્થાન કરશે અને 12.00 કલાકે ગાંધીગ્રામ પહોંચશે. યાત્રી કૃપા કરીને ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય અદ્યતન માહિતી માટે રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક દ્વારા અમદાવાદ મંડળના કર્મચારી અજય ગાયકવાડને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા



**અમદાવાદ, તા.27**

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા અમદાવાદ મંડળના કાંકરિયા પેનલ ખાતે કાર્યરત શ્રી અજય ગાયકવાડને સુરક્ષા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી, સતર્કતા અને સુરક્ષિત રેલ સંચાલનમાં નોંધપાત્ર યોગદાન બદલ 'મેન ઑફ ધ મન્થ' (જૂન-2026) સંરક્ષા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. સન્માનિત કર્મચારીની વિગતો નીચે મુજબ છે.

તા. 28.06.2026ના રોજ અમદાવાદ મંડળના કાંકરિયા પેનલ પર બપોરે 15:00 થી રાત્રે 23:30 વાગ્યાની ફરજ દરમિયાન શ્રી અજય ગાયકવાડે અંદાજે 18:03 વાગ્યે વટવાથી રવાના થયેલી એક માલગાડી પસાર થઈ રહી હતી ત્યારે તેના બે વેગનોના અપર લિડ (Upper Lid) ખુલ્લા હોવાનું સતર્કતાપૂર્વક નિહાળ્યું.

તેમણે તાત્કાલિક અમદાવાદ ટાવર કેબિનને જાણ કરી અને સંબંધિત માલગાડીને આગમન સિગ્નલ ન આપવાની સૂચના આપી, જેના પરિણામે ગાડીને સિગ્નલ પર સુરક્ષિત રીતે અટકાવવામાં આવી. ત્યારબાદ જરૂરી પાવર બ્લોક મેળવી C&W સ્ટાફ દ્વારા બંને વેગનોની મરમ્મતકરવામાં આવી. ખામી દૂર થયા બાદ માલગાડીને સુરક્ષિત રીતે આગળના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.

સ્ટેશન માસ્ટરની સતર્કતા, ત્વરિત નિર્ણયક્ષમતા તથા ' સંરક્ષા સર્વોપરી' ના સિદ્ધાંત પ્રત્યેની પ્રતિબદ્ધતાના કારણે સંભવિત દુર્ઘટનાને સમયસર ટાળી શકાયી હતી.

અમદાવાદ મંડળને તેના આ કર્મચારીની આ સિદ્ધિ પર ગર્વ છે. આ સન્માન તમામ રેલવે કર્મચારીઓને સુરક્ષિત રેલ સંચાલન માટે હંમેશા સતર્ક રહી જવાબદારીપૂર્વક ફરજ નિભાવવાની પ્રેરણા આપશે.

# સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ અંગે e-Zero FIR સેવાનો પ્રારંભ, હવે ઘરબેઠાં જ નોંધાશે પોલીસ ફરિયાદ

**ગાંધીનગર, તા.27**

ગાંધીનગર ખાતેથી રાજ્ય સરકારે સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ અંગે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ક્રાંતિકારી ડિજિટલ પહેલ 'e-Zero FIR' સેવાનું સત્તાવાર લોન્ચિંગ કર્યું છે. સાયબર અને ફાઈનાન્સિયલ ઠગાઈનો ભોગ બનતા નાગરિકોને ઝડપી, સરળ અને અસરકારક ન્યાય ઉપલબ્ધ કરાવવાના ઉમદા હેતુથી આ સેવા શરૂ કરવામાં આવી છે, જે ડિજિટલ ક્રાઈમ સામેની લડાઈમાં એક મોટું શસ્ત્ર સાબિત થશે.




આ નવી વ્યવસ્થાના સફળ અમલીકરણથી હવે સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને પોતાની પ્રાથમિક ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની કે રૂબરૂ જવાની બિલકુલ જરૂર રહેશે નહીં. કોઈ પણ પીડિત નાગરિકે માત્ર ૧૯૩૦ (1930) હેલ્પલાઈન નંબર પર કૉલ કરીને પોતાની સાથે થયેલા સાયબર ફ્રોડની જાણ કરવાની રહેશે. ફરિયાદી દ્વારા વિગતો આપતાં જ ટેકનોલોજીકલ સિસ્ટમ દ્વારા આપોઆપ ડિજિટલ માધ્યમથી e-Zero FIR જનરેટ થઈ જશે અને આ ઈ-ઝીરો એફઆઈઆર કોઈ પણ વિલંબ વગર સંબંધિત પોલીસ સ્ટેશનને સીધી ટ્રાન્સફર કરી દેવામાં આવશે. ત્યારબાદ જે તે પોલીસ મથકના જવાબદાર અધિકારીઓ ફરિયાદીનો જાતે સંપર્ક કરીને તમામ જરૂરી વિગતો મેળવશે અને કાયદાકીય નિયમ મુજબ આગળની વિગતવાર FIR નોંધીને તપાસનો દોર સંભાળી લેશે.

આ નવીન 'e-Zero FIR' સિસ્ટમથી પીડિતોને પોતાના ઘરેબેઠાં જ તાત્કાલિક અને ઝડપી ફરિયાદ નોંધાવવાની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. નાણાકીય ગુનાઓમાં સમયનું અત્યંત મહત્વ હોય છે, ત્યારે આ સિસ્ટમ સક્રિય થવાથી ઘટના બન્યાના ટૂંક જ સમયમાં પોલીસ અને સાયબર ક્રાઈમની સ્પેશિયલ ટીમ ત્વરિત એક્શન મોડમાં આવી જશે. જેના પરિણામે ઠગબાજો દ્વારા ટ્રાન્સફર કરાયેલી કે ફ્રોડ થયેલી રકમને તાત્કાલિક બેંક ખાતાઓમાં હોલ્ડ અથવા ફ્રીઝ કરાવી શકાશે, જેથી નાગરિકોના મહેનતના પૈસા પાછા રિકવર કરવાની શક્યતાઓમાં ખૂબ જ મોટો વધારો થશે.

આ નવી સિસ્ટમની કાર્યક્ષમતાનું એક ઉત્કૃષ્ટ અને સફળ ઉદાહરણ પણ લોન્ચિંગ સાથે જ સામે આવ્યું છે. અમદાવાદના એક રહેવાસી શાતિર ઠગો દ્વારા 'ડિજિટલ અરેસ્ટ'ના નામે આચરવામાં આવેલી સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા હતા. આ બનાવ અંગે નવી વ્યવસ્થા હેઠળ રાજ્યની સૌથી પહેલી e-FIR દાખલ કરવામાં આવી હતી. આ ઈ-એફઆઈઆરના આધારે સાયબર ક્રાઈમ વિભાગે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ત્વરિત અને તકેદારીપૂર્વક કાર્યવાહી કરીને પીડિત નાગરિકના ૧૫.૭૬ લાખ (15.76 lakh) રૂપિયા જેટલી માતબર રકમ સુરક્ષિત રીતે બચાવી લેવામાં મોટી સફળતા મેળવી છે.

# અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસમાં થશે મહત્વપૂર્ણ ફેરફારો: અમદાવાદના બદલે હવે સાબરમતી (જેલ સાઇડ) SBT સ્ટેશન પરથી થશે સંચાલન

## આંબલી રોડને મળશે વંદે ભારત એક્સપ્રેસની ભેટ, સુધારેલી સમયસારણી 17 ઓગસ્ટ, 2026થી અમલમાં આવશે

**અમદાવાદ, તા.27**

મુસાફરોની સુવિધા, વધુ સારી રેલ કનેક્ટિવિટી તેમજ આધુનિક રેલ સેવાઓને વધુ મજબૂત બનાવવાના હેતુથી રેલવે મંત્રાલયે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. તેના હેઠળ ટ્રેન નંબર 22925/22926 અમદાવાદ-ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસના ટર્મિનલ સ્ટેશન, સમયસારણી તેમજ રૂટમાં આંબલી રોડ સ્ટેશન પર નવા સ્ટોપેજને મંજૂરી આપવામાં આવી છે. આ સુધારેલી વ્યવસ્થા 17 ઑગસ્ટ, 2026થી અમલમાં આવશે.



સુધારેલી વ્યવસ્થા મુજબ હવે આ વંદે ભારત એક્સપ્રેસનું પ્રારંભિક અને અંતિમ સ્ટેશન અમદાવાદના બદલે સાબરમતી (જેલ સાઇડ) SBT રહેશે. ઉપરાંત, અમદાવાદના ઝડપથી વિકસતા પશ્ચિમ વિસ્તારના મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને આંબલી રોડ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ પણ આપવામાં આવ્યું છે.

**સુધારેલી સમય-સારણી**

ટ્રેન નંબર 22925 સાબરમતી-ઓખા વંદે ભારત એક્સપ્રેસ 17 ઑગસ્ટ, 2026 થી દરરોજ (મંગળવાર સિવાય) સાબરમતીથી સવારે 06:15 વાગ્યે પ્રસ્થાન કરશે. આ ટ્રેન આંબલી રોડ સ્ટેશન પર 06:23 વાગ્યે પહોંચશે અને 06:25 વાગ્યે પ્રસ્થાન કરીને 13:20 વાગ્યે ઓખા પહોંચશે.

તે જ રીતે, ટ્રેન નંબર 22926 ઓખા-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ઓખાથી 16:45 વાગ્યે પ્રસ્થાન કરશે. આ ટ્રેન આંબલી રોડ સ્ટેશન પર 22:40 વાગ્યે પહોંચશે અને 22:42 વાગ્યે પ્રસ્થાન કરીને 23:10 વાગ્યે સાબરમતી પહોંચશે.

આ ટ્રેન મંગળવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ દોડશે.

**આંબલી રોડ સ્ટેશનને પ્રથમ વખત મળશે વંદે ભારત એક્સપ્રેસનું સ્ટોપેજ**

આ નિર્ણય સાથે આંબલી રોડ રેલવે સ્ટેશનને પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસનું સ્ટોપેજ મળશે. તેના પરિણામે શહેરના પશ્ચિમ વિસ્તાર, એસ.જી. હાઈવે, બોડકદેવ, પ્રહલાદનગર, સાઉથ બોપલ, શેલા તેમજ આસપાસના વિસ્તારોના મુસાફરોને વધુ અનુકૂળ, સમયની બચત કરાવતી અને આધુનિક રેલ સેવાનો લાભ મળશે.

**બુકિંગ સંબંધિત માહિતી**

વર્તમાન સમય-સારણી અનુસાર ટ્રેન નંબર 22925 અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસની હાલની વ્યવસ્થા 15 ઑગસ્ટ, 2026 સુધી અમલમાં રહેશે. જ્યારે ટ્રેન નંબર 22926 ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસની હાલની વ્યવસ્થા 16 ઑગસ્ટ, 2026 સુધી અમલમાં રહેશે.



મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે શ્રી હરસિધ્ધેશ્વર મહાદેવના મંદિરે અષાઢ સુદ તેરસને સોમવાર ના રોજથી જયા પાર્વતી વ્રતના પૂજન અર્ચન ની શરૂઆત કરવામાં આવી જેમાં કુવારીકા બહેનો દ્વારા પોતાને મનવાંછીત સુયોગ્ય ભરથાર મળે તે માટે તેમજ પરિણીત મહિલાઓ દ્વારા પોતાની મનોકામનાઓ પરિપૂર્ણ થાય ઉપરાંત સુખી દાંપત્ય જીવન પસાર થાય તે માટે શ્રી ગણપતિજી શ્રી મહાદેવજી તેમજ શ્રી પાર્વતીજી ની પૂજા અર્ચના શ્રી ભરતભાઈ એ. પંડ્યા દ્વારા શાસ્ત્રોત વિધિથી કરાવવામાં આવે છે. પૂજન અર્ચન બાદ બહેનો વાર્તા સાંભળી મહાદેવજીને બીલીપત્રો અર્પણ કરી થાળ આરતી કરે છે આ વ્રત દરમિયાન બહેનો લુણ (મીઠા.) નો ત્યાગ કરી ઉપવાસ કરે છે તેથી આ વ્રતને અલુના વ્રત પણ કહેવામાં આવે છે. અષાઢ વદ બીજને શનિવારના દિવસે જાગરણ કરી ઉપવાસી બહેનો દ્વારા આ વ્રતની પૂર્ણાહુતિ કરવામાં આવે છે............(ભરતભાઈ એ.પંડ્યા. દીવડા કોલોની.)




ઝિમ્બાબ્વેના હરારેમાં ઝિમ્બાબ્વે સામેની ત્રીજી T20 ક્રિકેટ મેચ બાદ ટીમના સાથી ખેલાડીઓ સાથે ઉજવણી કરતી વખતે ભારતના કેપ્ટન શ્રેયસ ઐયર, મધ્યમાં, ટ્રોફી પકડીને.



# અનાહત સિંહે ઈતિહાસ રચ્યો, વર્લ્ડ જુનિયર સ્કવોશમાં ચેમ્પિયન

**ફાઇનલમાં મિસ્રની રુકૈયા સલેમને 11-3,11-7, 11-9થી પરાજય આપ્યો**

**નવી દિલ્હી, તા.27**

ભારતીય યુવા સ્કવોશ ખેલાડી અનાહતસિંહે કેનેડાના ઓંટારિયોમાં ઈતિહાસ રચતાં વર્લ્ડ સ્કવોશ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતી લીધું છે. ફાઈનલમાં તેણીએ મિસ્રની રુકૈયા સલેમને 11-3,11-7, 11-9થી પરાજય આપી ભારતને પ્રથમ વખત જુનિયર સ્કવોશ વર્લ્ડ ચેમ્પિયન બનાવ્યું છે. આ સાથે જ તે જુનિયર અને સિનિયર લેવલે પણ વર્લ્ડ સ્કવોશ ટાઈટલ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી પણ બની ગઈ છે. દિલ્હીની અનાહતે ફાઈનલમાં શરૂઆતથી જ પોતાનો દબદબો બનાવતાં પ્રથમ સેટ 11-3, બીજો સેટ 11-7થી જીતી લીધી હતી. ત્રીજી ગેમમાં રુકય્યા સલેમે વાપસીનો પ્રયાસ કર્યો હતો અને એક સમયે 8-6ની લીડ પણ મેળવી લીધી હતી. જોકે, અનાહતે વળતો પ્રહાર કરી ત્રીજો સેટ 11-9થી પોતાના નામે કરી ટાઈટલ જીતી લીધું હતું. અનાહતે આ જીત સાથે છેલ્લા ૧૫ વર્ષથી મહિલા જુનિયર સ્કવોશમાં મિસ્રના વર્ચસ્વનો પણ અંત લાવી હતી. ૨૦૧૦માં અમેરિકાની શોબી બાદ પ્રથમ વખત મિસ્ર સિવાયના અન્ય દેશની ખેલાડી આ ટાઈટલ જીતવામાં સફળ રહી છે. ઉલ્લેખનીય છે કે, અનાહત વર્લ્ડ સ્કવોશ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચનારી બીજી ખેલાડી હતી. આ પહેલાં વર્ષ ૨૦૦૫માં જોશના ચિનપ્પા બેલ્જિયમમાં ફાઈનલમાં પહોંચી હતી પરંતુ તેવખતે મિસ્રની રનીમ એલ વેલીલી સામે હાર મળી હતી.

# કોમનવેલ્થ ગેમ્સ : વેઈટ લિફ્ટર ઋષિકાન્તને સિલ્વર

**ગ્લાસ્ગો, તા.27**

વેઈટ લિફ્ટર ચનાંબમ ઋષિકાંત સિંહે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારત માટે પ્રથમ સિલ્વર મેડલ જીત્યો હતો. ૨૮ વર્ષીય ઋષિકાંતે પુરુષ વિભાગની ૬૦ કિગ્રા કેટેગરીમાં ૧૧ ખેલાડીઓ વચ્ચે બીજા સ્થાને રહ્યો હતો. ઋષિકાંતે કુલ ૨૬૪ કિગ્રા વજન ઉંચક્યું હતું જ્યારે મલેશિયાના મોહંમદ અનિકે કુલ ૨૭૩ કિગ્રા વજન ઉંચકી ગોલ્ડ મેડલ જીત્યો હતો. કેન્યાના જોશુઆએ કુલ ૨૬૦ કિગ્રા વજન ઉંચકી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઋષિકાંતે સ્નેચ કેટેગરીમાં ૧૧૬ કિગ્રા વજન ઉચકવાની સાથે શરૂઆત કરી અને પોતાના પ્રથમ પ્રયાસમાં અન્ય ખેલાડીઓથી આગળ નીકળી ગયો હતો. બીજા પ્રયાસમાં તેણે ૧૧૯ કિગ્રા અને ત્રીજા પ્રયાસમાં તેણે ૧૨૧ કિગ્રા વજન ઉચક્યું હતું. તેના ત્રણેય પ્રયાસ સફળ રહ્યા હતા અને સ્નેચ કેટેગરીમાં તેનું બેસ્ટ લિફ્ટ ૧૨૧ કિગ્રા રહ્યું હતું. આ સાથે ઋષિકાંતે વ્યક્તિગત અને કોમનવેલ્થ ગેમ્સ બંનેમાં સ્નેચનો રેકોર્ડ બનાવ્યો હતો. મલેશિયાના બિન કાસદાન મોહંમદ અનિકે પણ સ્નેચ કેટેગરીમાં ૧૨૧ કિગ્રા વજન ઉચક્યું હતું. આથી હવે ક્લિન એન્ડ જર્કમાં શ્રેષ્ઠ દેખાવની જરૂરત હતી. ક્લિન એન્ડ જર્કમાં ઋષિકાંતે પ્રથમ પ્રયાસમાં ૧૪૩ કિગ્રા વજન ઉચક્યું હતું. જોકે, બીજા પ્રયાસમાં તે ૧૪૮ કિગ્રા વજન ઉચકવામાં નિષ્ફળ રહ્યો જેનાથી મલેશિયન ખેલાડીએ પ્રથમ સ્થાન માટે પોતાની પકડ મજબૂત બનાવી હતી. અનિકે બીજા પ્રયાસમાં ૧૪૯ કિગ્રા વજન ઉચકતાં ભારતીય ખેલાડી પર દબાણ વધી ગયું હતું.



# કોમનવેલ્થ ગેમ્સમાં રેકોર્ડ સાથે સતત ત્રીજી વખત ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો

**ગ્લાસ્ગો, તા.27**

ભારતીય દિગ્ગજ વેઈટ લિફ્ટર મીરાબાઈ ચાનુએ મહિલા વિભાગમાં ૪૮ કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચી દીધો છે. આ જીત સાથે મીરાબાઈ ચાનુનો કોમનવેલ્થ ગેમ્સમાં સતત ત્રીજો ગોલ્ડ મેડલ છે. મીરાબાઈ ચાનુએ ૪૮ કિગ્રા વજન વર્ગમાં સ્નેચમાં બે વખત રેકોર્ડ તોડ્યો હતો. તેણીએ બીજા પ્રયાસમાં સ્નેચમાં ૮૨ કિગ્રા વજન ઉચકી ધમાકેદાર શરૂઆત કરી અને ત્રીજા પ્રયાસમાં ૮૫ કિગ્રા વજન ઉચકી પોતાનો જ રેકોર્ડ તોડ્યો હતો. મીરાબાઈ ચાનુ પાસે શરૂઆતથી જ ગોલ્ડ મેડલની આશા હતી પરંતુ તે કેટલું સારું પ્રદર્શન કરી શકે છે તેના પર સૌની નજર હતી. ૩૧ વર્ષિય મણિપુરની સુપર સ્ટારે જોરદાર પ્રારંભ કર્યો. તેણે પોતાની તાકાત અને સંયમ સાથે ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.મુકાબલાની શરૂઆતમાં જ મીરાબાઈ પોતાના પ્રતિસ્પર્ધીઓથી ઘણી આગળ ચાલી રહી હતી. સ્નેચ રાઉન્ડમાં પ્રથમ પ્રયાસમાં ૮૨ કિગ્રા વજન ઉંચકી શકી નહોતી. જોકે,



તેણીએ પોતાના બીજા પ્રયાસમાં પણ ૮૨ કિગ્રા વજન ઉંચકીને નવો કોમનવેલ્થ રેકોર્ડ બનાવ્યો હતો. તે પછી ત્રીજા પ્રયાસમાં ૮૫ કિગ્રા વજન ઉંચકીને પોતાનો જ રેકોર્ડ ફરીથી તોડ્યો હતો. ક્લીન એન્ડ જર્ક રાઉન્ડમાં મીરાબાઈએ ૧૦૫ કિગ્રા ભારી વજન સાથે કરી જોકે, તે પ્રથમ પ્રયાસમાં ચૂકી ગઈ હતી પરંતુ બીજા પ્રયાસમાં તેણીએ ૧૦૫ કિગ્રા વજન સફળતાપૂર્વક ઉઠાવીને ભારતનો ગોલ્ડ મેડલ નિશ્ચિત કર્યો હતો. મીરાબાઈ ચાનુનો સમગ્ર મેચ દરમિયાન એટલો દબદબો જોવા મળ્યો હતો કે, તેણીએ સ્નેચ અને ક્લિન એન્ડ જર્કમાં કુલ ૧૯૦ કિગ્રા વજન ઉંચકી પ્રથમ સ્થાન મેળવ્યું હતું જ્યારે બીજા સ્થાને નાઈઝિરિયાની રૂથ અસુકુઓ ન્યોંગ કુલ ૧૬૮ કિગ્રા સાથે સિલ્વર જીતી હતી.

# ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ : ધ રિંગ્સ ઓફ પાવર સીઝન 3નું ટીઝર રિલીઝ

**મુંબઈ, તા.27**

બ્લોકબસ્ટર ફેન્ટસી શ્રેણી "ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ: ધ રિંગ્સ ઓફ પાવર" સીઝન-3 ની ચાલી રહેલી ઈન્તેજારીનો આખરે અંત આવ્યો છે. પ્રાઈમ વિડીયોએ SDCC 2026 ખાતે પ્રતિષ્ઠિત હોલ H પ્રેઝન્ટેશન દરમિયાન તેની બ્લોકબસ્ટર ફેન્ટસી શ્રેણી "ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ: ધ રિંગ્સ ઓફ પાવર" સીઝન 3 નું ખૂબ જ અપેક્ષિત પ્રથમ ટીઝર રિલીઝ કર્યું છે.આ રિલીઝ વખતે યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં શોના સર્જકો, જેડી પેન અને પેટ્રિક મેકકે, મુખ્ય કલાકારો - સિન્થિયા અડાઈ-રોબિન્સન, ઓવેન આર્થર, ઈસ્માઈલ ક્રુઝ કોર્ડોવા, ચાર્લી વિકર્સ, ડેનિયલ વેમેન અને નવોદિત જેમી કેમ્પબેલ બોવર વગેરે હાજર રહ્યા હતા. તેઓએ વિશ્વભરના ચાહકોને મહાકાવ્ય ગાથાના આગામી પ્રકરણની પ્રારંભિક અને રોમાંચક ઝલક આપી હતી. તાજેતરમાં રિલીઝ થયેલું આ ટીઝર પુષ્ટિ કરે છે કે સીઝન 3 શ્રેણીની સૌથી બ્લેક હશે. "ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ: ધ રિંગ્સ ઓફ પાવર" સીઝન 3ની કહાણી મુજબ એરિજનના પતનના પાંચ વર્ષ પછી, મધ્ય-પૃથ્વી હવે યુદ્ધમાં ડૂબી ગઈ છે કારણ કે સૌરોનનાં દળો સતત તેમનો પ્રભાવ વધારી રહ્યા છે. વન રિંગ માટે સૌરોનની શોધ કેન્દ્રમાં છે. ડાર્ક લોર્ડે બારાદ-દુરમાં પોતાનો આધાર સ્થાપિત કર્યો છે, જેનો એકમાત્ર ઉદ્દેશ્ય છે: વન રિંગ બનાવવી. જેમ જેમ મધ્ય-પૃથ્વીમાં તેનો પ્રભાવ વધતો જાય છે, તેમ તેમ ઝનુન, વામન, માનવીઓ અને જાદુગરોએ તેમના મતભેદોને બાજુ પર રાખીને ખૂબ મોડું થાય તે પહેલાં તેને રોકવા માટે દળોમાં જોડાવું જોઈએ.આ કાલ્પનિક મહાકાવ્યમાં હવે નવા પાત્રો જોડાયાં છે. પ્રાઈમ વિડીયોએ પણ કલાકારોમાં ઘણા નવા ઉમેરાયા હોવાની પુષ્ટિ કરી છે. એડી માર્સન કિંગ થ્રુરિન IV ના મોટા ભાઈ થ્રેનની ભૂમિકા ભજવશે. એન્ડ્રુ રિચાર્ડસન એલેંડિલના નાના પુત્ર અને ઈસિલ્ડુરના ભાઈ એનારોન તરીકે જોડાઈ રહ્યા છે, જ્યારે એડમ યંગ માર્નુખની ભૂમિકા ભજવશે. તેઓ જેમી કેમ્પબેલ બોવર (જે ગેલાડ્રિએલના લાંબા સમયથી ખોવાયેલા પતિ સેલેબોર્નની ભૂમિકા ભજવશે) અને ઝુબિન વર્લા (જે રુનના ઈસ્ટરલિંગ ખામુલની ભૂમિકા ભજવશે) સાથે જોડાય છે. સિમોન પેગ બાલરોગને અવાજ આપે છે. પેનલમાં સૌથી મોટા આશ્ચર્યમાંની એક જાહેરાત એ હતી કે સિમોન પેગ બાલરોગના અવાજ તરીકે શ્રેણીમાં જોડાયા છે. નિર્માતાઓના મતે, આ ભયાનક પ્રાણી ફ્રેન્ચાઈઝમાં પ્રથમ વખત બોલશે, જે કાલ્પનિક શ્રેણી માટે એક મહત્વપૂર્ણ ક્ષણ છે.ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ: ધ રિંગ્સ ઓફ પાવર સીઝન 3 રિલીઝ શેડ્યૂલ આ મુજબ છે:ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ: ધ રિંગ્સ ઓફ પાવર સીઝન 3 11 નવેમ્બર, 2026 ના રોજ પ્રાઈમ વિડીયો પર પ્રીમિયર થશે, જેમાં પહેલા ચાર એપિસોડ એકસાથે રિલીઝ થશે. પાંચમો અને છઠ્ઠો એપિસોડ ૧૮ નવેમ્બરે રિલીઝ થશે, ત્યારબાદ છેલ્લા બે એપિસોડ ૨૫ નવેમ્બરે રિલીઝ થશે.



# ગીત ચોરીનો આરોપ અમાલ મલિકે તનિષ્ક બાગચી પર નિશાન સાધ્યું

**મુંબઈ, તા.27**

હિન્દી અને બીજી ભાષાઓની ભારતીય ફિલ્મોમાં સ્ટોરીલાઈન અને ગીત-સંગીતની ઉઠાંતરી થવી એ કંઈ નવી વાત નથી. તાજેતરમાં આવી એક ઉઠાંતરીની વાત પ્રકાશમાં આવી છે. સંગીતકાર અમાલ મલિકે સોશિયલ મીડિયા પર સાથી સંગીતકાર તનિષ્ક બાગચી પર ગંભીર આરોપ લગાવ્યા છે કે તનિષ્ક બીજાના ગીતોનો શ્રેય ચોરી કરે છે અને સૂરોની નકલ કરે છે. તેમણે તનિષ્કને ચેતવણી આપી છે, ફિલ્મ "સૈયારા" માં ગીતનો મૂળ શ્રેય અન્ય લોકોને ન મળવાનો મુદ્દો ઊઠાવ્યો છે. રોયલ્ટીના મુદ્દા પર આજકાલ સંગીત ઉદ્યોગમાં ઘણો તણાવ છે. દરમિયાન, પ્રખ્યાત સંગીતકાર અમાલ મલિકે એક મુખ્ય નિવેદન આપીને હંગામો મચાવ્યો છે. તેમનું સીધું નામ લીધા વિના, તેમણે તેમના સાથી સંગીતકાર તનિષ્ક બાગચી પર ગંભીર આરોપ લગાવ્યા છે. અમાલનો દાવો છે કે તનિષ્ક ખોટી પ્રશંસા માટે પૈસા ચૂકવે છે, બીજાનાં ગીતોનો શ્રેય લે છે અને મૂળ સૂરોની નકલ કરે છે. અમાલ મલિકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક લાંબો મેસેજ લખ્યો, જેમાં તનિષ્કને "મિસ્ટર રિમિક્સ એન્ડ ડિસ્ટ્રોયર ઓફ ઓરિજિનલ્સ" ગણાવ્યો. અમાલે દાવો કર્યો કે તનિષ્ક મીડિયામાં સમાચાર પ્રકાશિત કરવા માટે જૂના ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરે છે. તેમણે લખ્યું કે તનિષ્કને પોતાનું નામ લેવાનો પણ અધિકાર નથી. અમાલે એમ પણ કહ્યું કે તનિષ્ક દર વર્ષે તેની સામે તેનો ભાઈ હોવાનો ડોળ કરે છે, જ્યારે તેની પીઠ



પાછળ તે એક અલગ રમત રમે છે. અમાલ મલિકે ફિલ્મ સૈયારાના ટાઈટલ ટ્રેક અંગે પણ એક મોટો ખુલાસો કર્યો. તેમણે કહ્યું કે ગીતનો મૂળ શ્રેય ફહીમ અબ્દુલ્લા અને અર્સલાન નિઝામીને મળવો જોઈતો હતો, પરંતુ તનિષ્કે તેમના અધિકારો છીનવી લીધા. અમાલ કહે છે કે બંને કલાકારો આદરથી ચૂપ છે, જેથી સત્ય બહાર ન આવે. વધુમાં, અમાલે એવો પણ આરોપ લગાવ્યો કે તનિષ્કે ફિલ્મોમાં કામ મેળવવા માટે તેમના બ્રેકઅપ અને પીડાનો ફાયદો ઉઠાવ્યો છે. અમાલે આરોપ લગાવ્યો કે તનિષ્કનાં ઘણાં નવાં ગીતો વાસ્તવમાં પાકિસ્તાની ગીતો અને લોક ધૂનોની નકલો છે. તેમણે કહ્યું કે તનિષ્કનું સૈયારા ગીત "હમનવા મેરે" ગીત જેવું જ છે.

# ક્રોશેથી સાટિન : બોલિવૂડ હીરાઈનો દ્વારા ક્લાસિક બંડાનાને નવો સ્ટાઈલિશ અવતાર



**મુંબઈ, તા.27**

બંડાના ફરી એકવાર ફેશનમાં ધમાકેદાર વાપસી કરી રહ્યા છે. બોલિવૂડ અભિનેત્રીઓ આ ક્લાસિક એક્સેસરીને આધુનિક અંદાજમાં સ્ટાઈલ કરીને પોતાના લૂકને નવી ઊંચાઈ આપી રહી છે. ક્રોશે બંડાનાથી લઈને સાટિન બંડાના સુધી, હવે આ એક્સેસરી માત્ર વાળ બાંધવા પુરતી મર્યાદિત રહી નથી; તે આખા આઉટફિટની હાઈલાઈટ બની રહી છે. ખાસ કરીને બીચ વેકેશન અને સમર આઉટિંગ માટે બંડાના હવે વોર્ડરોબમાં હોવું જ જોઈએ. બોલિવૂડ અભિનેત્રીઓના આ લૂક્સ સાબિત કરે છે કે બંડાના માત્ર એક નાની એક્સેસરી નથી, પરંતુ આખા આઉટફિટને નવું સ્ટાઈલ સ્ટેટમેન્ટ આપી શકે છે. ક્રોશે હોય, સાટિન હોય કે પ્રિન્ટેડ બંધણી–બંડાના હવે સમર ફેશનની સૌથી ટ્રેન્ડી હાઈલાઈટ બની રહ્યું છે.

તાજેતરમાં વિમ્બલ્ડનનાં પ્રખ્યાત રોયલ બોક્સમાં જોવા મળેલી પ્રિયંકા ચોપરા જોનાસે ઑફ-વ્હાઈટ આઉટફિટ સાથે મેળ ખાતું બંડાના પહેરીને સૌનું ધ્યાન ખેંચ્યું. તેનાં આ લૂકમાં સાદગી અને સ્ટાઈલનું સુંદર સંતુલન જોવા મળ્યું હતું.

બીચ લૂકની વાત આવે તો સેહર બાંબા પાછળ નથી. તેણે પેસ્ટલ ટોનવાળી બિકિની સાથે સ્ટાઈલિશ ક્રોશે બંડાના પહેરીને ટ્રોપિકલ વાઈબ્સને વધુ આકર્ષક બનાવી હતી. નાજુક અને બોલ્ડ એક્સેસરીઝના મિશ્રણ સાથે તેનો લૂક ખરેખર બૂકમાર્ક કરવા લાયક લાગી રહ્યો હતો. આલિયા ભટ્ટે રંગીન બંધણી સ્કર્ટ સેટ સાથે વાયોલેટ બંધણી બંડાના પહેરીને પરંપરા અને આધુનિકતાનું આકર્ષક કોમ્બિનેશન રજૂ કર્યું હતું. બીચ પાર્ટી હોય કે હાઉસ પાર્ટી, આ લૂક ચોક્કસ તમને અલગ બતાવી શકે એવો છે.

# માસ્ટર્સ ઓફ ધ યુનિવર્સ: નિકોલસ ગેલિટ્ઝિનનો લોકપ્રિય 'હી-મેન' અવતાર

**મુંબઈ, તા.27**

જેની ઘણા સમયથી રાહ જોવાઈ રહી હતી એ પ્રખ્યાત અભિનેતા નિકોલસ ગેલિટ્ઝિનની લાઈવ-એક્શન ફિલ્મ, "માસ્ટર્સ ઓફ ધ યુનિવર્સ," આખરે OTT પ્લેટફોર્મ પર આવી ગઈ છે. ટ્રેવિસ નાઈટ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ પાંચ દિવસ પહેલાં ડિજિટલી સ્ટ્રીમ કરવામાં આવી હતી. ટ્રેવિસ નાઈટ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ ગઈ તા. 5 જૂન, 2026 ના રોજ યુએસમાં થિયેટરમાં રિલીઝ થયા પછી, ભારતમાં દર્શકો હવે તેને સરળતાથી જોઈ શકશે. આ ફિલ્મ હવે પ્રાઈમ વિડીયો પર સ્ટ્રીમિંગ માટે ઉપલબ્ધ છે. OTT પ્લેટફોર્મ પર રિલીઝ થતાં જ, દર્શકોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર તેમની પ્રતિક્રિયાઓ શેર કરવાનું શરૂ કર્યું છે. મોટાભાગના વપરાશકર્તાઓ ફિલ્મનાં અદભુત દ્રશ્યો, શક્તિશાળી એક્શન અને નિકોલસ ગેલિટ્ઝિનના અભિનયની પ્રશંસા કરી રહ્યા છે. નિકોલસ



ગેલિટ્ઝિનના પાત્ર પ્રિન્સ એડમ (જેને હી-મેન તરીકે પણ ઓળખવામાં આવે છે) ઉપરાંત, આ ફિલ્મમાં સ્કેલેટર તરીકે જેરેડ લેટો, ટીલા તરીકે કેમિલા મેન્ડેસ, ડંકન તરીકે ઈદ્રિસ એલ્બા (જેને મેન-એટ-આર્મ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે), એવિલ લિન તરીકે એલિસન બ્રી, જાદુગરની ભૂમિકામાં મોરેના બેકારિન, કિંગ રેન્ડોર તરીકે જેમ્સ પ્યોરફોય, ક્વીન માર્લેના તરીકે ચાર્લોટ રાયલી અને ફિસ્ટો તરીકે જોહાન્સ હાકર જોહાન્સન છે.

"માસ્ટર્સ ઓફ ધ યુનિવર્સ" એમેઝોન એમજીએમ સ્ટુડિયો દ્વારા મેટલ સ્ટુડિયો અને એસ્કેપ આર્ટિસ્ટ્સના સહયોગથી બનાવવામાં આવ્યું છે. ફિલ્મનું સંગીત ડેનિયલ પેમ્બર્ટન દ્વારા રચિત છે. માસ્ટર્સ ઓફ ધ યુનિવર્સની સ્ટોરી રસપ્રદ છે. સ્વોર્ડ ઓફ પાવર શોધ્યાના પંદર વર્ષ પછી, આદમને તેના ગૃહ ગ્રહ એટરનિયામાં પાછા લઈ જવામાં આવે છે, જે હવે સ્કેલેટર દ્વારા શાસિત છે. ટીલા અને ડંકન સાથે મળીને, તેણે તેની સાચી શક્તિ શોધવી જોઈએ, હી-મેન તરીકે તેના ભાગ્યને સ્વીકારવું જોઈએ અને તેની દુનિયા અને તેના પ્રિયજનોને પાછા મેળવવા માટે લડવું જોઈએ." X પર એક યુઝરે લખ્યું: "ધ માસ્ટર્સ ઓફ ધ યુનિવર્સ ફિલ્મ અપેક્ષા કરતાં પણ સારી હતી. ખૂબ જ મનોરંજક અને રસપ્રદ." બીજા યુઝરે આ ફિલ્મને વર્ષની શ્રેષ્ઠ રિલીઝમાંની એક ગણાવી, લખ્યું: 'માસ્ટર્સ ઓફ ધ યુનિવર્સ' આ વર્ષે મેં જોયેલી શ્રેષ્ઠ ફિલ્મ છે. હું ઈચ્છું છું કે બધા તેને જુએ.

# ટેમાસેક-સમર્થિત મણિપાલ હેલ્થ એન્ટરપ્રાઇઝ લિમિટેડનો IPO 29 જુલાઈએ ખુલશે: પ્રાઈસ બેન્ડ રૂ.560-590 પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરાઈ

**મુંબઈ, તા.27**

મણિપાલ હેલ્થ એન્ટરપ્રાઈઝ લિમિટેડે તેના પ્રારંભિક જાહેર ઓફર માટે રૂ. 2 મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શેર માટે શેર દીઠ પ્રાઈસ બેન્ડ રૂ. 560/- થી રૂ. 590/- નક્કી કરાઈ. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર (IPO) બુધવાર, 29 જુલાઈ, 2026 ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખૂલશે અને શુક્રવાર, 31 જુલાઈ, 2026 ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 25 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 25 ઈક્વિટી શેરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે. આજની તારીખ મુજબ રૂ. 2 ના મૂલ્યના 1,179,757,321 ઈક્વિટી શેર બાકી છે. આ IPO રૂ. 8,000 કરોડ સુધીનો નવો ઈશ્યૂ છે અને પ્રમોટર્સ - ઈમ્પેરિયસ હેલ્થકેર ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ અને મણિપાલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ગ્રુપ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા 21,613,834 ઈક્વિટી શેરની ઓફર-ફોર-સેલ છે. શેર વેચનારા રોકાણકારોમાં TPG SG મેગેઝિન પ્રાઈવેટ લિમિટેડ, સેવન્ટી સેકન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની LLC, અમ્માર Sdn Bhd, નોવો હોલ્ડિંગ્સ ઈન્વેસ્ટ એશિયા A/S અને ફોનિક્સ બેર ઈન્વેસ્ટમેન્ટ્સ, LLCનો સમાવેશ થાય છે. 5,552.8 કરોડ રૂપિયાના તેના નવા ઈશ્યૂમાંથી મળેલી રકમનો ઉપયોગ કંપનીની એક મટીરીયલ પેટાકંપની, મણિપાલ હોસ્પિટલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા લેવામાં આવેલા ચોક્કસ બાકી ઉધાર અને તેના પરના વ્યાજની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી/પૂર્વચુકવણી માટે કરવામાં આવશે, 574 કરોડ રૂપિયા કંપનીની સ્ટેપ-ડાઉન પેટાકંપની, સહ્યાદ્રિ હોસ્પિટલ્સ પ્રાઈવેટ લિમિટેડમાં લઘુમતી હિસ્સો ખરીદવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગમાં લેવામાં આવશે.

કંપની મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલોનું સમગ્ર ભારતમાં નેટવર્ક ચલાવે છે, જે વ્યાપક શ્રેણીની સંભાળ સેવાઓ પૂરી પાડે છે - આઉટપેશન્ટ સેવાઓથી લઈને જટિલ તૃતીય અને ચતુર્થાંશ હસ્તક્ષેપો સુધી. 31 માર્ચ, 2026 સુધીમાં, કંપનીએ 14 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 13,037 લાઈસન્સ પ્રાપ્ત પથારી સાથે 49 હોસ્પિટલો ચલાવી હતી.

31 માર્ચ, 2026 સુધીમાં ભારતમાં ખાનગી હોસ્પિટલ ચેઈન્સમાં હોસ્પિટલોની હાજરીની દ્રષ્ટિએ કંપની સૌથી વધુ વ્યાપક પદચિહ્ન ધરાવે છે (સ્ત્રોત: CRISIL રિપોર્ટ). 31 માર્ચ, 2026 સુધીમાં, તે બેડ ક્ષમતાની દ્રષ્ટિએ સમગ્ર ભારતમાં સૌથી મોટું



મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ નેટવર્ક છે અને હોસ્પિટલોની સંખ્યાની દ્રષ્ટિએ બીજા ક્રમની સૌથી મોટી હોસ્પિટલ ચેઈન છે (સ્ત્રોત: CRISIL રિપોર્ટ).

નાણાકીય વર્ષ 2026 માટે, કંપનીએ ભારતમાં ખાનગી હોસ્પિટલ ચેઈન્સમાં રૂ. 103,357.51 મિલિયન (પ્રોફોર્મા ધોરણે રૂ. 109,356.18 મિલિયન) ની કામગીરીમાંથી બીજા ક્રમની સૌથી વધુ આવક નોંધાવી હતી (સ્ત્રોત: CRISIL રિપોર્ટ).

કંપની પાસે તેના ત્રણ મુખ્ય પ્રદેશો - કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગોવા અને પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ અને સિક્કિમમાં, 31 માર્ચ, 2026 સુધીમાં અનુક્રમે 6,404, 2,188 અને 2,887 લાઈસન્સ પ્રાપ્ત પથારી હતી.

ભારતમાં ખાનગી હોસ્પિટલ ચેઈન્સમાં, 31 માર્ચ, 2026 સુધીમાં, કંપની કર્ણાટકમાં સૌથી મોટી ખેલાડી, મહારાષ્ટ્ર અને ગોવા પ્રદેશમાં સૌથી મોટી ખેલાડી અને પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ અને સિક્કિમ જેવા પસંદગીના રાજ્યોમાં સૌથી મોટી ખેલાડી છે (સ્ત્રોત: CRISIL રિપોર્ટ). લાઈસન્સ પ્રાપ્ત પથારી સુવિધામાં નિયમનકારી અધિકારીઓ દ્વારા મંજૂર કરાયેલ હોસ્પિટલ પથારીની કુલ સંખ્યા દર્શાવે છે.

આ કંપની ભારતમાં એકમાત્ર ખાનગી હોસ્પિટલ ચેઈન નેટવર્ક છે જે 31 માર્ચ, 2026 સુધીમાં બેડ ક્ષમતા (5,376) દ્વારા બેડ ક્ષમતા (5,376) દ્વારા બેંગલુરુ, કોલકાતા અને પુણેના ત્રણ મેટ્રો બજારોમાં અગ્રણી છે (સ્ત્રોત: CRISIL રિપોર્ટ). 31 માર્ચ, 2026 સુધીમાં, કંપની પાસે બેંગલુરુ, કોલકાતા અને પુણેમાં અનુક્રમે 2,579, 1,513 અને 1,284 લાઈસન્સ પ્રાપ્ત પથારી અને 12, પાંચ અને નવ હોસ્પિટલો હતી. આ મહાનગરોમાં તેની બહુ-હોસ્પિટલ હાજરી કંપનીને દર્દીઓના ઘરની નજીક સંભાળ પહોંચાડવા, મહત્વપૂર્ણ હસ્તક્ષેપો માટે મુસાફરીનો સમય ઘટાડવા અને દરેક શહેરની અંદર વ્યાપક રેફરલ વિસ્તારોમાં સેવા આપવા માટે પરવાનગી આપે છે.

કંપનીના આરોગ્ય સંભાળની સુલભતા સુધારવાના મુખ્ય વિચારને અનુરૂપ, તે મહાનગરો અને બિન-મહાનગરોમાં સંતુલિત હાજરી જાળવી રાખે છે, 31 માર્ચ, 2026 સુધીમાં તેના 46.78% લાઈસન્સ પ્રાપ્ત પથારી મહાનગરોમાં અને 53.22% લાઈસન્સ પ્રાપ્ત પથારી બિન-મહાનગરોમાં સ્થિત છે.

કંપનીએ નાણાકીય વર્ષ 2026 માં તેના નેટવર્કમાં (તેની O&M હોસ્પિટલો સહિત) 7.63 મિલિયન દર્દીઓને સેવા આપી હતી. વધુમાં, 31 માર્ચ, 2026 સુધીમાં તેની હોસ્પિટલોમાં તેમની સેવાઓ પૂરી પાડવા માટે 11,064 ડોક્ટરો ઉપલબ્ધ હતા. કંપની ઘણી વિશેષતાઓમાં ક્લિનિકલ સેવાઓ પ્રદાન કરે છે, જેમાં તૃતીય અને ચતુર્થાંશ સંભાળ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, ખાસ કરીને કાર્ડિયાક સાયન્સ, ઓન્કોલોજી, ન્યુરોસાયન્સ, ગેસ્ટ્રો સાયન્સ, ઓર્થોપેડિક્સ અને રેનલ સાયન્સ (CONGO-R) માં. આ વિશેષતાઓમાં ઉચ્ચ-તીવ્રતાના કેસો અથવા એવા કેસો સામેલ છે જે ગંભીર, જટિલ હોય અને અદ્યતન હસ્તક્ષેપો અને ઉચ્ચ સ્તરની સંભાળની જરૂર હોય. નાણાકીય વર્ષ 26 દરમિયાન તેની કામગીરીમાંથી આવક રૂ. 10,335.8 કરોડ હતી, જે નાણાકીય વર્ષ 24 દરમિયાન રૂ. 6,171.6 કરોડ હતી. નાણાકીય વર્ષ 26 દરમિયાન તેનો ચોખ્ખો નફો રૂ. 916.5 કરોડ હતો.

# ભારત બન્યું મેડિકલ ટુરિઝમનું હબ: 16 વર્ષમાં વિદેશી દર્દીઓ 4.5 ગણા વધ્યા, 1.5 લાખ કરોડનું બજાર થશે

**નવી દિલ્હી, તા.27**

ભારત હવે માત્ર સસ્તા ઈલાજનું ઠેકાણું નથી, પરંતુ મેડિકલ ટુરિઝમનું મોટું વૈશ્વિક કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. 2009માં જ્યાં 1.12 લાખ વિદેશી દર્દીઓ સારવાર માટે ભારત આવ્યા હતા, ત્યાં 2025માં આ સંખ્યા વધીને 5.07 લાખ થઈ ગઈ. એટલે કે 16 વર્ષમાં વિદેશી દર્દીઓની સંખ્યા લગભગ 4.5 ગણી વધી.

આમાં બાંગ્લાદેશ, ઈરાક, ઉઝબેકિસ્તાન, સોમાલિયા, ઓમાન અને કેન્યાથી મોટી સંખ્યામાં દર્દીઓ ભારત પહોંચ્યા. ભારતનું મેડિકલ ટુરિઝમ બજાર 2025માં 84 હજાર કરોડ રૂપિયાનું હતું. અનુમાન છે કે 2030 સુધીમાં તે વધીને 1.56 લાખ કરોડ રૂપિયા થઈ જશે.

આ વૃદ્ધિનું કારણ માત્ર ઓછો ખર્ચ નથી. તેનું મોટું કારણ ભારતમાં નિષ્ણાત ડોક્ટરોની ઝડપી ઉપલબ્ધતા છે. આ ઉપરાંત, તપાસ રિપોર્ટ્સનું તાત્કાલિક આવવું અને સારવારનો ખર્ચ અગાઉથી નક્કી થઈ જવો પણ વિદેશી દર્દીઓને આકર્ષી રહ્યો છે. અમેરિકામાં જે સારવાર પર 15 હજાર રૂપિયા ખર્ચ થાય છે, તે જ ભારતમાં 1,000 થી 2,000 રૂપિયામાં શક્ય છે. નેધરલેન્ડ્સમાં દાંતની સામાન્ય સારવાર પર 16 હજાર રૂપિયા વધુ લાગે છે, જ્યારે લખનઉમાં આ જ સારવાર 3,000 રૂપિયામાં થઈ જાય છે.




ભારત પાસે મેડિકલ ટુરિઝમ સંભાળવા માટે મોટું હેલ્થ ઈન્ફ્રા પણ ઉપલબ્ધ છે. દેશમાં કુલ 69,364 હોસ્પિટલો છે. તેમાંથી 43,486 ખાનગી (લગભગ 66%) અને 25,778 સરકારી હોસ્પિટલો છે. 12 લાખ રજિસ્ટર્ડ ડોક્ટરો છે. 1,299 હોસ્પિટલોને NABH ની માન્યતા છે. નિષ્ણાતોનું માનવું છે કે આ ખાનગી નેટવર્ક ભારતમાં આવતા વિદેશી દર્દીઓને સંભાળવાની ક્ષમતા આપે છે.

બ્રિટિશ નાગરિક એન્ડરસનને તેમના દેશમાં ન્યુરો પરામર્શ માટે એક વર્ષથી વધુનો વેઈટિંગ પિરિયડ હતો. ભારત આવતા તેમને બીજા જ દિવસે એપોઈન્ટમેન્ટ મળી ગઈ. MRI અને બ્લડ ટેસ્ટ તરત જ થયા અને રિપોર્ટ પણ કલાકભરમાં મળી ગયો. સારવારની ઝડપ પણ લોકોને ભારત આવવા માટે આકર્ષિત કરી રહી છે.


ભારત હવે એવા દર્દીઓને પણ આકર્ષિત કરી રહ્યું છે, જેઓ પહેલા સારવાર માટે તુર્કી અને થાઈલેન્ડ જતા હતા. તેનું કારણ નિષ્ણાત ડોક્ટરો, હોસ્પિટલોની માન્યતા અને ખર્ચમાં મોટો તફાવત છે. ડિજિટલ માધ્યમો દ્વારા હવે દર્દીઓ પહેલાથી જ ડોક્ટર, હોસ્પિટલ, સારવારની પ્રક્રિયા વિશે માહિતી મેળવી લે છે. આનાથી વિશ્વાસ વધ્યો છે.

વિદેશી દર્દીઓની પહોંચ સરળ બનાવવા માટે ભારત 172 દેશોને ઈ-મેડિકલ વીઝા આપી રહ્યું છે. સહાયક માટે ઈ-મેડિકલ એટેન્ડન્ટ વીઝાની સુવિધા પણ છે. આયુર્વેદ, યોગ, યુનાની અને હોમિયોપેથી જેવી ભારતીય ચિકિત્સા પદ્ધતિઓથી સારવાર કરાવનારાઓ માટે ઈ-આયુષ વીઝાની અલગ શ્રેણી શરૂ કરવામાં આવી છે. 'હીલ ઈન ઈન્ડિયા' પોર્ટલને એક સામાન્ય મંચમાં બદલવામાં આવી રહ્યું છે.

# વિરાટ-અનુષ્કાએ મુંબઈમાં ખરીદ્યું વધુ એક આલીશાન ઘર: ₹18.29 કરોડમાં પોશ એરિયામાં કપલે એપાર્ટમેન્ટ લીધો

**મુંબઈ, તા.27**

વિરાટ કોહલી અને અનુષ્કા શર્માએ મુંબઈના પોશ વિસ્તાર વર્સોવામાં 18.29 કરોડમાં 2,644 ચોરસ ફૂટનો એક અદ્ભુત એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન પ્લેટફોર્મ Zapkey.com દ્વારા પ્રાપ્ત દસ્તાવેજો અનુસાર, આ એપાર્ટમેન્ટ વર્સોવા સ્થિત 'ગોદરેજ સ્કાયશોર' બિલ્ડિંગના ઉપલા માળ પર આવેલો છે.



રિપોર્ટ્સ મુજબ, આ એપાર્ટમેન્ટ સાથે 316 ચોરસ ફૂટનો એક્સક્લુઝિવ એરિયા અને ત્રણ કાર પાર્કિંગ સ્પેસ મળ્યા છે. આ મિલકતનું રજિસ્ટ્રેશન 21 જુલાઈ 2026ના રોજ થયું, જેના માટે 1.09 કરોડની સ્ટેમ્પ ડ્યુટી અને 30,000ની રજિસ્ટ્રેશન ફી ચૂકવવામાં આવી હતી.

કુલ કિંમત અને કાર્પેટ એરિયાના હિસાબે આ ડીલ લગભગ 69,159 પ્રતિ ચોરસ ફૂટ જેટલી થાય છે, જે મુંબઈના પશ્ચિમ ઉપનગરોમાં પ્રીમિયમ લક્ઝરી ઘરોની ભારે માગ દર્શાવે છે.

વર્સોવા ઝડપથી મુંબઈના સૌથી પસંદગીના લક્ઝરી રેસિડેન્શિયલ સ્પોટ્સમાંથી એક બનીને ઊભરી આવ્યું છે. મનોરંજન ઉદ્યોગથી નિકટતા અને પ્રસ્તાવિત મુંબઈ કોસ્ટલ રોડ નોર્થ પ્રોજેક્ટના કારણે આ વિસ્તાર સેલિબ્રિટીઝ, બિઝનેસ લીડર્સ અને હાઈ-નેટ-વર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ (HNIs)ની પહેલી પસંદ બની રહ્યો છે.

રિયલ એસ્ટેટ નિષ્ણાતોનું માનવું છે કે કોસ્ટલ રોડ અને બહેતર કનેક્ટિવિટીનો સૌથી મોટો ફાયદો પશ્ચિમ ઉપનગરો જેમ કે બાંદ્રા, ખાર, સાંતાક્રુઝ, જુહૂ, અંધેરી, વર્સોવા, મલાડ, કાંદિવલી, બોરીવલી, દહિસર, મીરા રોડ અને ભાઈંદરને મળશે. દક્ષિણ મુંબઈ અને પ્રમુખ બિઝનેસ હબ સાથેના સુધારેલા સંપર્કના કારણે હોમબાયર્સ અને ડેવલપર્સ બંને વચ્ચે આ વિસ્તારોનું આકર્ષણ ઝડપથી વધી રહ્યું છે.

જાન્યુઆરી 2026માં વિરાટ અને અનુષ્કાએ અલીબાગમાં આવાસ બીચ નજીક આવેલા જીરાડ ગામમાં 5 એકરથી વધુ જમીન આશરે 37.86 કરોડમાં ખરીદી હતી. પ્રોપર્ટી રેકોર્ડ્સ અનુસાર, આ ડીલ એકબીજાને અડીને આવેલા બે લેન્ડ પાર્સલની હતી, જેનો કુલ એરિયા આશરે 21,010 ચોરસ મીટર છે. આ ખરીદીનું રજિસ્ટ્રેશન 13 જાન્યુઆરી 2026ના રોજ પૂર્ણ થયું હતું.


આ કપલ પહેલા પણ અલીબાગમાં પ્રોપર્ટી ખરીદી ચૂક્યું છે. વર્ષ 2022માં બંનેએ આશરે 8 એકર જમીન 19 કરોડમાં ખરીદી હતી. આ જ પ્લોટ પર તેમણે એક લક્ઝરી વિલા બનાવ્યો છે, જેમાં ટેમ્પરેચર-કંટ્રોલ્ડ સ્વિમિંગ પૂલ, કસ્ટમ-ડિઝાઈન કિચન, ચાર મોર્ડન બાથરૂમ, જેકુઝી, મોટો બગીચો, કવર્ડ પાર્કિંગ અને સ્ટાફ માટે અલગ ક્વાર્ટર જેવી પ્રીમિયમ સુવિધાઓ હાજર છે.

દિલ્હીમાં ઉછરેલા વિરાટ કોહલી પાસે ગુરુગ્રામના પોશ DLF ફેઝ 1માં પણ આશરે 10,000 ચોરસ ફૂટનો બંગલો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ ભવ્ય ઘરની અંદાજિત કિંમત આશરે 80 કરોડ છે. આ પ્રોપર્ટીમાં પ્રાઈવેટ સ્વિમિંગ પૂલ, હાઈ-ટેક જીમ અને ઘણી પ્રીમિયમ સુવિધાઓ ઉપલબ્ધ છે.

# ચાંદી ₹2,050 વધીને ₹2.25 લાખ પર પહોંચી: સોનું ₹751 મોંઘું થઈને ₹1.45 લાખનું 10 ગ્રામ થયું, આ વર્ષે ₹1.60 લાખ સુધી જઈ શકે છે

**મુંબઈ, તા.27**

આજે 27 જુલાઈએ ભારતીય ઝવેરી બજારમાં સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA ના તાજેતરના આંકડા અનુસાર ચાંદીના ભાવમાં કિલોદીઠ 2,050 રૂપિયાનો ઉછાળો આવતાં તે 2.25 લાખ રૂપિયાની સપાટી પર પહોંચી ગઈ છે. તેની સાથે જ 24 કેરેટ સોનાના ભાવમાં પણ પ્રતિ 10 ગ્રામ 751 રૂપિયાનો વધારો નોંધાયો છે, જેના પરિણામે સોનાની કિંમત 1.45 લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. જુદા જુદા કેરેટ મુજબ કિંમતો પર નજર કરીએ તો 24 કેરેટ સોનું પ્રતિ 10 ગ્રામ 1,44,532 રૂપિયા, 22 કેરેટ સોનું 1,32,391 રૂપિયા, 18 કેરેટ સોનું 1,08,399 રૂપિયા અને 14 કેરેટ સોનું 84,551 રૂપિયાના ભાવે વેચાઈ રહ્યું છે.



ગુડરિટર્ન્સના અહેવાલ મુજબ દેશના મુખ્ય શહેરોમાં પણ સોનાના ભાવમાં સારો એવો વધારો નોંધાયો છે. અમદાવાદ, ભોપાલ અને પટના જેવા શહેરોમાં 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,45,940 રૂપિયા રહ્યો છે. તો મુંબઈ, કોલકાતા અને રાયપુરમાં તે 1,45,860 રૂપિયાના મથાળે જોવા મળ્યો છે. આ ઉપરાંત દિલ્હી, જયપુર અને લખનઉ જેવા મોટા શહેરોમાં સોનાની કિંમત વધીને 1,46,040 રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

વર્ષ 2026ના આંકડાઓની સરખામણી કરીએ તો સોના અને ચાંદીના ભાવમાં સતત મોટા ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે. ચાલુ વર્ષ દરમિયાન સોનું અત્યાર સુધીમાં આશરે 12 હજાર રૂપિયા જેટલું મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયાથી વધુ હતો, જે આજે વધીને 1.45 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. બીજી તરફ આ જ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવમાં 5 હજાર રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ પ્રતિ કિલો 2.30 લાખ રૂપિયા હતી, જે હાલમાં 2.25 લાખ રૂપિયાના સ્તરે છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે 29 જાન્યુઆરીના રોજ સોના અને ચાંદી બંનેએ તેમની ઓલ ટાઈમ હાઈ સપાટી બનાવી હતી, જેમાં સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાની ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યા હતા. તે પછીના મહિનાઓમાં એટલે કે જાન્યુઆરીથી જુલાઈ દરમિયાન બંને કિંમતી ધાતુઓમાં ક્રમશઃ ઘટાડો અને સુધારો જોવા મળ્યો છે.

નિષ્ણાતો અને કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના જણાવ્યા અનુસાર સોના અને ચાંદીના ભાવ અત્યારે તેમની સર્વોચ્ચ સપાટીથી ઘણા નીચે આવી ગયા છે, જેથી નવા રોકાણકારો માટે આ રોકાણ કરવાની એક ઉત્તમ તક હોઈ શકે છે. જોકે તેમણે રોકાણકારોને એકસાથે બધી મૂડી રોકવાને બદલે ધીમે ધીમે ટુકડે-ટુકડે રોકાણ કરવાની સલાહ આપી છે. તેમના અંદાજ મુજબ આ વર્ષના અંત સુધીમાં સોનાના ભાવ ફરી એકવાર ઉછળીને 1.60 લાખ રૂપિયા અને ચાંદીના ભાવ 2.80 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે.

જ્યારે પણ ગ્રાહકો જ્વેલર્સ પાસેથી સોનાની ખરીદી કરવા જાય ત્યારે કેટલીક અત્યંત મહત્ત્વની બાબતો ધ્યાન પર રાખવી જરૂરી છે. ખરીદી કરતી વખતે હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BIS નો આલ્ફાન્યુમેરિક હોલમાર્ક કોડ ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદવું જોઈએ, જેનાથી સોનાની શુદ્ધતા અને કેરેટની સાચી માહિતી મળી રહે છે. આ ઉપરાંત ખરીદીના દિવસે સોનાનું સાચું વજન અને ચાલુ ભાવ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન જેવી અધિકૃત વેબસાઈટ પરથી ચકાસી લેવા જોઈએ, કારણ કે 24, 22 અને 18 કેરેટના હિસાબે ભાવ અલગ-અલગ હોય છે. તેવી જ રીતે ઘરે બેઠા અસલી ચાંદીની ઓળખ કરવા માટે પણ સરળ ટેસ્ટ કરી શકાય છે. અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી, અસલી ચાંદી પર રાખેલો બરફ ખૂબ ઝડપથી પીગળવા લાગે છે, અસલી ચાંદીમાંથી તાંબા જેવી કોઈ દુર્ગંધ આવતી નથી અને જો તેને સફેદ કપડાથી ઘસવામાં આવે તો કપડા પર કાળો ડાઘ જોવા મળે છે.

# ઈલેક્ટ્રિકને બદલે હાઈબ્રિડ પ્લેનનો યુગ શા માટે શરૂ થયો: વિમાનોની ભારે બેટરીઓ અવરોધ બની

**લંડન, તા.27**




વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં આશરે 2.5% જેટલો મોટો હિસ્સો ધરાવતું એવિએશન સેક્ટર હાલમાં એક ક્રાંતિકારી અને ખૂબ જ મહત્ત્વના પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. પાયલટ ટ્રેનિંગ અને તાલીમ ક્ષેત્રે ખાસ ઉપયોગમાં લેવાઈ રહેલા પિપિસ્ટ્રેલ કંપનીના ઈલેક્ટ્રિક પ્લેન 'વેલિસ ઈલેક્ટ્રો'એ તેની અત્યંત ઓછી મેન્ટેનન્સ કિંમત અને ઝીરો કાર્બન ઉત્સર્જન ક્ષમતાને કારણે પર્યાવરણપ્રેમીઓમાં એક નવી આશા જગાવી હતી. પરંતુ મર્યાદિત ફ્લાઈંગ રેન્જ અને ભારે બેટરીઓના મોટા પડકારને કારણે આ સમગ્ર ઈન્ડસ્ટ્રીનું મુખ્ય ધ્યાન હવે સંપૂર્ણ ઈલેક્ટ્રિકના બદલે 'હાઈબ્રિડ ટેકનોલોજી' તરફ ઝડપથી શિફ્ટ થઈ રહ્યું છે.

લંડનમાં યોજાયેલા પ્રખ્યાત ફાર્નબોરો એર શોમાં વિશ્વભરમાંથી આવેલી એવિએશન કંપનીઓનું મુખ્ય ધ્યાન આ નવા હાઈબ્રિડ ટ્રેન્ડ પર કેન્દ્રિત થયેલું જોવા મળ્યું હતું. અમેરિકી ગ્રુપ 'ટેક્સ્ટ્રોન'ની માલિકી ધરાવતી પિપિસ્ટ્રેલ કંપનીનું આ વિમાન ઈમરજન્સી સમયને બાદ કરતાં વધુમાં વધુ 50 મિનિટ સુધી જ હવામાં ઉડી શકે છે. ફ્લાઈટ સમયની આવી મર્યાદિત રેન્જ હોવા છતાં તેની ઓછી પડતર કિંમતને કારણે પાયલટ તાલીમ આપતી ફ્લાઈંગ સ્કૂલોમાં તેની માગ સતત વધી રહી છે અને તેના પ્રતિસાદરૂપે 'નેબોએર' જેવી વિમાન સેવા કંપનીઓ ચાર્જિંગ સ્ટેશનનું નેટવર્ક વિકસાવી રહી છે. ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીમાં થઈ રહેલા ઝડપી સુધારાઓથી ભવિષ્યમાં તેની બેટરીઓને નવા વર્ઝનથી બદલીને રેન્જ વધારવાની શક્યતાઓ છે. જોકે, મોટી સંખ્યામાં પેસેન્જરોને લાંબા અંતર સુધી સુરક્ષિત લઈ જવા માટે વર્તમાન બેટરીઓનું પર્યાપ્ત શક્તિશાળી કે હલકું હોવું હાલના તબક્કે અશક્ય લાગી રહ્યું છે.

પરંપરાગત ઈંધણ આધારિત વિમાનો ઉડાન દરમિયાન ઈંધણ વપરાવાને કારણે વજનમાં સતત હળવા થતા જાય છે, જ્યારે બેટરીનું વજન આખી ઉડાન દરમિયાન હંમેશા એકસરખું જ રહે છે. સાથે જ, આંતરરાષ્ટ્રીય હવાઈ નિયમો હેઠળ ખરાબ હવામાન કે રનવે ઉપલબ્ધ ન હોય ત્યારે વિમાનને ડાયવર્ટ કરવા માટે વધારાનું ઈંધણ સાથે રાખવું કાનૂની રીતે ફરજિયાત છે. આવી પરિસ્થિતિમાં જો કોઈ નાના પેસેન્જર વિમાનને પણ થોડા કલાકો સુધી ઉડાડવાનું હોય, તો તેની માટે જરૂરી બેટરીનું વજન એટલું બધું વધી જશે કે મુસાફરો કે તેમના સામાન માટે વિમાનમાં જરાય જગ્યા બચશે નહીં. સંપૂર્ણ ઈલેક્ટ્રિક વિમાનો માટે આ જ સૌથી મોટો વ્યવહારુ પડકાર સાબિત થઈ રહ્યો છે.

આવી ગંભીર પરિસ્થિતિમાં સમગ્ર એવિએશન ઉદ્યોગનું ધ્યાન હાઈબ્રિડ વિમાનો તરફ વળી રહ્યું છે. નિષ્ણાતો અને એવિએશન એક્સપર્ટ્સના મતે, સંપૂર્ણ ઈલેક્ટ્રિક પ્લેનની તુલનામાં હાઈબ્રિડ મોડલ કોમર્શિયલ એવિએશન ક્ષેત્ર માટે ખૂબ જ વ્યવહારુ અને ટકાઉ ઉકેલ છે. હાર્ટ એરોસ્પેસ અને જીઈ-નાસા જેવી દિગ્ગજ સંસ્થાઓ હવે ટર્બોપ્રોપ અને ઈલેક્ટ્રિક મોટરના સફળ સંયોજન પર ખૂબ જ ઝડપથી કામ કરી રહી છે, જેનાથી પ્રાદેશિક ઉડ્ડયન ક્ષેત્રે ઈંધણનો વપરાશ અને ફ્લાઈટનો સંચાલન ખર્ચ 40% જેટલો ઘટી શકે છે.

કેલિફોર્નિયા સ્થિત જાણીતી કંપની 'હાર્ટ એરોસ્પેસ' હાલમાં 30 સીટની ક્ષમતા ધરાવતું એક અત્યાધુનિક હાઈબ્રિડ વિમાન બનાવી રહી છે. આ વિમાન કેવળ બેટરી પાવર પર 200 કિમી અને હાઈબ્રિડ મોડમાં 800 કિમી સુધી સફળતાપૂર્વક ઉડી શકે છે. આ વિમાનમાં સિરીઝ હાઈબ્રિડ સેટઅપ ગોઠવવામાં આવ્યું છે, જ્યાં વિમાનના પ્રોપેલર હંમેશા ઈલેક્ટ્રિક મોટરથી જ ફરે છે અને જરૂર પડ્યે ગેસ ટર્બાઈન જનરેટર તરીકે સતત વીજળી પૂરી પાડે છે, જેનાથી વિમાનના વિમાની ઈંધણના વપરાશમાં 50% સુધીનો મોટો ઘટાડો થઈ શકે છે.

બીજી તરફ, નાસા અને જીઈ એરોસ્પેસે 'ફાર્નબોરો ઈન્ટરનેશનલ એર શો' દરમિયાન પોતાના હાઈબ્રિડ એન્જિન ધરાવતા 'સાબ 340બી' વિમાનનું સફળ ફ્લાઈટ પ્રદર્શન કર્યું હતું. તાજેતરમાં હાથ ધરવામાં આવેલા જટિલ પરીક્ષણો દરમિયાન, આ વિમાન 30,000 ફૂટથી પણ વધુની ઊંચાઈએ સફળ ઉડાન ભરનાર વિશ્વનું સૌથી પ્રથમ હાઈબ્રિડ ઈલેક્ટ્રિક-પાવર્ડ વિમાન બનીને ઈતિહાસ રચી ચૂક્યું છે. આ ઉપરાંત, વર્ટિકલ ટેક-ઓફ અને લેન્ડિંગ કરવાની ક્ષમતા ધરાવતા ઈલેક્ટ્રિક ક્રાફ્ટ હવે ભવિષ્યની એર ટેક્સી અને હેલિકોપ્ટરના શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ઝડપથી ઉભરી રહ્યા છે, અને 'વર્ટિકલ એરોસ્પેસ' જેવી અગ્રણી કંપનીઓએ તેમની ઉડાન રેન્જ વધારવા માટે હાઈબ્રિડ મોડેલ પર કામગીરી પૂરજોશમાં શરૂ કરી દીધી છે.

# ઓગસ્ટમાં Zepto સહિત એક ડઝનથી વધુ કંપનીનાં IPO આવશે, ₹25000 કરોડ ફંડ ભેગુ કરવાની તૈયારી

**નવી દિલ્હી, તા.27**

આવતાં મહિને એટલે કે ઓગસ્ટમાં IPO માર્કેટ ખૂબ જ ધમધમતું રહેશે. મેઈનબોર્ડ સેગમેન્ટમાં એક ડઝનથી વધુ કંપનીનાં IPO લોન્ચ થઈ શકે છે. આ લિસ્ટમાં Zepto, Truehome Finance અને Shiprocket જેવા નામો પણ સામેલ છે. આ કંપનીઓનાં IPO દ્વારા કુલ મળીને 25,000 કરોડ રૂપિયાથી વધુની રકમ એકત્ર થવાની અપેક્ષા છે.

મર્ચન્ટ બેન્કરોનાં મતે, નવા આવી રહેલા IPOમાં નવા શેર જાહેર કરવા ઉપરાંત હાલના શેરધારકો તરફથી ઓફર ફોર સેલ (OFS) પણ રહેશે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ અનુસાર, ઈક્વિરસ કેપિટલના મેનેજિંગ ડિરેક્ટર અને ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ હેડનું કહેવું છે કે બજારમાં સ્થિરતા અને રોકાણકારોની સારી ધારણાને કારણે તે કંપનીઓ પણ હવે આગળ વધી રહી છે, જે અગાઉ IPO યોજનાઓને ટાળી રહી હતી.

સમયાંતરે ઉતાર-ચઢાવ છતાં ભારતના IPO માર્કેટનો લાંબા ગાળાનો દૃષ્ટિકોણ મજબૂત રહ્યો છે. આ કેલેન્ડર વર્ષ એટલે કે વર્ષ 2026માં ભારત IPO દ્વારા લગભગ 20 અબજ અમેરિકી ડોલર એકત્ર કરશે. આવનારા IPOમાં ક્વિક કોમર્સ પ્લેટફોર્મ Zepto એક મુખ્ય નામ છે. કંપની તેના પબ્લિક ઈશ્યૂમાં નવા શેર જાહેર કરીને 8,010 કરોડ રૂપિયા સુધી એકત્ર કરવાની યોજના બનાવી રહી છે.




આ ઉપરાંત 11.34 કરોડ ઈક્વિટી શેરનો OFS પણ રહેશે. હાઉસિંગ ફાઈનાન્સ કંપની Truehome Finance IPO દ્વારા 3,000 કરોડ રૂપિયા એકત્ર કરવાનો છે. તેમાં 1,500 કરોડ રૂપિયા સુધીના નવા શેર જાહેર થશે. સાથે જ તેટલા જ રૂપિયાના શેરનો OFS થશે. Elevate Campuses 2,550 કરોડ રૂપિયાનો IPO લાવી રહી છે. તેમાં ફક્ત નવા શેર જાહેર થશે.

શિપરોકેટ 2,342.35 કરોડ રૂપિયાનો IPO લાવવાની તૈયારીમાં છે. તેમાં 1,100 કરોડ રૂપિયાના નવા શેર જાહેર થશે. સાથે જ 1,242.35 કરોડ રૂપિયાનો OFS હશે. કંપની એક ફુલ-સ્ટેક ઈ-કોમર્સ ઈનેબલર છે. તેનો અર્થ એ થયો કે એક એવી કંપની કે પ્લેટફોર્મ જે કોઈ બિઝનેસને ઓનલાઈન લઈ જવા, ચલાવવા અને વધારવા માટે શરૂઆતથી અંત સુધીની તમામ સેવાઓ અને ટેકનિકલ સોલ્યુશન્સ પૂરા પાડે છે.

અન્ય કંપનીઓની વાત કરીએ તો, ઈનોવેટિવવ્યુ ઈન્ડિયા 2,000 કરોડ રૂપિયા સુધીનો IPO લાવવા માંગે છે. આ સંપૂર્ણપણે OFS હશે. મિલ્કી મિસ્ટ ડેરી ફૂડનો 1,553 કરોડ રૂપિયાનો IPO લાઈનમાં છે. આ ઉપરાંત, ધૂત ટ્રાન્સમિશન, ARCIL (એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની ઈન્ડિયા લિમિટેડ), ગજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટ, શંકેશ જ્વેલર્સ, રેઝ ઓફ બિલીફ, અર્ડી ઈન્ડસ્ટ્રીઝ, હાઈ-ટેક એન્જિનિયર્સ અને લર્નફ્લુએન્સ એજ્યુકેશન પણ કેપિટલ માર્કેટમાં પ્રવેશવાની યોજના બનાવી રહી છે. નિષ્ણાતોનું માનવું છે કે કંપનીઓની વધતી IPO પ્રવૃત્તિઓ રોકાણકારોના વિશ્વાસ અને મજબૂત માગને દર્શાવે છે. આ વર્ષે અત્યાર સુધી મેઈનબોર્ડ સેગમેન્ટમાં 36 કંપનીઓ IPO લાવી ચૂકી છે, જેમાંથી 9 કંપનીઓ જુલાઈ મહિનામાં લિસ્ટ થઈ. આવનારા સપ્તાહમાં મણિપાલ હેલ્થ એન્ટરપ્રાઈઝિસનો પબ્લિક ઈશ્યૂ 29 જુલાઈએ ખુલી રહ્યો છે.



SG હાઈવે-ચાણક્યપુરીમાં કમર સુધીના પાણી, સ્ટર્લિંગ સિટીના રહીશોની ફરી ઊંઘ હરામ થઈ

# માત્ર એક કલાકમાં બે ઇંચ વરસાદથી રસ્તાઓ બેટમાં ફેરવાયા

**અમદાવાદ, તા.27**

અમદાવાદ શહેરમાં મોડીરાતથી શરૂ થયેલા ગાજવીજ સાથેના ધોધમાર વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. માત્ર એક કલાકમાં સાયન્સ સિટી અને થલતેજમાં 2 ઈંચ, જ્યારે પશ્ચિમના વિસ્તારોમાં 1 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના પગલે એસજી હાઈવે, થલતેજ, ચાણક્યપુરી અને હેલ્મેટ સર્કલ સહિતના રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો છે.

શહેરમાં વહેલી સવારે વરસાદી માહોલ જામ્યો હતો. જેમાં સાયન્સ સિટી અને થલતેજ વિસ્તારમાં 2 ઈંચ, જ્યારે વસ્ત્રાપુર, બોડકદેવ, મેમનગર, ઘાટલોડિયા અને ચાંદલોડિયામાં 1 ઈંચ વરસાદ પડ્યો હતો. આ સિવાય બોપલ, સરખેજ, આશ્રમરોડ, શાહપુર, રાણીપ અને અસારવા સહિતના વિસ્તારોમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે.

મોડી રાતથી જ વરસેલા વરસાદથી એસજી હાઈવેના સર્વિસ રોડ અને પેલેડિયમથી મેટ્રો સ્ટેશન તરફ જતા માર્ગો પર વાહનોના અડધાથી વધુ ટાયર ડૂબી જાય તેટલા પાણી ભરાયા છે. ચાણક્યપુરી વિસ્તાર બેટમાં ફેરવાતાં કમર સમા પાણીમાંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે. આ ઉપરાંત સમરસ હોસ્ટેલના ગેટ પાસે અને આર્યન બંગલોઝ નજીક પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.

## સોસાયટીઓમાં પાણી ઘૂસતા રહીશોની ઊંઘ હરામ થઈ



માત્ર પોણા કલાકના વરસાદમાં જ સ્ટર્લિંગ સિટી (સેક્ટર A અને B)ની સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં સ્થાનિકોએ વાહનો અન્યત્ર પાર્ક કરવા પડ્યા હતા. લોકોએ ઘરોમાં પાણી ઘૂસી જવાની દહેશતથી ફર્નિચર અને કબાટના નીચેના ખાના ખાલી કર્યા હતા. ભારે વરસાદના પગલે એસજી હાઈવે, થલતેજ, ચાણક્યપુરી અને હેલ્મેટ સર્કલ સહિતના રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો છે.

## આસ્ટોડિયામાં મકાન ધરાશાયી, પકવાન પાસે વૃક્ષ પડ્યું



અમદાવાદના ઢાળની પોળ વિસ્તારમાં ઉપલી શેરીમાં મકાન ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. મકાન ધરાશાયી થયા બાદ મધ્ય ઝોન એસ્ટેટ વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સુરક્ષાના ભાગરૂપે વિસ્તારને કોર્ડન કરી ભયજનક બનેલા મકાનના બાકી રહેલા ભાગને ઉતારવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. આ ઘટનામાં મકાનની નજીક પાર્ક કરાયેલા કેટલાક વાહનોને પણ નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. હાલ તંત્ર દ્વારા સ્થળ પર જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# અમદાવાદમાં આવાસના મકાન ભાડે આપશો તો ઘર જપ્ત થશે

■ પહેલીવાર ઝડપાયા તો 50 હજાર દંડ અને 90 દિવસ સીલ, બીજીવારમાં 1 લાખ દંડ, ત્રીજીવારમાં દસ્તાવેજ રદ કરાશે

**અમદાવાદ, તા.27**

અમદાવાદ શહેરમાં LIG(લો ઈન્કમ ગ્રુપ) અને EWS(ઈકોનોમિકર વીક સેક્શન) આવાસ યોજના મકાનો 7 વર્ષ સુધી ભાડે આપી શકાતા નથી. તેમ છતાં પણ જો મકાન માલિકો દ્વારા મકાનો ભાડે આપ્યા હોય તો હવે મકાન 90 દિવસ સુધી સીલ કરી દેવાશે અને ઓછામાં ઓછામાં રૂ. 50 હજાર દંડ વસૂલ કરવામાં આવશે. જો 90 દિવસ બાદ ફરીથી ભાડે આપેલું પકડાશે તો 1 લાખ દંડ કરવામાં આવશે અને ત્રીજી વખત પકડાશે તો સીટી સિવિલ કોર્ટમાં દસ્તાવેજ રદ કરાવવામાં આવશે.



આ અંગે હાઉસિંગ કમિટીના ચેરમેન દર્શન શાહે જણાવ્યું હતું કે અમદાવાદમાં EWS અને LIG પ્રકારના મકાનો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવી ડ્રો મારફતે લાભાર્થીઓને ફાળવવામાં આવે છે. 7 વર્ષ સુધી મકાનો ભાડે આપી શકાતા ન હોવા છતાં કેટલાંક લાભાર્થી મકાનો ભાડે આપી દેતા હોય છે. જેથી ખરેખર લાભાર્થીને બદલે બીજા લોકો રહેતા હોય છે. જેના પગલે 27 જુલાઈના રોજ મળેલી હાઉસિંગ કમિટીમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

13 જુલાઈ, 2026ના રોજ AMC દ્વારા ફાળવવામાં આવેલા આવાસોમાં ગેરકાયદેસર કબજો જમાવનારાઓ સામે AMCના ઈતિહાસમાં પ્રથમ વખત ગેરકાયદેસર કબજો કરનાર વ્યક્તિ વિરુદ્ધ સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ઓક્ટોબર 2025માં જરુરિયાતમંદ લોકો માટે 10 હજારથી વધુ ફ્લેટ બનાવવાનો નિર્ણય કર્યો હતો. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં આર્થિક રીતે નબળા વર્ગ(EWS)ના લોકો માટે પ્રતિ મકાન 7 લાખ, LIG (લો ઈન્કમ ગ્રુપ) પ્રકારના 2BHK મકાન રૂ. 28થી 30 લાખમાં મળશે. જ્યાં મોટા પ્રમાણમાં વિસ્તાર અને જર્જરીત મકાનો થઈ ગયા હોય ત્યાં રીડેવલોપમેન્ટ કરવામાં આવશે.

# બાપુનગરમાં ડીમાર્ટ પાસે AMTS બસમાં આગ લાગી

■ મુસાફરોમાં અફરાતફરી મચી, વાયરિંગમાં શોર્ટસર્કિટથી બસ સળગી, આગ પર કાબૂ મેળવાયો

**અમદાવાદ, તા.27**

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં અનુપમ કોલોની પાસે ડીમાર્ટ પાસે આજે 27 જુલાઈએ વહેલી સવારે AMTS બસમાં આગ લાગવાની ઘટના બની હતી. એન્જિનના આગળના ભાગે શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. જેના પગલે તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી.



બસમાં રહેલા તમામ મુસાફરોને ડ્રાઈવરે નીચે ઉતારી દીધા હતા. ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લઈ લીધી હતી.

મળતી માહિતી મુજબ શહેરના બાપુનગર ડી માર્ટ પાસે સવારે 7 વાગ્યાની આસપાસ 300 નંબરની સર્ક્યુલર રૂટની બસ પસાર થતી હતી. તે દરમિયાનમાં અચાનક જ આગળના ભાગે એન્જિનમાં શોર્ટ સર્કિટ થયું હતું અને ધુમાડા નીકળ્યા હતા. જેથી ડ્રાઈવરે બસ ઉભી રાખી દીધી હતી અને તાત્કાલિક ધોરણે તમામ મુસાફરોને નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. મુસાફરો અને ડ્રાઈવર સહિતના લોકો નીચે ઉતરી ગયા હતા. ડ્રાઈવર દ્વારા ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડની બે ગાડીઓ સ્થળ ઉપર પહોંચી હતી.

ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાની શરૂઆત કરી હતી. એન્જિનમાં બસના આગળના ભાગે આગ લાગેલી હતી. જેને ફાયર બ્રિગેડે બુજાવી દીધી હતી. રોડ ઉપર બસમાં આગ લાગવાની ઘટના બનતા ટ્રાફિક પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને પોલીસે ટ્રાફિક જામની સ્થિતિને અટકાવી હતી. ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

# થાંભલા સાથે અથડાઈને એક્ટિવા 50 ફૂટ ફંગોળાયું, અમદાવાદમાં માતાની ઓફિસથી પરત ફરતા કાવ્ય મહેતાનું મોત

**અમદાવાદ, તા.27**

અમદાવાદ શહેરમાં રિવરફ્રન્ટ પર અક્સ્માતના ભયાનક CCTV સામે આવ્યા છે. જેમાં પૂરપાટ ઝડપે જતા મોપેડ સવાર સગીર વયના ભાઈ-બહેન સ્ટ્રીટ લાઈટના થાંભલા સાથે અથડાયા હતા. જે બાદ નીચે પટકાયા હતા. આ ઘટનામાં ભાઈનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. જ્યારે બહેન ઈજાગ્રસ્ત થઈ છે. અકસ્માત એટલો ભયાનક હતો કે ભાઈ-બહેન નીચે પટકાયા બાદ મોપેડ 50 ફૂટ દૂર જઈને પડ્યું હતું. પાલડી વિસ્તારમાં શાંતિવનમાં રહેતા બે સગીર વયના ભાઈ-બહેન આજે 27 જુલાઈના બપોરના સમયે મોપેડ પર પોતાના માતાની ઓફિસ નવરંગપુરા ખાતે ગયા હતા. જે બાદ નવરંગપુરા રિવરફ્રન્ટ થઈને પરત આવી રહ્યા હતા. આ દરમિયાન પૂરઝડપે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનથી 50 મીટર દૂર મોપેડ પૂર ઝડપે સ્ટ્રીટ



લાઈટના થાંભલા સાથે અથડાયું હતું. મોપેડ અથડાતા ભાઈ-બહેન નીચે પટકાયા હતા. અકસ્માતમાં કાવ્ય નિષિધભાઈ મહેતા નામના 17 વર્ષના સગીરનું માથામાં ગંભીર ઈજાના કારણે સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે પાછળ બેઠેલી 14 વર્ષની સગીરા જૈના નિષિધ મહેતાને ગંભીર ઈજા પહોંચી છે. જૈનાને સારવાર માટે SVP હોસ્પિટલ ખસેડવામાં આવી છે. મૃતક સગીરનો મૃતદેહ પીએમ માટે મોકલવામાં આવ્યો છે. બનાવ અંગે પરિવારને જાણ કરી એમ ડિવિઝન ટ્રાફિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત યુનિવર્સિટીમાં મોટાપાયે ગેરરીતિનો દાવો! માનીતા લોકોને બેસાડી માસિક 5 લાખ પગાર ચૂકવાયો, ABVPનું અલ્ટીમેટમ

**અમદાવાદ, તા.27**

ગુજરાત યુનિવર્સિટીમાં નિયમોને નેવે મૂકીને થયેલી ગેરકાયદે ભરતીઓ અને નાણાકીય ઉચાપત મામલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ(ABVP) દ્વારા સત્તાધીશોને 24 કલાકનું આકરું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. UGCની માર્ગદર્શિકાનું સરેઆમ ઉલ્લંઘન કરી યુનિવર્સિટી એન્જિનિયર, ચીફ એકાઉન્ટન્ટ, ફાયર-લીગલ ઑફિસર તેમજ વિવિધ સેન્ટરોના ડિરેક્ટરોની નિમણૂકમાં મોટાપાયે ગેરરીતિ થઈ હોવાનો દાવો કરાયો છે. ABVPએ વહીવટીતંત્ર સમક્ષ ઉગ્ર વિરોધ નોંધાવતા ગેરરીતિ આચરનારાઓ સામે કડક પગલાં લેવા, ખોટી રીતે ચૂકવાયેલા નાણાંની તાત્કાલિક વસૂલાત કરવા અને સમગ્ર કૌભાંડની ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માગ આક્રોશ સાથે વ્યક્ત કરી છે. જો યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો કેમ્પસમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. વિદ્યાર્થીઓની ફી અને સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ કરીને GUSEC-AIC અને CPC જેવા સેન્ટરોમાં કોઈપણ પ્રકારની જાહેરાત કે ઈન્ટરવ્યૂ વિના જ માનીતા લોકોને બેસાડી દેવાયા છે.



આશ્ચર્યજનક રીતે આ હોદ્દેદારોને મુખ્યમંત્રી કે કલેક્ટર કરતાં પણ વધુ, એટલે કે માસિક 5 લાખ જેટલો જંગી પગાર ચૂકવાઈ રહ્યો છે. વધુમાં, યોગ્ય શૈક્ષણિક લાયકાત ન ધરાવતા SBIના એક નિવૃત્ત કર્મચારીને બે વિભાગોનો ચાર્જ આપીને બેવડો પગાર આપવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં, પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ હેઠળ ચાલતા પ્રોજેક્ટ્સની સરકારી ગ્રાન્ટ યુનિવર્સિટીના સત્તાવાર ખાતાને બદલે પૂર્વ વાઈસ ચાન્સલરના અંગત બૅંક એકાઉન્ટમાં જમા થઈ રહી હોવાની ગંભીર બાબત પણ સામે આવી છે, જેમાં કાર્યકાળ પૂર્ણ થયા બાદ પણ પૂર્વ અધિકારીઓ પ્રોજેક્ટના વડા તરીકે યથાવત્ છે. વિદ્યાર્થી સંગઠનના આ આક્રોશ અને રજૂઆતો બાદ ગુજરાત યુનિવર્સિટીના પ્રભારી વાઈસ ચાન્સલર જગદીશ જોશીએ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસની ખાતરી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ABVP દ્વારા ભરતી પ્રક્રિયા, મનસ્વી પગાર ધોરણ અને નાણાકીય અનિયમિતતા અંગે કરાયેલા તમામ આક્ષેપોને વહીવટીતંત્રએ અત્યંત ગંભીરતાથી લીધા છે. ખાસ કરીને પૂર્વ કુલપતિના બૅંક ખાતા અને નિવૃત્તિ બાદ પણ તેઓ પ્રોજેક્ટમાં સક્રિય હોવાના દાવા અંગે સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું કે, સામાન્ય રીતે નિવૃત્તિ બાદ કોઈ પૂર્વ વીસી હોદ્દા પર રહેતા નથી, તેમ છતાં નિયમોને આધીન આ સમગ્ર પ્રકરણની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. જો તેમાં કોઈપણ પ્રકારની અનિયમિતતા સાબિત થશે, તો જવાબદારો સામે ચોક્કસપણે કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. મામલો સામે આવ્યા બાદ ગુજરાત યુનિવર્સિટીના તંત્ર સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે કે જાહેરાત કે ઈન્ટરવ્યૂ વગર જ મહત્ત્વના હોદ્દાઓ લહાણીની જેમ વહેંચી દેવા પાછળ કયા મોટા માથાંઓની મિલીભગત છે? સૌથી ચોંકાવનારી બાબત એ છે કે પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમની સરકારી ગ્રાન્ટ યુનિવર્સિટીના સત્તાવાર ખાતાને બદલે પૂર્વ વાઈસ ચાન્સલરના અંગત બૅંક એકાઉન્ટમાં કેમ જમા થતી રહી અને નિવૃત્તિ પછી પણ તેઓ કયા આધારે પ્રોજેક્ટના વડા બની રહ્યા? સૌથી મોટો પ્રશ્ન એ છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

